પુષ્ટિ સ્વાધ્યાય

જાત સાથે વાત- એક આધ્યાત્મિક સંવાદ



-ડો. જયેન્દ્ર સોની

પુષ્ટિ સ્વાધ્યાય

(જાત સાથે વાત- એક આધ્યાત્મિક સંવાદ)

આલેખક

ડો. જયેન્દ્ર સોની

એમ.એ., એડ.ડીપ્લોમા-વલ્લભ વેદાંત, એમ.એ. (ફીલોસોફી) પીએચ.ડી.

પ્રકાશક

શ્રીવલ્લભ પ્રકાશન

વલ્લભાશ્રય, ૧૦ બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૯, મો. ૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

પુષ્ટિ સ્વાધ્યાય

(જાત સાથે વાત- એક આધ્યાત્મિક સંવાદ)

આલેખક : **ડૉ. જયેન્દ્ર સોની**
(એમ.એ., એડ. ડીપ્લોમા-વ.વેદાંત, પીએચ.ડી.)
મો. : +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮

પ્રકાશક : **શ્રીવલ્લભ પ્રકાશન**
(શ્રીમતિ કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ)



પ્રકાશન સહયોગ : ૧૦૦/-

પ્રાપ્તિસ્થાન : **'વલ્લભાશ્રય'**
૧૦, બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ. વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૯,
મો. : +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

મુદ્રક : **ખુશી મલ્ટી પ્રિન્ટ્સ,**
એ/૬૦૮, જોયોસ હબટાઉન,
એસ.ટી. બસ ટર્મિનલ પાસે,
ગીતા મંદિર ચાર રસ્તા, અમદાવાદ.
ફોન : ૦૯૨૨૭૫૦૪૫૫૫

પાક્-કથન

એક સમયે મારા બગીચાના હીંચકા પર હીંડોલા ખાતા મન વિચારે ચઢ્યું. સહસા એક પ્રશ્ન મનમાં ઉઠ્યો.

'હું વાસ્તવમાં શું છું? આ જીવનનું પ્રયોજન શું છે?'

ઘણા સમય સુધી મન આ પ્રશ્નોને વાગોળતું રહ્યું. થોડા સમયે હૃદયની ભીતરથી પડઘો પડ્યો-**'તું કોણ?'**

કોણ બોલી રહ્યું છે? કાંઈ સમજાયું નહીં!

જેમ જેમ મનમાં પ્રશ્ન ઘોળાતો રહ્યો, અંદરથી કોઈ પ્રતિસાદ આપતું રહ્યું. મારું **'આત્મચિંતન'** ક્યારે **'સંવાદ'** બની ગયો તે ખબર જ ન પડી! જાણે મારા મનના પ્રશ્નોનો મારો **'માંહ્યલો'** - અંદર બેઠેલો **'અંતર્યામી'** ઉત્તર આપી રહ્યો હતો.

સાંભળ્યું છે - આપણી ભીતર કોઈ **'પરમાત્મ તત્ત્વ'** બિરાજે છે.

જેમ જેમ મારું આત્મચિંતન આગળ વધતું ગતું, ભીતરમાંથી ખુલાસા મળવા માંડ્યા. એકનો ખુલાસો મળે, તેમાંથી બીજો પ્રશ્ન ઊભો થાય! મારાં વિવિધ ગ્રંથોના વાંચન અને સ્મૃતિ દ્વારા સવાલના જવાબ મળતા ગયા. પછી તો હીંચકા પર બેસી રોજ આત્મચિંતન થવા માંડ્યું.

તેમાંથી મારા **'પુષ્ટિ સ્વાધ્યાય'**ની શૃંખલા આગળ વધતી ગઈ. એક સાંકળની માફક એક પછી એક વિષયો જોડાતા ગયા.

લગભગ ત્રણેક માસના મારા આ સ્વાધ્યાયને મેં લીપિબધ્ધ કર્યા છે, જેને હું બહુજન હિતાય પ્રકાશિત કરી રહ્યો છું. ઘણાને આવું ચિંતન થતું હશે.

પુષ્ટિમાર્ગના સમર્થ ગુરુ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના વિભિન્ન ગ્રંથોની વાણી મારા આ ચિંતનનું પ્રેરક બળ છે.

આશા છે પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોને સરળતાથી સમજવા અનેકને મારો આ **'સ્વાધ્યાય'** માર્ગદર્શક બનશે.

-ડો. જયેન્દ્ર સોની

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પેજ નં.
૧.	સ્વની ઓળખ	૦૫
૨.	પ્રમાણ-જ્ઞાન પ્રાપ્તિનું સાધન	૦૭
૩.	શાસ્ત્ર પ્રમાણ	૦૯
૪.	ભગવાન કોણ	૧૧
૫.	ભગવાનનાં અસ્તિત્વનું પ્રમાણ	૧૭
૬.	ગુરુની આવશ્યકતા	૨૨
૭.	ગુરુ કોને કરવા જોઈએ	૨૪
૮.	શુદ્ધાદ્વૈત વિચારધારા	૩૦
૯.	બ્રહ્મ-પરમાત્મા-ભગવાન	૩૬
૧૦.	પરમ તત્ત્વ-શ્રીકૃષ્ણ	૪૦
૧૧.	સચ્ચિદાનંદ બ્રહ્મ	૪૪
૧૨.	કાર્ય-કારણ સંબંધ	૫૦
૧૩.	અક્ષર બ્રહ્મ	૫૪
૧૪.	કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરુષ	૫૭
૧૫.	જગતની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ	૬૩
૧૬.	જીવાત્માનું સ્વરૂપ	૬૮
૧૭.	અંતર્યામી	૭૨
૧૮.	અવિદ્યા-વિદ્યા શક્તિ	૭૩
૧૯.	માયા	૮૦
૨૦.	સંસાર	૮૩
૨૧.	વિષય અને વિષયતા	૮૪
૨૨.	સૃષ્ટિ સર્જનનું પ્રયોજન	૮૬
૨૩.	જીવાત્માના પ્રકાર	૮૭
૨૪.	બંધન અને મોક્ષ	૯૦
૨૫.	મુક્તિના માર્ગો	૯૪
૨૬.	કર્મમાર્ગ-જ્ઞાનમાર્ગ	૯૬
૨૭.	ભક્તિમાર્ગ	૧૦૦
૨૮.	ભક્તિ	૧૦૧
૨૯.	પુષ્ટિ ભક્તિ	૧૦૩
૩૦.	પુષ્ટિમાર્ગ	૧૦૪
૩૧.	શરણાગતિ	૧૦૬
૩૨.	સમર્પણ	૧૦૮
૩૩.	બ્રહ્મસંબંધ દીક્ષા	૧૧૧
૩૪.	સેવા	૧૧૪
૩૫.	સર્વાત્મભાવ	૧૧૯
૩૬.	નિરોધ	૧૨૦
૩૭.	પુષ્ટિ ફલ	૧૨૧
૩૮.	અનન્યતા-અન્યાશ્રય	૧૨૩
૩૯.	પુષ્ટિ-સત્સંગ	૧૨૫
૪૦.	પુષ્ટિ જીવન	૧૨૬

૧. સ્વની ઓળખ

‘તમે કોણ?’

‘મારું નામ ગોપાલ.’

‘નામ નથી પુછ્યું, પુછું છું - તમે કોણ?’

‘કહ્યુંને - ગોપાલ.’

‘ગોપાલ તો ભગવાન કૃષ્ણનું નામ છે, તમે ‘‘**કૃષ્ણ**’’ છો?’

‘ના, મારા માતા-પિતાએ મને ‘‘**ગોપાલ**’’ નામ આપ્યું છે, તેથી આ નામથી હું ઓળખાવું છું.’

‘ઓહ! તમને ઓળખવા માટેનું નામ ગોપાલ છે, પણ ખરેખર તમે કોણ?’

હું મુંઝાયો! કહી દીધું - ‘હું એક પ્રાણી છું’.

‘પરંતુ પશુઓ પણ પ્રાણી જ કહેવાય છે ને!’

‘સાચું છે, મારામાં પ્રાણ છે તેમ પશુઓમાં પણ પ્રાણ હોય છે, તેથી પરંતુ હું પશુ નથી નથી, માણસ છું.’

‘તો તમારા અને પશુમાં ભેદ શું?’

‘મનુષ્ય વિચારશીલ પ્રાણી છે. તે પોતાના સારાખોટાનો વિચાર

કરી શકે છે, પોતાનું હિત વિચારી શકે છે. પશુને તેવું ભાન હોતું નથી.'

'ધારો કે કોઈ પથ્થરને પણ ''ગોપાલ'' નામથી ઓળખવામાં આવે તો તમે અને પથ્થર બન્ને સરખાને?'

'કેવી વાત કરો છો? મારામાં ચૈતન્ય છે, પથ્થર તો જડ છે!'

'ઓહ! પરંતુ તમારો દેહ તો જડ છે, તો તમારું ચૈતન્ય ક્યાં છે?'

'મારા દેહમાં એક ''**આત્મા**'' રહેલો છે તેમ સાંભળ્યું છે. તે આત્મા ચૈતન્ય છે.'

'તો પછી ''ગોપાલ'' કોણ? તમારો દેહ કે તમારો આત્મા?'

હું ગૂંચવાઈ ગયો!

'સારું, એક બીજી વાત, જાણતા હશો કે પ્રાણીમાત્રનું ક્યારેક મૃત્યુ નિશ્ચિત થાય છે, ખરુંને? કોઈ અમર નથી હોતું. ક્યારેક ગોપાલ પણ મરણ પામશે જ! તો તે તેના દેહનું મૃત્યુ હશે કે તેના આત્માનું?'

'હું ફરીથી મૂંઝવણ અનુભવી રહ્યો! વિચારવા લાગ્યો.'

'સાંભળ્યું હશે - શાસ્ત્ર કહે છે કે ''**આત્મા અમર છે.**'' તેનો જન્મ નથી કે નથી મૃત્યુ. તેનો અર્થ એ થાય કે ગોપાલનું મૃત્યુ થશે ત્યારે તે તેના આત્માનું મૃત્યુ ન હોઈ શકે! એટલે તેના આત્માનું નામ ગોપાલ નથી! બરાબર ને?'

'અને મૃત્યુ થતાં દેહનો નાશ થાય છે. તો ગોપાલ તમારા દેહની ઓળખ છે. તો પછી તમે કોણ?'

મારું મગજ ચકરાવા માંડ્યું! હું મારી જાતને નથી ઓળખતો!

યાદ આવ્યું - ગ્રીક તત્ત્વવેત્તા સોક્રેટીસનું વાક્ય- "Know thayself"- **તારી જાતને ઓળખ!**

'પણ કેવી રીતે? મનમાં પ્રશ્ન ઘોળાવા લાગ્યો!'

'વારુ, વિચારીને પછી કહેજો.'

૨. ''પ્રમાણ - જ્ઞાન પ્રાપ્તિનું સાધન''

'જુઓ, આ મારા હાથમાં શું છે ?'

'મોબાઈલ.'

'કેવી રીતે ખબર પડી ?'

'પહેલવહેલા જ્યારે તેને જોયેલો, ત્યારથી ખબર પડી ગયેલી કે આને મોબાઈલ કહેવાય.'

'સરસ, લો આ સુંઘો. શેની સુગંધ આવે છે ?'

'ગુલાબની.'

'કેમ જાણ્યું ?'

'નાકથી સુંઘીએ એકવાર, એટલે સમજાઈ જાય !'

'આ કીર્તન સંભળાય છે ? કહેશો કયો રાગ છે ?'

'માલકોષ' એ તો સાંભળવાથી ખબર પડી જાય !'

'શું જાણો છે કે આ બધું જ્ઞાન તમને કેવી રીતે થયું ?'

'પ્રત્યક્ષ અનુભવથી જ તો આ જ્ઞાન થાય છે.'

'બિલકુલ સાચું. આને **''પ્રત્યક્ષ પ્રમાણ''** કહેવાય, જેના દ્વારા આપણી ઈન્દ્રિયોના અનુભવથી કોઈ ભૌતિક/લૌકિક વસ્તુ કે બાબતનું જ્ઞાન થાય.'

'બરાબર, હવે સમજાયું.'

'ઠીક, હવે કહો કે તમારા પરદાદાને ઓળખો છો ?'

'હા.'

'તમે તેમને જોયા છે ?'

'કેવી વાત કરો છો ?, તેઓ મૃત્યુ પામ્યા ત્યારે મારો જન્મ પણ થયો ન હતો !'

'ઓહ, તો પછી કેવી રીતે તમને એમની ઓળખાણ થઈ ?'

'કેમ વળી, મારા પિતાજીએ તેમનો ફોટો બતાવી કહેલું કે "આ તારા પરદાદા છે", એટલે તેમને ઓળખી ગયો !'

'પિતાએ કહ્યું એટલે.'

'તો તમે માની લીધું ?'

'કેમ ન માનું ? પિતાજી કાંઈ ખોટું બોલે ?'

'એટલે પિતાજીના શબ્દોમાં તમને વિશ્વાસ છે ?'

'હોય જ ને! પિતાજી હંમેશાં સાચું જ બોલે છે. તેમને ખોટું કહેવાનું કાંઈ કારણ ન હોય, તેવી મારી શ્રધ્ધા છે.'

'સરસ, આ સામે ભીંત પર કોના ચિત્રજી છે ?'

'કેમ, નથી ઓળખતા તમે ? શ્રીનાથજીના ચિત્રજી છે.'

'કેવી રીતે ખબર પડી કે તેમને "શ્રીનાથજી" કહેવાય ?"

'નાનપણથી જ મારી માતાએ બતાવેલું કે આ "શ્રીજીબાવા" છે.'

'ઓહ, એટલે તમારી માતાની વાતમાં પણ વિશ્વાસ રાખો છો ?'

'કેવા પ્રશ્ન કરો છો ? માતા-પિતા ક્યારેય ખોટું ન કહે !'

'આનો અર્થ એ થયો કે જે વસ્તુને આપણે પ્રત્યક્ષ જોઈ કે અનુભવી ન શકીએ, છતાં માતા-પિતા જેવી સાચી વ્યક્તિ, જેને **"આપ્તજન"** કહેવાય, તેમના વચનના આધારે પણ આપણને તે વસ્તુનું સાચું જ્ઞાન થઈ શકે છે. કેમ બરાબરને ?'

'બિલકુલ, જેમનામાં "શ્રધ્ધા" હોય, તેમના વચન સાચા જ માની શકાય !'

'સાચું કહ્યું, તેવા વિશ્વસનીય વચનના આધારે આપણને સાચું જ્ઞાન મળી શકે છે તેને **"શબ્દ પ્રમાણ"** કહેવાય છે.

'તમારી વાત થોડી થોડી સમજમાં આવે છે. હવે સમજાય છે કે મારા પરદાદાની ઓળખ મને કેવી રીતે થઈ ! શબ્દ પ્રમાણથી.'

૩. ''શાસ્ત્ર પ્રમાણ''

'જો તમને માતા-પિતાની વાણીમાં આટલી શ્રધ્ધા હોય તો **''વેદ''**ની વાણીમાં વિશ્વાસ રાખો કે નહીં?'

'વેદનું નામ તો સાંભળ્યું છે, પરંતુ પહેલા એ બતાવો કે તે છે કોણ? શું કોઈ વ્યક્તિનું નામ છે?'

'ના, તે કોઈ વ્યક્તિ નથી, આપણા શાસ્ત્રનું નામ ''વેદ'' છે.'

''શાસ્ત્ર'' એટલે?'

'જે આપણા પર શાસન કરે, અંકુશ રાખે, તેને ''શાસ્ત્ર'' કહેવાય. માણસે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, તે શિખવાડે, તેને **''ધર્મશાસ્ત્ર''** કહેવાય. જે અધ્યાત્મનું જ્ઞાન આપે, ''ઈશ્વર'' વગેરેની સમજ આપે તેને **''અધ્યાત્મ શાસ્ત્ર''** કહેવાય. ''વેદ'' એક એવો ગ્રંથ છે, જેમાં આત્મા-પરમાત્મા ઈત્યાદિ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. તેમાં એવી અનેક ગહન બાબતોનું જ્ઞાન સમાહિત છે.'

'વેદની રચના કોણે કરી છે? કોણે લખ્યું છે આ શાસ્ત્ર?'

'જેમ બીજા ધર્મોના ધર્મગ્રંથો રચાયા છે તેમ ''વેદ''ની રચના કોઈ મનુષ્યે કરી નથી, તે આપણા પ્રાચીન ઋષિ-મુનિઓએ સમાધિમાં-ધ્યાન અવસ્થામાં શ્રવણ કરેલી વાણી છે. તેથી વેદ **''અપૌરુષેય''** કહેવાય છે. તે સ્વયં ભગવાનની વાણી છે.'

'પરંતુ તે અલગ અલગ ઋષિઓએ શ્રવણ કરેલી વાણી ''વેદ'' રૂપે અસ્તિત્વમાં કેવી રીતે આવી?'

'ભગવાનના જ્ઞાનના અવતાર **''વેદ વ્યાસજી''** એ જુદા જુદા ઋષિઓ પાસેથી તે સમગ્ર જ્ઞાનને એકત્રિત કરી, તેને જુદા જુદા ચાર વેદ રૂપે સંકલિત કર્યા છે. તે છે - (૧) **ઋગ્વેદ**, (૨) **યજુર્વેદ**, (૩)

સામવેદ અને (૪) **અથર્વવેદ.**’

‘શું તે આખો સળંગ ગ્રંથ છે ?’

‘ના, પ્રત્યેક વેદના ચાર વિભાગ છે. - ૧. **મંત્ર** અથવા **સંહિતા**, ૨. **બ્રાહ્મણ**, ૩. **આરણ્યક** અને ૪. **ઉપનિષદ.**

‘આ વિભાગોનું તાત્પર્ય શું છે ?’

‘પ્રથમ બે વિભાગને સાથે ‘‘**પૂર્વકાંડ**’’ અથવા ‘‘**કર્મકાંડ**’’ કહેવાય છે. તેમાં વિવિધ પ્રકારના યજ્ઞો વિશે માહિતી આપવામાં આવી છે. પછીના બે વિભાગને ‘‘**ઉત્તરકાંડ**’’ અથવા ‘‘**જ્ઞાનકાંડ**’’ કહેવાય છે. તેમાં જીવ, જગત, ભગવાનના સ્વરૂપ ઈત્યાદિ જ્ઞાનની અનેક બાબતોની ચર્ચા કરવામાં આવી છે. ‘‘ઉપનિષદો’’ જ્ઞાનનો ભંડાર છે. તેને ‘‘**શ્રુતિ**’’ પણ કહેવાય છે, કારણ કે તે ૠષિઓએ શ્રવણ કરેલી વાણી છે.’

‘તો ‘‘**વેદાંત**’’ શું છે ? આ શબ્દ પણ સાંભળ્યો છે.’

‘‘ઉપનિષદ’’ વેદનો અંતિમ વિભાગ હોવાથી વેદનો અંત, અર્થાત્ ‘‘વેદાંત’’ પણ કહેવાય છે. તેને વેદનો સાર પણ કહી શકાય. ઉપનિષદ વિશાળ ગ્રંથ છે. ૧૦૮ કે વધુ ઉપનિષદો હોવાનું કહેવાય છે.’

‘શું આવડું મોટું શાસ્ત્ર કોઈને કંઠસ્થ હોઈ શકે ? અસંભવ લાગે છે !’

‘સાચી વાત છે. તેથી જ વ્યાસજીએ સમગ્ર ઉપનિષદોને માત્ર ૫૫૪ નાના નાના ‘‘**સૂત્ર**’’ રૂપે રજુ કર્યા છે. તેને ‘‘**બ્રહ્મસૂત્રો**’’ અથવા ‘‘**વેદાંત સૂત્રો**’’ કહેવાય છે.’

‘ખૂબ સરસ ! પરંતુ આ બધા શાસ્ત્રોની પ્રમાણભૂતતા પર સંદેહ રહે છે ! તેને કેમ સાચા માની લેવાય ! તેનું પ્રમાણ શું ?’

‘તમે ગણિતમાં ‘‘ભુમિતિ’’નો વિષય ભણ્યા છો ?’’

'હાસ્તો ! પરંતુ તેને આ પ્રશ્ન સાથે શો સંબંધ ?'

'તેમાં વિધાન હોય છે કે - ''વર્તુળમાં ૩૬૦ અંશ (ડીગ્રી) હોય છે.'' ખરુંને ?'

'બરાબર, પણ તેથી શું ?'

'આ વિધાનને કેવી રીતે સિધ્ધ કરશો ?'

'કેવો પ્રશ્ન કરો છો? એ તો **''સ્વયં સિધ્ધ વિધાન'' છે.** તેને પુરવાર કરવાની આવશ્યકતા ન હોય !'

'બરાબર તેવીજ રીતે ''વેદ'' ભગવાનની સ્વયંની વાણી હોવાથી **''સ્વત: પ્રમાણ''** છે, તેનું પ્રમાણ આપવાની આવશ્યકતા નથી. તેનો શ્રધ્ધાપૂર્વક સ્વીકાર કરવાનો જ હોય !'

'સમજાય છે.'

'જેવી રીતે માતા-પિતાના વચનમાં વિશ્વાસ ધરાવો છો, તેમ ભગવાન પણ **''સત્ય સંકલ્પ''** છે. તેથી તેમની વાણી **''સત્ય''** જ હોય ! તેમાં શંકા કરવાની ન હોય !'

૪. ''ભગવાન કોણ''

'તમે કહ્યું કે વેદ ''ભગવાન''ની વાણી છે. ''ભગવાન'' સત્ય સંકલ્પ છે. વેદ-વ્યાસજી ''ભગવાન'નો અવતાર હતાં વગેરે. **''ભગવાન''** શબ્દ હું નાનપણથી સાંભળતો આવ્યો છું, પરંતુ આજ સુધી જાણી શક્યો નથી કે ''ભગવાન'' કોણ છે ? હોય તો દેખાતા કેમ નથી ? વાસ્તવમાં તે છે કે માત્ર કલ્પના છે ?'

'બીજી એક વાત. દુનિયામાં મોટાભાગના લોકો ભગવાનમાં માનતા હોય છે, પરંતુ વિચિત્ર વાત એ છે કે અલગ-અલગ ધાર્મિક આસ્થાઓના લોકો જુદા જુદા ભગવાન હોવાનો દાવો કરતા હોય છે.

કોઈ તેને "**અલ્લાહ**" કે "**ખુદા**" કહે છે, તો બીજા "**જીસસ**" બતાવે છે. ત્રીજા તેને "**અહુરમઝદા**" કહે છે. હિંદુઓમાં તો અસંખ્ય ભગવાન છે! **રામ**, **કૃષ્ણ**, **શંકર**, **ગણેશ** વગેરે, ન જાણે કેટલાં! અંગ્રેજીમાં "**ગોડ**" કહે છે તો આપણે ઈશ્વર, પરમાત્મા વગેરે કહીએ છીએ! આ બધામાં સાચા ભગવાન કોણ? બધા એક જ કે સૌના જુદા જુદા? કાંઈ સમજાય તેવું નથી. પહેલાં આ વાતનો ખુલાસો કરો!'

'તમારી વાત સાચી છે. પરંતુ આપણા વેદે જ આનો ખુલાસો કર્યો છે. ઋગ્વેદ કહે છે - "**એકમ્ સત્ વિપ્રા : બહુધા વદન્તિ**" એટલે કે જે "**પરમ્ તત્ત્વ**" કે "**પરમ્ સત્ય**" છે, જેને આપણે "ભગવાન" કહીએ છીએ, તે માત્ર એક જ છે, પરંતુ જુદા જુદા મહાનુભાવો અલગ અલગ નામોથી ઓળખાવે છે. હવે તો સમજાઈ એને કે એ બધા ભિન્ન ભિન્ન નામો એક જ "પરમ તત્ત્વ"ના છે. ભગવાન જુદા જુદા નથી. સૌ પોતપોતાની રીતે તેને ઓળખાવે છે!"

'પરંતુ તે "**પરમ તત્ત્વ**" શું છે?, એ તો સમજાવો, જેમાં દુનિયાભરના લોકો શ્રધ્ધા ધરાવે છે, તેને પૂજે છે!'

'તેનો જવાબ પણ ઉપનિષદ આપતાં કહે છે- **'એકમ્ એવ અદ્વિતીયમ્'** તે એક માત્ર તત્ત્વનું જ અસ્તિત્વ છે, તેના સિવાય અન્ય કશું જ નથી.'

'પરંતુ તે છે કોણ?'

'વેદ તેને "**બ્રહ્મ**" નામથી ઓળખાવે છે. તેનો અર્થ થાય જે સર્વત્ર વિદ્યમાન હોય, જે સર્વ-વ્યાપ્ત હોય! તેને આપણી સમજ માટે "**મહાશક્તિ**" કે "**મહાસત્તા**" કહી શકાય, જે અતિગૂઢ અને વિલક્ષણ છે. તે સર્વજ્ઞ, સર્વ શક્તિમાન અને સર્વવ્યાપ્ત છે, તે જ સમગ્ર વિશ્વનું સંચાલન-નિયંત્રણ કરે છે.'

'તો શું વેદની વાત સ્વીકારી લેવાની?'

'હા, વેદ-ઉપનિષદ એ **"સ્વતઃ પ્રમાણ"** છે. તે **"શબ્દ પ્રમાણ"** હોવાથી તેનો શ્રધ્ધાપૂર્વક સ્વીકાર કરવો જોઈએ.'

'ક્ષમા કરજો, પાકું કરવા પૂછી રહ્યો છું. વેદ શાસ્ત્ર જેવા કોઈ બીજા પણ પ્રમાણ છે?'

'હા છે. અગાઉ કહ્યું તેમ **"બ્રહ્મસૂત્રો"** પણ ભગવાન વ્યાસજીની વાણી છે, તેથી તે પણ વેદ જેવા જ "શબ્દ-પ્રમાણ" ગણાય. **"ગીતા"** અને **"ભાગવત"**નાં પણ નામ સાંભળ્યા જ હશે! એ બન્ને પણ ભગવદ્ વાણી હોવાથી પ્રમાણભૂત જ છે!'

'પરંતુ મેં સાંભળ્યું છે તેમ "ગીતા" તો શ્રીકૃષ્ણે તેના સખા અર્જુનને આપેલો ઉપદેશ છે, અને "ભાગવત" એક પુરાણ-કથા! તેને ભગવાનની વાણી કેમ કહો છો?'

'ઓહ, સાચું કહ્યું. આપણે ભગવાનની વાણીને "પ્રમાણ" તરીકે સ્વીકારવાની વાત કરી, અને અહીં તો શ્રીકૃષ્ણની વાત આવી! બરાબર?'

'બિલકુલ!'

'એટલે પહેલા **"શ્રીકૃષ્ણ"** કોણ? એ સમજવું પડશે!'

'હાસ્તો! એમ તો એવા અનેક નામો છે, જેને લોકો "ભગવાન" કહે છે!'

'સારું. તો પહેલા **"ભાગવત"** વિશે વિચારીએ.'

'ખબર છે, તેની રચના કોણે કરી?'

'સાંભળ્યું છે, **"વેદ-વ્યાસજીએ"**, જેને તમે ભગવાનનો અવતાર બતાવ્યાં, એજને?'

'બિલકુલ બરાબર. પરંતુ શું એ જાણો છો કે તેમણે "ભાગવત" કેવી રીતે લખ્યું? શું જેમ આપણે કલ્પનાનાં આધારે વાર્તા કે નવલકથા લખીએ તેમ?'

'એમ જ હોવું જોઈએ! શું વ્યાસજીને બીજા કોઈએ આ બધી વાર્તાઓ કહી હતી?'

'ના. ''**નારદ મુનિ**'' પણ ભગવાનના બીજા એક અવતાર છે, તેમના સૂચનથી વેદ-વ્યાસજીએ સમાધી અવસ્થામાં આંતર્ચક્ષુથી ભગવાનની વિવિધ લીલાઓના જે દર્શન કર્યા તેનું, જેમનું તેમ આલેખન કર્યું, તે ''**ભાગવત**'' નામથી પ્રસિધ્ધ છે.'

'ઓહ, મતલબ કે તે વ્યાસજીએ કલ્પનાથી બનાવેલી વાર્તાઓનો સંગ્રહ નથી, એમને?'

'હા, અને જો ભગવાને જે વેદ-વ્યાસજીનો અવતાર લીધો હોય તો, ભાગવત ભગવાનની જ વાણી કહેવાયને?'

'હવે સમજાય છે.'

'ભાગવતને વેદવત્ ''પ્રમાણ'' માનવાનું કારણ જાણો છો?'

'શું? કોઈ ખાસ કારણ?'

'ભાગવતમાં ભગવાને સ્વયં આ પ્રમાણે વચન કહ્યા છે - ''**પહેલાં કાંઈ જ ન હતું, ત્યારે માત્ર હું હતો. આ દેખાતું જગત મેં જ ઉત્પન્ન કર્યું છે. જ્યારે આ જગત નહીં રહે, ત્યારે માત્ર હું જ હોઈશ.**''

'સાચે જ! આ તો ઉપનિષદે કહેલી એ વાત છે! આવું જ કાંઈક કહ્યું હતું!'

'એકમ્ એવ અદ્વિતીયમ્'

'અદ્ભુત, આ તો એનું જ પુનરાવર્તન લાગે છે.!'

'માનો છો? ભાગવત પણ ''ભગવાનની વાણી''. આ ત્રીજું પ્રમાણ!

'ખરેખર!'

'બીજી એક મહત્ત્વની વાત. ખબર છે ભાગવતમાં ભગવાનના ૨૪ અવતારોનું વર્ણન છે?'

'એવું સાંભળ્યું છે! **વરાહ**, **વામન**, **નૃસિંહ**, **રામચંદ્રજી**, **કૃષ્ણ** વગેરે જ ને. આ બધા ભગવાન જ છે ને?'

'ના, ભાગવતે એક મહત્ત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. કહ્યું છે- ''**કૃષ્ણ સિવાય બધા અવતારો ભગવાનનાં અંશ-કલારૂપ વિભુતિઓ છે. તેમાં ભગવાનનું આંશિક સામર્થ્ય છે, પરંતુ ''કૃષ્ણ'' સ્વયં સંપૂર્ણપણે ભગવાન છે.**'' એટલે કે તે, જેણે બધા અવતારો લીધા છે, તે સ્વયં ''અવતારી'' છે ; એટલે અવતાર લેનાર છે.'

'અર્થાત્ બધા ''કૃષ્ણ''ના અવતારો છે? કૃષ્ણ પોતે જ ''ભગવાન'' છે?'

'બિલકુલ, આ હકીકત છે.'

'ઓહ, તો હવે સ્પષ્ટ થયું કે ''**ભગવાન**'' કહો કે ''**કૃષ્ણ**'' કહો, બન્ને એક જ વાત છે - ભાગવત પ્રમાણે!' એમ જ ને?'

'બરાબર.'

'તો, ભાગવતમાં વર્ણવેલી કૃષ્ણની લીલાઓ તે ભગવાનની જ લીલાઓ કહેવાય ને?'

'ચોક્કસ!'

'એટલે કે ભાગવત ભગવાનની જ વાણી છે. માનો છો?'

'હવે ક્યાં શંકા રહી!'

'તો હવે ''**ગીતા**''ની વાત કરીએ!'

'એમ કહેવા માંગો છો ને કે શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે, તેથી ગીતાનાં વાક્યો પણ ભગવાનનાં વચન છે, એમજ ને?'

'સાચું સમજ્યા.' હવે વધુ ખુલાસાની જરૂર ખરી?'

'ના. ટૂંકમાં, ગીતા અને ભાગવત પણ ''**શબ્દ પ્રમાણ**'' છે!''

'હા, તેથી ચારેય શાસ્ત્રો- **વેદ-બ્રહ્મસૂત્રો-ગીતા-ભાગવત**નાં પ્રમાણોના આધારે ભગવાન વિશે જાણી શકાય!'

'મારો પ્રશ્ન હતો - "**ભગવાન કોણ?**", તમે '**પ્રમાણ**'ની વાત શા માટે છેડી?'

'એ જ વાત પર આવી રહ્યો છું. તમારે "**ભગવાન**' વિશે જાણવું છે, તેને ઓળખવા છે, બરાબર ને?'

' એ જ તો પૂછી રહ્યો છું, પરંતુ તમે તો વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન આપી દીધું!, પ્રમાણ સમજાવી દીધા!'

'મેં કહ્યું તેમ ભગવાન અતિ ગૂઢ અને વિલક્ષણ "**તત્ત્વ**" છે. જેમ મોબાઈલ જોઈને તમે તેને જાણી લીધો તેમ ભગવાનને જાણી ન શકાય, તેમને તો જેવી રીતે તમે તમારા પરદાદાને ઓળખ્યા તેમ ઓળખવા પડે!'

'એટલે? પરદાદા વચમાં ક્યાંથી આવ્યા?'

'જેવી રીતે તમે તમારા માતા-પિતાના વચનમાં વિશ્વાસ રાખી "પરદાદા"ને ઓળખ્યા તેમ શાસ્ત્રના વચનમાં વિશ્વાસ મૂકીને ભગવાનને જાણવા પડે! તેને માટે "**પ્રત્યક્ષ પ્રમાણ**" કામ ન લાગે!'

'તો શું ભગવાનનું વર્ણન શાસ્ત્રોમાં કરેલું છે?' તેનું **રૂપ, ગુણ, કાર્ય** વગેરે બતાવેલું છે?'

'તે જ તો તમને કહેવા જઈ રહ્યો છું.'

'પરંતુ મારા પરદાદાના અસ્તિત્વમાં તો કોઈ સંદેહ હોઈ ન શકે, કારણ કે જેમ મારા પિતા છે તેમ તેમના પણ પિતાના પિતા હોવા જ જોઈએ! એટલે પરદાદા તો હોવાની ખાત્રી છે! જ્યારે, શાસ્ત્ર ભલે કહે પરંતુ કોઈ ઠોસ સબૂત વિના "**ભગવાન**"નાં અસ્તિત્વને સ્વીકારવું મુશ્કેલ છે!'

'પરદાદા "**હતાં**" એ સ્વીકારવું સહજ લાગે છે, પરંતુ ભગવાન તો "**છે**", એટલું જ નહીં, શાસ્ત્ર કહે છે કે તે "**એક માત્ર છે**"**!** કેમ સ્વીકારવું?' તે વાત હજી ગળે ઉતરતી નથી!'

૫. ''ભગવાનનાં અસ્તિત્વનું પ્રમાણ''

'તમને ખબર છે, માખણ શેમાંથી બને?'

'તમે પાછી વાત બદલી! મારી વાતનો પહેલા ખુલાસો તો કરો!'

'એ જ કરી રહ્યો છું. જવાબ આપો.'

'દહીંને વલોવીએ એટલે માખણ નીકળે, તે સૌ જાણે છે!'

'દહીં શેમાંથી બને?'

'દૂધમાંથી. પરંતુ તેનો ભગવાન સાથે શું સંબંધ?'

'બતાવું છું. જુઓ, દૂધમાંથી દહીં બને અને તેમાંથી માખણ નીકળે, ખરું ને?'

'બરાબર.'

'તેનો અર્થ એ થયો કે દૂધમાં માખણ રહેલું છે! માનો છો?'

'હા.'

'પરંતુ દૂધમાં માખણ દેખાય છે?'

'ના.'

'તો શું એમ કહી શકાય કે દૂધમાં માખણ નથી?'

'ના, એમ તો કેમ કહેવાય?'

'જુઓ, આ શું છે?'

'વડ નો ટેટો છે, તેમાં આ ઝીણા બીજ છે.'

'બીજને તોડીને જુઓ, અંદર વૃક્ષ દેખાય છે?'

'આટલા નાના બીજમાં વૃક્ષ ક્યાંથી હોય?'

'પરંતુ, જો બીજને જમીનમાં વાવીએ તો મોટું વૃક્ષ થાય કે નહીં?'

'થાય જ!'

'એટલે કે બીજમાં વૃક્ષ હોવા છતાં દેખાતું નથી. તો એમ કહી શકાય કે તેમાં વૃક્ષ નથી?'

'વાત તો તમારી વિચારવા જેવી લાગે છે.'

'જાણો છો કે ઘુવડ પ્રકાશમાં જોઈ શકતું નથી. તેથી તેને સૂર્ય વિશે ખબર જ નથી હોતી! એટલે તે સૂર્યના અસ્તિત્વનો અસ્વીકાર કરે છે.'

'તે તેનું અજ્ઞાન છે!'

'એટલે એમ તો ન કહેવાય કે સૂર્ય જેવું કાંઈ નથી!'

'ના, એમ કેમ કહેવાય!'

'હવે સમજો કે શાસ્ત્ર કહે છે કે "ભગવાન છે", પરંતુ આપણે તેને જોઈ શકતા નથી, એટલે શું એમ માની લેવું જોઈએ કે ભગવાનનું અસ્તિત્વ નથી?'

'વાત તો થોડી થોડી સમજાય છે!'

'વારુ! કાલે મારે ઘેર આવજો.'

★★★★

'આવો, તમારી જ રાહ જોઈ રહ્યો હતો!'

'ખૂબ સરસ ઘરની સજાવટ છે તમારી! કયા આર્કિટેક્ટે કરી?'

'ઓહ, આ તો એમજ! ઘર પસંદ પડ્યું અને બીજે દિવસે આવ્યા ત્યારે જોયું કે બધું ટિપટોપ સજાવેલું હતું! શું જાદુ થયું ખબર જ ન પડી! આકસ્મિક!'

'શું મજાક કરો છો? આપણે જે ચર્ચા કરી રહ્યા છીએ તે માટે આવ્યો છું, અને તમે ઠેકડી ઉડાવો છો!' કોઈ ડીઝાઈનર - કારીગર વિના આવું ઘર બને?'

'તમને ખબર છે, ઘણા એમ માને છે કે એક ધડાકો થયો અને અકસ્માત જગત અસ્તિત્વમાં આવી ગયું!'

'એવું કેવી રીતે થાય? કોઈકે તો તે બનાવ્યું હશે!'

'આ જ વાત તમને સમજાવી રહ્યો છું કે જો એક ઘરની સજાવટ અપને-આપ ન થઈ શકે, તો આવા વિવિધતાપૂર્ણ જગતનો સર્જક કોઈ

હોવો જોઈએને !'

'ચોક્કસ.'

'તમે આ ઘડિયાળ પહેરી છે, તે ખોલીને ક્યારેય જોઈ છે ?'

'હા, રીપેરિંગ માટે આપેલી ત્યારે કારીગરે ખોલેલી.'

'શું હતું અંદર ?'

'ઘણા નાના નાના ચક્રો અને સ્પ્રિંગો.'

'તમે તેવા ચક્રો-સ્પ્રિંગો લાવીને જાતે ઘડિયાળ બનાવી શકો ?'

'કેવી વાત કરો છો ? એ તો નિષ્ણાત કારીગરનું કામ છે ! સેકંડ-મિનીટ-કલાકના કાંટા ચોક્કસ સમય આપે તેમ ગોઠવવા તે બુધ્ધિનું કામ છે. સામાન્ય માણસનું ગજું છે ?'

'તો પછી જરા વિચારો ! આટલી અમથી ઘડીયાળ દરેક ન બનાવી શકે, તો કલ્પના ન કરી શકાય એવડું વિશાળકાય આ બ્રહ્માંડ જેણે બનાવ્યું હશે તેનું સામર્થ્ય કેવું હશે ? ક્રમ પ્રમાણે ઋતુઓ આવે ને જાય, રોજ નિશ્ચિત સમયે સૂર્ય - ચંદ્ર ઉગે અને આથમે, અસંખ્ય ગ્રહો-ઉપગ્રહો એકબીજાની આસપાસ ચોક્કસ ગતિથી ફર્યા કરે, દિવસ અને રાત થાય, અસંખ્ય પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષો, ફુલો, પ્રત્યેકના રૂપ-રંગ-આકાર જુદા, મનુષ્ય તેમજ પ્રાણીઓના શરીરની રચના જુઓ તો અક્કલ કામ ન કરે ! એ બધાનો - આ સમગ્ર સૃષ્ટિનું સર્જન અને સંચાલન કરનારો કોઈક તો હોવો જોઈએને ! એમ જ તો ન બની જાય ! કેવો બુધ્ધિશાળી, શક્તિશાળી, આવડતવાળો હશે તે સર્જક - સૂત્રધાર ! જરા શાંતિથી વિચાર કરો !'

'સમજાય છે.' આ કોઈ મહાશક્તિશાળી મહાસત્તાનું જ કાર્ય હોવું જોઈએ ! કોઈક તો એવું **"પરમ તત્ત્વ"** હશે જ, એ કબૂલું છું.'

'માની ગયાં ?'

'વાત તો સાવ સાચી લાગે છે, પરંતુ મનુષ્ય સ્વભાવ એવો છે કે

જાત અનુભવ વિના પાકો વિશ્વાસ બેસે નહીં. બીજું કોઈ અકાટ્ય સબુત આપી શકો?'

'વારુ, તમે એવરેસ્ટ પર ચઢ્યા છો?'

'કેવી વાત કરો છો, શું એવરેસ્ટ પર ચઢવું આસાન છે? તેના પર તો તેનસિંગ જેવા કોઈ વિરલા જ ચઢી શકે!'

'અચ્છા, ચંદ્ર પર ગયા છો?'

'શું મજાક કરો છો? મારા પ્રશ્નનો જવાબ આપો! નીલ આર્મસ્ટ્રોંગ જેવા એસ્ટ્રોનોટ જ ચંદ્ર પર જઈ શકે!'

'ઓ.કે, પરંતુ એવરેસ્ટ વિશે જાણતા તો હશો! ત્યાં કેટલો બરફ હોય, તેની ઊંચાઈ કેટલી વગેરે! ચંદ્ર વિશે પણ માહિતી હશે જ, ત્યાં માટીના ખડકો કેવા છે, જીવ સૃષ્ટિ છે કે નહીં ઈત્યાદિની જાણકારી હશે જ!'

'હા, તે વિશે ઘણું જાણું છું.'

'કેવી રીતે જાણો છો? ત્યાં ગયા તો નથી તેમ કહો છો!'

'અરે, ત્યાં જવાની જરૂરત થોડી જ છે? છાપાંઓમાં, અને તે વિશેનાં પુસ્તકોમાં ઘણું વાંચ્યું છે.'

'એટલે તે પુસ્તકો વાંચવાથી બધું સમજાઈ જાય! અને તેમાં વિશ્વાસ પણ બેસે?'

'કેમ નહીં? જેમણે પ્રત્યક્ષ અનુભવ કર્યો હોય તેમણે જ તે બધું વર્ણન કર્યું હોયને! તે તેમની અનુભવ વાણી હોય!'

'એકદમ સાચું કહ્યું. તેવી જ રીતે આપણી પુરાણ કથાઓ, **સંત-મહાત્મા-આચાર્યો**ની વાણી પણ સ્વાનુભવની જ વાણી છે. ભગવાન વિશે તેમણે જે અનુભવ કર્યા છે, જેવા દર્શન કર્યા છે, સાક્ષાત્કાર થયો છે, તે તેમણે પોતાના ગ્રંથો, રચનાઓ, કીર્તનોમાં આલેખ્યા છે. તે બધા મહાનુભાવો સત્યના પૂજારી હતાં, જે ક્યારેય ખોટું ન બોલે! તેમનું

હૃદય-ચરિત્ર નિર્મલ હતું. સ્પષ્ટ વાત કહેવી તે તેમનો સ્વભાવ હતો! તો તેમની અનુભવ-વાણીમાં શું અવિશ્વાસ કરવો જોઈએ?'

'વાત તો તમારી સાચી છે!'

'જુઓ, કોઈ પણ વિષયની જ્ઞાન પ્રાપ્તિ એ "**શ્રધ્ધા**"નો વિષય છે. તમને ખબર છે કે પૃથ્વીનો વ્યાસ ૮૦૦૦ માઈલ છે, શું તમે માપેલો છે?, પ્રકાશ ત્રણ લાખ કિ.મી. પ્રતિ સેકંડ અંતર કાપે છે, તે વિશે તમે જાતે પ્રયોગ કરેલો? આપણા શરીરમાં હાડકાંની સંખ્યા અમુક છે, તે જાણો છો, પરંતુ આપણે ગણ્યા નથી હોતા! કેવી રીતે આ બધું જ્ઞાન થયું?'

'વાત વિચારવા જેવી છે!'

'અનેક વૈજ્ઞાનિકો, સંશોધકો, જાણકારોએ સ્વપરીક્ષણ / અનુભવથી જે આલેખો કર્યા છે, તેના આધારે જ આપણને આ બધું સમજાય છે, કારણ કે તેમના લખાણોમાં આપણો વિશ્વાસ છે. તેમની વાતોમાં આપણે શ્રધ્ધા ધરાવીએ છીએ. બધી બાબતની ખરાખરી આપણે જાતે કરતા નથી હોતા!'

'ખરી વાત છે તમારી!'

'તેવી જ રીતે અધ્યાત્મની વાતો, ભગવાન વિષયક તથ્યો આપણા પ્રાચીન ઋષિ-મુનિઓ, આચાર્યો, મહાપુરુષો, ભક્તો, સંતોએ લિપીબધ્ધ કર્યાં છે, તેમની તે અનુભવ વાણીમાં પૂરી શ્રધ્ધા રાખીને સ્વીકારવાના જ હોય, કારણ કે તે "**શબ્દપ્રમાણ**" છે.

'હા, હવે બધું સ્પષ્ટ થતું જાય છે.'

'જેમ તમારા પરદાદા ને તમે પ્રત્યક્ષ જોયા ન હતા, છતાં તમારા માતા-પિતાના વચનમાં શ્રધ્ધાના કારણે તમે તેમને ઓળખો છો! તે જ વાત ભગવાન માટે પણ લાગુ પડે છે.'

'વાત બરાબર લાગે છે!'

'જેમ દૂધમાં માખણ ન દેખાતું હોય તો તેના અસ્તિત્વનો અસ્વીકાર આપણું અજ્ઞાન છે, ઘુવડ સૂર્યને ન જોઈ શકે માટે સૂર્ય જેવું કશું નથી તેમ કહેવું મૂર્ખતા છે. તો પછી આવી રહસ્યમયી સૃષ્ટિનું સર્જન કરનાર કોઈ "**પરમ તત્ત્વ**" નથી તેમ કેમ કહેવાય? તેને નામ તમે ગમે તે આપો, પરંતુ તેના અસ્તિત્વને નકારી ન શકાય! શું હવે કોઈ વિશેષ પ્રમાણની આવશ્યકતા ખરી?'

'ના, વાત હવે એકદમ સ્પષ્ટ થઈ ગઈ! વેદાદિ શાસ્ત્રો દ્વારા ભગવાનને જાણી - સમજી શકાય, તેમાં શંકા નથી. તે શાસ્ત્રોને શ્રધ્ધાપૂર્વક સ્વીકારવામાં પણ કોઈ સંદેહ નથી. તે બધું જ સત્યરૂપે સ્વીકારૂં છું, પણ...'

૬. "ગુરુની આવશ્યકતા"

'હવે "પણ" શું? તમે તો કહ્યું "આ ખુલાસા સ્વીકારું છું."'

'મારા જેવા અનેકની સમસ્યા હશે! આ બધું જ્ઞાન ભલે **વેદ-ગીતા** વગેરે શાસ્ત્રોમાં ઉપલબ્ધ હશે, પરંતુ એ શાસ્ત્રોની ભાષા સંસ્કૃત અને તેની અગમવાણી! શું મારા જેવા સામાન્ય મનુષ્યની ચાંચ તેમાં ડૂબી શકે? કેમ સમજાય એ બધું?'

'તમારી મૂંઝવણ સમજી શકુ છું. શાસ્ત્રોની વાત જવા દો, વિજ્ઞાન, ગણિત, સમાજશાસ્ત્ર વગેરે વિષયો પણ જાતે ભણી શકાતા નથી તો પછી શાસ્ત્રોની વાણી તો ક્યાંથી ઉકેલી શકાય! તમારી સમસ્યા સાચી છે.'

'તે માટે તો પુછી રહ્યો છું.'

'તમે જાણો છો કે સામાન્ય વિષયો પણ સમજવા આપણે સારા શિક્ષકની આવશ્યકતા રહે છે.'

'તો પછી શાસ્ત્રો તો તેનાથી પણ ગહન વિષય છે, તેને કેમ સમજવા?'

'તેને માટે વિદ્વાન માર્ગદર્શક-ગુરુની આવશ્યકતા હોય! ગુરુ વિના જ્ઞાન ન મળે! જાણો છો, સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ પણ સાંદિપની ઋષિ પાસે ભણવા ગયા હતા.'

'પરંતુ એવા યોગ્ય ગુરુ શોધવા કઈ રીતે?'

'તમારો પ્રશ્ન વિચારણીય છે. એવા મહાપુરુષ જેમાં ભગવાન જેવી દિવ્યતા હોય, જેમણે સમગ્ર શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હોય, તેનું ઉંડાણપૂર્વક ચિંતન કર્યું હોય, તેવા ગુરુને શરણે જઈએ તો શાસ્ત્રોના સાચા ખુલાસા પ્રાપ્ત થાય!'

'એવા કોઈ સદ્ગુરુનું નામ બતાવશો? તેમનો પરિચય કરાવશો!'

'આજથી લગભગ સાડા પાંચસો વર્ષ પૂર્વે "**શ્રી વલ્લભાચાર્યજી**" નામે આચાર્ય થઈ ગયા, તેમનું નામ સાંભળ્યું છે?'

'હા, નામ તો સાંભળ્યું છે, પરંતુ તેમના વિશે કાંઈ જાણતો નથી.'

'કોઈ બીજા આચાર્યના નામની ખબર છે?'

'હા, કોઈ "**શંકરાચાર્યજી**" થઈ ગયા તેટલું જાણું છું, કોણ હતા તેઓ?'

'આઠમી શતાબ્દિમાં જન્મેલા "શંકરાચાર્યજી" વેદાદિ શાસ્ત્રોના પ્રકાંડ પંડિત હતાં. વેદોપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્રો વગેરે શાસ્ત્રો ઉપર તેમણે ગહન ચિંતન કરી અનેક ગ્રંથોની રચના કરી છે.'

'વર્તમાનમાં પણ ક્યારેક તેમના નામની ચર્ચા થતી હોય છે, પરંતુ તેમની હયાતિ ક્યાંથી હોય?'

'ના, તેઓ સ્વયં નહીં, પરંતુ તેમની "**શિષ્ય પરંપરા**"માં તેમના મુખ્ય શિષ્યને પણ "**શંકરાચાર્ય**" જ કહેવાય છે.'

'તો **શ્રી વલ્લભાચાર્યજી** કોણ હતાં? શું તેઓ શંકરાચાર્યજીના

ઉત્તરાધિકારી હતાં?'

'ના, ''શંકરાચાર્યજી'' જેવા બીજા પણ વિદ્વાન આચાર્યો અલગ અલગ સમયે થયા છે.'

'ઓહ ! કયા કયા?, ક્યારે?'

'અગિયારમી શતાબ્દિમાં ''**રામાનુજાચાર્યજી**'', બારમી શતાબ્દિમાં ''**મધ્વાચાર્યજી**'', તેરમી શતાબ્દિમાં ''**નિંબાર્કાચાર્યજી**'' અને પંદરમી શતાબ્દિમાં ''**વલ્લભાચાર્યજી**'' થયા હતાં.

'તે પછી તેમના જેવા કોઈ આચાર્ય થયા નથી?'

'ના, મહાપુરુષો તો અનેક થયા છે, પરંતુ તેમની સમકક્ષ ''**આચાર્ય**'' નહીં.'

'આ બધા વિદ્વાનોને ''**આચાર્ય**'' શા માટે કહેવાય છે?'

'આ બધા જ મહાનુભાવોએ વેદાદિ શાસ્ત્રોનું ઊંડુ અધ્યયન-મનન-ચિંતન કરી તેમાં કહેલી બાબતો વિશે ખુલાસા આપી, તેમણે પોતાના સિધ્ધાંત અથવા ''**મત - દાર્શનિક વિચારો**'' પ્રતિપાદિત કર્યા છે. જે વિદ્વાનો સ્વતંત્ર રીતે એ મૂળભૂત શાસ્ત્રોના અર્થઘટન કરી પોતાના સિધ્ધાંતો ઘડી, તદ્નુસાર તેનું પોતાના જીવનમાં આચરણ કરીને તેમના અનુયાયીઓ પાસે કરાવે તેને ''**આચાર્ય**'' કહેવાય!'

'ઓહ ! એમ વાત છે? એટલે કે આ બધા આચાર્યોને અનેક લોકો અનુસરતાં હતાં?'

'હા, પરંપરાગત રીતે આ આચાર્યોના અસંખ્ય શિષ્યો આજે પણ છે.'

૭. ''ગુરુ કોને કરવા જોઈએ!''

'આ સર્વે આચાર્યોએ પ્રતિપાદિત કરેલી વિચારધારાને અનુસરનારા તેમના અનુયાયીઓ તેમના સમયથી તેમના શિષ્ય કે સેવક બનતા

આવ્યા છે, કારણ કે તેમને માત્ર "**દાર્શનિક સિધ્ધાંતો**" જ નથી સમજાવ્યા, પરંતુ તદ્‌નુસાર વિશિષ્ટ પ્રકારની "**સાધના પ્રણાલી**" જીવન પધ્ધતિ બતાવી છે જેને અનુસરીને મનુષ્ય અધ્યાત્મને માર્ગે ચાલી પોતાના ઉધ્ધાર માટે પ્રયત્ન કરી શકે છે.'

'શું આ બધા આચાર્યોની વિચારધારા તથા સાધના પ્રણાલી સમાન છે કે ભિન્ન-ભિન્ન?'

'આ આચાર્યો અતિ વિદ્વાન હતાં. સૌએ પોતપોતાની સમજ અનુસાર શાસ્ત્રોનું અર્થઘટન કરી પોતાના ગ્રંથોમાં તેની ચર્ચા કરી છે, જેમાં તેમણે "**પરમ તત્ત્વ**"ના સ્વરૂપ "**જગત**"ની વાસ્તવિકતા, "**જીવાત્મા**"ની ઓળખ, **મોક્ષ**, ભગવાનનો સાક્ષાત્કાર કઈ રીતે થઈ શકે, મનુષ્યનું કર્તવ્ય શું વગેરે અનેક વાતો સમજાવી છે. કેટલીક બાબતોમાં તેમનો એકમત છે, તો અમુક વિષયોમાં તેમના મત જુદા જુદા પણ છે!'

'તો પછી કઈ રીતે જાણી શકાય કોના કયા વિચારો છે?'

'એ બધા આચાર્યોની વિચારધારાઓ અલગ અલગ નામથી ઓળખાય છે. શંકરાચાર્યજીના મતને "**કેવલાદ્વૈતવાદ**" અથવા "**માયાવાદ**" કહેવાય છે, રામાનુજાચાર્યજીની વિચારધારાને "**વિશિષ્ટાદ્વૈતવાદ**" નામ આપવામાં આવ્યું છે. મધ્વાચાર્યજીના મતનું નામ "**દ્વૈતવાદ**" છે, જ્યારે નિમ્બાર્કાચાર્યના મતને '**દ્વૈતાદ્વૈતવાદ**" કહે છે. વલ્લભાચાર્યજીની વિચારધારા "**શુદ્ધાદ્વૈતવાદ**" અથવા "**અખંડ બ્રહ્મવાદ**"ના નામથી જાણીતી છે.'

'માહિતી તો બહુ સરસ આપી! ભારતીય અધ્યાત્મિક વિચારધારામાં પણ કેટલી વિવિધતા છે! પરંતુ આ બધું મૂંઝવણ વધારે તેવું છે. આ બધામાં આપણે "**ગુરુ**" તરીકે કોને પસંદ કરવા? જો બધા જ આચાર્યો જ્ઞાની હતાં, તો કેવી રીતે નક્કી કરવું જોઈએ?'

'વાત સાચી છે. આ સર્વે આચાર્યો સામાન્ય મનુષ્યો ન હતાં, પરંતુ વિભિન્ન દેવોના અવતાર હતાં અને જે તે સમયમાં વિશિષ્ટ પ્રયોજનથી પ્રાદુર્ભૂત થયા હતાં. તેથી તેમનામાં દિવ્ય શક્તિ હતી.'

'આ બધામાં શંકરાચાર્યજીનું નામ વધુ જાણીતું છે, તેઓ કોનો અવતાર હતાં? શું પ્રયોજન હતું તેમના અવતારનું?'

'તેઓ સાક્ષાત મહાદેવજીનો અવતાર હોવાનું માનવામાં આવે છે. તે સમયમાં બૌદ્ધ ધર્મના **''શૂન્યવાદ''**થી સમાજ ભ્રમિત થયેલો હતો. તેથી તેમાંથી ઉગારવા તેમણે **''વેદાંત''**નો પ્રચાર કર્યો હતો.'

'તો પછી વલ્લભાચાર્યજી?'

'શ્રી વલ્લભાચાર્યજી સાક્ષાત **''ભગવાન શ્રીકૃષ્ણના મુખાર્વિંદ''**ના અવતાર મનાય છે.'

'બધા આચાર્યો જ્ઞાની, વિદ્વાન, વિવિધ દેવોના અવતાર સ્વરૂપ છે, તેમ સ્વીકારીએ, છતાં તે સૌમાં **''ગુરુ''** તરીકે કોને પસંદ કરવા, તે સમજાતું નથી.'

'યાદ છે આપણે પહેલા ભાગવતના પ્રમાણ વિશે ચર્ચા કરી હતી?'

'હા, ભાગવત ભગવાનની વાણી છે, માટે તે **''શબ્દ પ્રમાણ''** છે, એમ જ ને?'

'તો ભાગવતના વચન પણ યાદ હશે કે વિવિધ દેવતાઓ ભગવાનના અંશ-કલા અવતારો છે, જ્યારે **''શ્રીકૃષ્ણ''** સ્વયં જ ભગવાન છે, અર્થાત્ તેમનું સામર્થ્ય અસીમિત છે.'

'હા, બરાબર યાદ છે. **''ભગવાન''** કહો કે **''કૃષ્ણ''** કહો, એક એ વાત છે.'

'હવે વિચારો કે કોઈ ભગવાનના અંશના અવતાર હોય, અને બીજા સ્વયં ભગવાનનો જ અવતાર હોય તો કોને પસંદ કરશો?'

'સ્વાભાવિક જ છે કે ભગવાન શ્રીકૃષ્ણના અવતાર હોય તેમને જ **"ગુરુ"** તરીકે સ્વીકારવા જોઈએ!'

'તેનો વિશેષ લાભ જાણો છો?'

'શું કહેવા માંગો છો?'

'ભગવદ્ શાસ્ત્રો એ ભગવાનની વાણી છે. તેથી જો સ્વયં ભગવાનના અવતાર રૂપ આચાર્યને **"ગુરુ"** તરીકે સ્વીકાર્યા હોય તો શાસ્ત્રોની વાણીના સાચા ખુલાસા મળે ખરુંને!'

'સાચી વાત છે. એટલે **"શ્રી વલ્લભાચાર્યજી"**ને ગુરુ કરવા વધુ હિતાવહ છે, એમ કહો છો ને?'

'બરાબર સમજ્યા.'

'પરંતુ, તેમને સાક્ષાત ભગવાનના અવતાર હોવાના કોઈ પ્રમાણ ખરા?, **"પ્રમાણ"**ની સમજ તમે આપી છે, એટલે એમને એમ વાત ગળે ન ઉતરે!'

'જો તેમનું જીવનચરિત્ર વાંચો તો તેમની દિવ્યતાના, તેમના ભગવાન હોવાના અનેક પ્રમાણ મળી રહેશે!'

'કોઈ વિશેષ પ્રસંગ કહેશો?'

'તેમના પૂર્વજ **યજ્ઞનારાયણ ભટ્ટ**ને સાક્ષાત ભગવાને યજ્ઞવેદીમાંથી પ્રકટ થઈ વરદાન આપેલું કે **"તેમના કુળમાં સો સોમયજ્ઞ (વિશિષ્ટ પ્રકારનો યજ્ઞ) પૂરા થશે ત્યારે તેઓ પુત્ર રૂપે પ્રકટ થશે."** તદનુસાર તેમની પાંચમી પેઢીમાં લક્ષ્મણ ભટ્ટ દ્વારા સો યજ્ઞ પૂરા થતાં, અગ્નિકુંડમાંથી **શ્રી વલ્લભાચાર્યજી**નું પ્રાકટ્ય થયું હતું. તેથી તેમને અલૌકિક **"અગ્નિ સ્વરૂપ"** માનવામાં આવે છે.'

'આશ્ચર્યજનક ઘટના કહેવાય!'

'તેવી જ રીતે જ્યારે તેમણે ભૂતલ પરથી વિદાય લીધી ત્યારે પણ સદેહે **"તેજપુંજ"** રૂપે અંતરીક્ષ તરફ પ્રયાણ કર્યું હતું.'

‘અદ્ભુત ! પરંતુ ‘‘**અગ્નિ**’’નું તાત્પર્ય !’

‘‘અગ્નિ’’ ભગવાનના મુખાર્વિંદ રૂપ છે.’

‘તે કેવી રીતે ?’

‘તમે કોઈ યજ્ઞ થતો જોયો છે ?’

‘હા, તેમાં બ્રાહ્મણો ‘‘**સ્વાહા**’’ બોલી ઘી ઈત્યાદિ નાખતાં હોય છે !’

‘બિલકુલ. ‘‘**યજ્ઞ**’’ ભગવાનનું રૂપ છે તેમ શાસ્ત્ર કહે છે. યજ્ઞકુંડ ભગવાનનું મુખ છે. તેથી તેમાં વિવિધ પદાર્થોની આહુતિ અપાય છે, જે ભગવાન સ્વીકારે છે.’

‘તાત્પર્ય શું છે ?’

‘એજ કે શ્રી વલ્લભાચાર્યજી (અગ્નિરૂપ) ભગવાન શ્રીકૃષ્ણના મુખાર્વિંદનો અવતાર છે.’

‘એક મહત્ત્વપૂર્ણ પ્રમાણ એ છે કે સ્વયં શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના ‘‘સુબોધિની’’ નામક ગ્રંથની શરૂઆતમાં જ સ્પષ્ટતા કરી છે કે **‘‘આ વિશ્વના ઉધ્ધાર માટે ભાગવતનો સાચો અર્થ પ્રગટ કરવા માટે વાક્પતિ વૈશ્વાનર સિવાય અન્ય કોઈ સમર્થ હોઈ ન શકે, તેથી સ્વયં ભગવાને અવતાર રૂપ મને વેદવ્યાસજીની માફક મનુષ્ય દેહ ધારણ કરી, તે કરવા માટે આજ્ઞા કરી છે.’’** તેમની ભગવદ્રુપતાનું આથી વિશેષ શું પ્રમાણ હોઈ શકે ?’

‘અદ્ભુત ! હવે શંકાને સ્થાન જ નથી, પરંતુ તેમને ‘‘**વાક્પતિ**’’ અને ‘‘**વૈશ્વાનર**’’ શા માટે કહ્યા છે ?’’

‘તેઓ ભગવદ્ સ્વરૂપ હોવાથી વેદની ઋચારૂપ વાણીના પતિ ગણાય, માટે તેઓ ‘‘**વાક્પતિ**’’ કહેવાય અને અલૌકિક અગ્નિને ‘‘**વૈશ્વાનર**’’ કહેવાય, તેથી તેઓ એ નામથી પણ ઓળખાય છે.’

‘હજી એક સવાલ છે ! શ્રી વલ્લભાચાર્યજી તો સાડા પાંચસો વર્ષ

પૂર્વે થઈ ગયા તો આજે તેમને ‘‘**ગુરુ**’’ કેવી રીતે બનાવાય ?’

‘સારો સવાલ કર્યો. આપણે વિવિધ વિષયોનું જ્ઞાન તેના નિષ્ણાતોના પુસ્તકોથી જ મેળવતા હોઈએ છીએને ! ભલે તેઓ આજે હયાત ન હોય, બરાબરને ?’

‘વાત તો સાચી છે !’

‘કોઈકને ‘‘ગુરુ’’ બનાવવાનું પ્રયોજન તો તેમના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનું, તેમનું માર્ગદર્શન મેળવવાનું જ હોય છે ને ?’

‘હા, ખરી વાત છે.’

‘જેમ ભાગવતની રચના વેદવ્યાસજીએ કરી છે, પરંતુ જેઓ આજે પ્રત્યક્ષ વિદ્યમાન નથી છતાં તેઓ ભાગવત ગ્રંથ દ્વારા પોતે સમાધિમાં જોયેલી ભગવાનની લીલાઓએ ગ્રંથ દ્વારા આપણાને સમજાવી રહ્યા છે. તેવી જ રીતે શ્રી વલ્લભાચાર્યજી પણ પરોક્ષમાં તેમના દ્વારા રચિત અનેક ગ્રંથોમાં બિરાજે છે. ભાગવત, જેવી રીતે ભગવાનનું ‘‘**વાંગ્મય સ્વરૂપ**’’ છે, તે પ્રમાણે શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથો પણ તેમનું ‘‘**વાંગ્મય સ્વરૂપ**’’ છે, અને તેના દ્વારા શાસ્ત્રોના ખુલાસા તેઓ કરી શકે છે.’

‘બીજી એક વાત મહત્ત્વની સમજવા જેવી છે.’

‘શું કહેવા માંગો છો ?’

‘જેમ ભગવાન **સર્વ સમર્થ - કાલાતિત** છે, તેમને માટે સ્થાન કે સમયની મર્યાદા હોતી નથી, તેઓ સર્વ કાલમાં, સર્વ સ્થાને અસ્તિત્વ ધરાવે છે તેમ ભગવદાવતાર શ્રી વલ્લભાચાર્યજીની હયાતિ વર્તમાનમાં નથી તેમ ન કહેવાય ! તેમનું એવું માહાત્મ્ય છે કે પોતે પ્રત્યક્ષ હાજર ન હોવા છતાં પોતાનાં વંશજ દ્વારા તેમનું ‘‘**અવતાર કાર્ય**’’ કરી શકે છે.’

‘સમજાય છે. તેમની હયાતિનું અન્ય કોઈ પ્રમાણ ખરું ?’

‘તેમના જીવનકાલ દરમ્યાન તેમણે સમગ્ર ભારતની ત્રણ વખત

પદયાત્રા કરી હતી. ત્યારે તેમણે કરેલા મુકામોના સ્થાનો તેમના **''બેઠકજીઓ''** તરીકે પ્રસિધ્ધ છે, જ્યાં તેમના અનુયાયિઓ તેમની સેવાર્થે જાય છે. ઘણા લોકોને તેમનો અનુભવ થયા હોવાના પ્રમાણ ઉપલબ્ધ છે. આજે પણ ઘણા શ્રધ્ધાળુઓને તેમના દર્શન / અનુભવ થાય છે.

૮. ''શુદ્ધાદ્વૈત વિચારધારા''

'તમે કહ્યું કે શ્રી વલ્લભાચાર્યજીએ **''શુદ્ધાદ્વૈત મત''** સ્થાપિત કર્યો છે, તેનું તાત્પર્ય શું ?'

'તમારા મનમાં **'ભગવાન'** વિશે જાણવાનું કૌતૂહલ છે. **''તમે કોણ છો''** તે તમે જાણતા નથી, આપણે આ વૈવિધ્યપૂર્ણ વિશાલ વિશ્વને જોઈએ છીએ, તે કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું, વગેરે અનેક બાબતો જાણવાની આપણી જિજ્ઞાસા હોય છે. આ બધી બાબતો વિશે શ્રી વલ્લભાચાર્યજીએ શાસ્ત્રોના આધારે જે ખુલાસા કર્યા છે, તેને તેમની **''શુદ્ધાદ્વૈત વિચારધારા''** કહેવાય છે.'

'પોતાના કયા ગ્રંથમાં તેમણે આ વિચારધારા પ્રસ્તુત કરી છે ?'

'આમ તો તેમણે અનેક ગ્રંથોમાં આ બધી બાબતોનો ઉલ્લેખ કરેલો છે, જેના નામ છે - **ષોડશ ગ્રંથો, સુબોધિની, અણુભાષ્ય** અને **તત્ત્વર્થદીપનિબંધ**, પરંતુ છેલ્લા ગ્રંથ જેને **''નિબંધ''** પણ કહેવાય છે, તેમાં તેમને આ વિષયોની વિસ્તૃત ચર્ચા કરી છે.'

'શું તેમાં તેમણે પોતાના વિચારો દર્શાવ્યા છે ?'

'ના, તેમણે આ ગ્રંથની શરૂઆતમાં જ ખુલાસો કર્યો છે કે **''આ ગ્રંથ હું વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો અને ભાગવતના પ્રમાણોના આધારે લખી રહ્યો છું.''** તેઓ **''સત્યવક્તા''** હોવાથી તેમણે આ કબુલાત

કરી છે.'

'શું આ તેમનો એક સળંગ ગ્રંથ છે ?'

'ના, તેમણે તે ત્રણ પ્રકરણોમાં આલેખ્યો છે.'

'કયા કયા પ્રકરણો છે ?'

'**૧. શાસ્ત્રાર્થ પ્રકરણ**, જેનો આધાર ગીતા છે ; ૨. **ભાગવતાર્થ પ્રકરણ**, જેનો આધાર ભાગવત છે, અને **૩. સર્વનિર્ણય પ્રકરણ**, જે અન્ય બધા જ વેદાદિ ભગવદ શાસ્ત્રોના આધારે લખ્યો છે.'

'એટલે કે તેમણે સમગ્ર શાસ્ત્રોનો સાર તેમના આ ગ્રંથમાં સમજાવ્યો છે !'

'બિલકુલ, તેઓ આ બધા શાસ્ત્રોને અલગ અલગ પ્રમાણ નથી કહેતા, પરંતુ તે સર્વ શાસ્ત્રોની એકવાક્યતાને ''**પ્રમાણ**'' માને છે.'

'સરસ. એટલે કહી શકાય કે તેમના વચન સંદેહરહિત છે !'

'તેથી જ તો તે સર્વગ્રાહ્ય છે.'

'સમજાય છે.'

''શુદ્ધાદ્વૈત'' શબ્દનું તાત્પર્ય છે ?'

'શુદ્ધાદ્વૈતમાં બે શબ્દો છે- ''**શુદ્ધ**'' અને ''**અદ્વૈત**''.

'તેનો શો અર્થ ?'

'જે બે હોય તેને ''**દ્વૈત**'' કહેવાય, જે બે જુદા જુદા ન હોય, પરંતુ એક જ એકરૂપ હોય તેને ''**અદ્વૈત**'' કહેવાય.'

'શેના સંદર્ભમાં એક અને બેની વાત છે ?'

'**બ્રહ્મ** અને **જગત** વિશે.'

'એ તો બે અલગ અલગ બાબતો છે. ''**બ્રહ્મ**'' શબ્દથી ભગવાનનું જ તાત્પર્ય છે ને? અને ''**જગત**'' તો આ સમગ્ર વિશ્વ જેને આપણે જોઈ શકીએ છીએ - અનુભવી શકીએ છીએ ! એ બેની તુલના કેવી રીતે થઈ શકે ?'

'એજ તો સમજવાનું છે. યાદછે ઉપનિષદ વાક્ય **''એકમેવાદ્વિતિયં''**?

'એ તો **''બ્રહ્મ''** વિશે કહેવામાં આવ્યું છે ને, તે માત્ર એક જ છે, અન્ય કશું જ નથી!'

'બરાબર યાદ છે! તેથી શંકરાચાર્યજી કહે છે કે આ સૃષ્ટિમાં બ્રહ્મ સિવાય બીજા કશાનું અસ્તિત્વ નથી. માટે જેને આપણે **''જગત''** કહીએ છીએ તે **''મિથ્યા''** છે, તેવું વાસ્તવમાં કશું છે જ નહીં, તે આપણો ભ્રમ માત્ર છે.'

'પરંતુ જગતના વિવિધ પદાર્થોનો તો આપણે અનુભવ કરીએ છીએ!'

''તે આપણું અજ્ઞાન છે'' તેમ તેઓ કહે છે. ''બ્રહ્મ''ના સ્વરૂપને આપણે જાણતા નથી માટે. વાસ્તવમાં આ બધું બ્રહ્મ જ છે. તેથી તેમના મતને ''કેવલાદ્વૈત વાદ'' કહેવાય છે. એટલે કે માત્ર બ્રહ્મનું જ અસ્તિત્વ છે, તે તેમનો સિધ્ધાંત છે.'

'જો જગત જેવું કાંઈ નથી તો તે દેખાવાનું કારણ?'

'શંકરાચાર્યજી સમજાવે છે કે **''માયા''** નામની એક જાદુગરણી જેવી શક્તિ છે, જે ન હોય તેમ છતાં તેવું હોવાનો ભ્રમ ઊભો કરી શકે છે.'

'આશ્ચર્ય થાય તેવું છે. ઉપનિષદની વાત માનીએ તો આ સાચું લાગે છે! તો શું શ્રી વલ્લભાચાર્યજી આ વાત નથી સ્વીકારતા? તેઓ પણ વેદ-ઉપનિષદને તો પ્રમાણ ગણે જ છે ને!'

'હા, પરંતુ આવું અર્થઘટન તેમને માન્ય નથી.'

'રસપ્રદ વાત છે!'

'તો પછી શ્રી વલ્લભાચાર્યજીની **''જગત''** વિશે શું માન્યતા છે?'

'તેઓ જગતને બ્રહ્મ જેવું જ **''સત્ય''** માને છે.'

'શંકરાચાર્યથી બિલકુલ ઉલ્ટું જ અર્થઘટન!'

'હા, પરંતુ તે તેમની કલ્પના નથી. તેઓ તે માટે ઉપનિષદ અને ભાગવતના પ્રમાણ આપે છે.'

'કયા પ્રમાણ છે?'

'ઉપનિષદ કહે છે- **''સર્વ ખલુ ઈદં બ્રહ્મ''**, આ જે જગત દેખાઈ રહ્યું છે, તે ખરેખર બ્રહ્મ જ છે.'

'એટલે કે જગત પણ બ્રહ્મનું જ રૂપ છે!'

'હા, કેમ ન હોઈ શકે? બ્રહ્મને **''સર્વ વ્યાપ્ત''** અને **''સર્વ સમર્થ''** કહ્યા છે, ખબર છે ને?'

'હા, પણ તેથી શું?'

'આ સૃષ્ટિ સર્વત્ર ફેલાયેલી છે, કારણ કે બ્રહ્મ સર્વ વ્યાપ્ત છે. ઉપનિષદે બીજી પણ વાત કહી છે.'

'શું?'

'ઉપનિષદનું વચન છે - **''એકોહું બહશ્યામ પ્રજાયેય''**. બ્રહ્મે વિચાર્યું, **''હું એકમાંથી અનેક થાઉં''**. તેથી તેણે અસંખ્ય રૂપ અને નામ ધારણ કરી લીધા.'

'કેવી રીતે?'

'માત્ર પોતાની ઈચ્છાથી જ. તે **''સર્વ સમર્થ''** છે. તે ધારે તે કરી શકે છે!'

'એટલે કે આ સૃષ્ટિના વિવિધ પદાર્થો તેના જ રૂપો છે?'

'બિલકુલ. જગતમાં જેટલા પણ જડ-ચેતન પદાર્થો દેખાય છે, તે ભગવાને પોતે જ ધારણ કરેલા છે.'

'અદ્ભુત! શું ભાગવતમાં પણ આવું કોઈ પ્રમાણ છે?'

'ભાગવતમાં સ્વયં ભગવાન કહે છે- **''પહેલા હું એકલો જ હતો, જ્યારે કાંઈ ન હતું, આ જગતરૂપે પણ હું જ છું, અને જ્યારે જગત**

નહીં હોય ત્યારે પણ હું જ હોઈશ''.

'પરંતુ ભગવાન તો **દૈવી તત્ત્વ** છે, જ્યારે જગતના પદાર્થો તો **ભૌતિક** છે, તેમાં દિવ્યતા દેખાતી નથી !'

'ખબર છે, લોકો યમુના-ગંગા દેવીની આરાધના કરે છે ?'

'હા, તે તો દેવીના રૂપ છે.'

'પરંતુ લોકો ગંગા-યમુનાદિના જલ પ્રવાહને પણ પૂજે છે ને ?'

'હા, એ સાચું છે.'

'કારણ કે તેમના દેવી રૂપ તેમના **''આધિદૈવિક સ્વરૂપ''** છે, જ્યારે નદી રૂપ તેમનું **''આધિભૌતિક સ્વરૂપ''** કહેવાય.'

'અર્થાત તે બન્નેમાં અભેદ છે.'

'બિલકુલ. તેવી જ રીતે **''ભગવાન શ્રીકૃષ્ણ''** બ્રહ્મનું **''આધિદૈવિક સ્વરૂપ''** છે અને **''જગત''** તેનું **''આધિભૌતિક સ્વરૂપ''** છે.

'સમજાય છે.'

'તેથી જ શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે બ્રહ્મ પોતેજ આ જગતરૂપ બન્યા છે, માટે જગત બ્રહ્મનું **''આધિભૌતિક સ્વરૂપ''** છે. આ કારણે જ તેઓ કહે છે કે બ્રહ્મ અને જગત વચ્ચે **''અદ્વૈત''** સંબંધ છે.'

'એટલે કે વસ્તુતઃ તે બે જુદા નથી, પરંતુ એક જ છે, બન્નેમાં **''અભેદ''** છે, એમજ ને ?'

'માટે શ્રી વલ્લભાચાર્યજી **''અદ્વૈત''** શબ્દ પ્રયોગ કરે છે.'

'એ તો સમજાયું, પરંતુ તેઓ તો **''શુદ્ધાદ્વૈત''** કહે છે. **''શુદ્ધ''** શબ્દ લગાડવાનું પ્રયોજન શું છે ?'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે બ્રહ્મ જગત રૂપ બનવા છતાં તેમાં કોઈ પ્રકારની વિકૃતિ આવતી નથી, જેવી રીતે સોનાની લગડીમાંથી કોઈ ઘરેણું બનાવીએ તો તેમાં સોનું જેમનું તેમ શુદ્ધ જ રહે

છે, તેમાં વિકાર આવતો નથી. ઉપરાંત જગત રૂપે બનવામાં માયા વગેરે કોઈ નિમિત્ત નથી, તેઓ પોતાની ઈચ્છા અને સામર્થ્યથી જગતરૂપ બન્યા છે. માટે **''શુદ્ધ અદ્વૈત''** કહ્યું છે. તેથી તેમનો મત **''શુદ્ધાદ્વૈત વાદ''** કહેવાય છે.'

'ઓહ, હવે સમજા છે કે તેમનો મત શંકરાચાર્યજીના **''કેવલાદ્વૈત વાદ''**થી અલગ કઈ રીતે પડે છે.'

'તેને **''બ્રહ્મવાદ''** પણ કહેવાય છે.'

''બ્રહ્મવાદ'' એટલે શું?'

'શંકરાચાર્યજી જગતને **''માયા''**નું સર્જન કહે છે. માયાનો અર્થ ભ્રમ અથવા ભ્રાંતિ થાય, માટે જ તેઓ જગતને **''મિથ્યા''** કહે છે. તેથી તેમના મતને **''માયાવાદ''** પણ કહેવાય છે.'

'ઓહ એમ વાત છે!'

'પરંતુ શ્રી વલ્લભાચાર્યજીના મતે જગત બ્રહ્મનું જ બીજું સ્વરૂપ છે, જગતમાં જેટલા **રૂપ** અને **નામ** છે, તે બધા બ્રહ્મના જ રૂપ અને નામ છે. એટલે કહી શકાય કે જગતમાં આપણે જે કાંઈ જોઈએ છીએ તે બધું જ **''બ્રહ્મ''** છે, બ્રહ્મ જેવું જ સત્ય છે. માટે તેમનો મત **''બ્રહ્મવાદ''** તરીકે ઓળખાય છે.'

'ખૂબ સરસ, અદ્‌ભુત!'

'આ બાબતનો ખુલાસો શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના નિબંધ ગ્રંથના મંગલાચરણમાં જ કરતા કહ્યું છે કે **''અદ્‌ભુત કર્મ કરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણ વિવિધ રૂપ અને નામ ધારણ કરી જગત રૂપે ક્રીડા કરી રહ્યા છે.''**

'હવે **''શુદ્ધાદ્વૈત''**નો મર્મ બરાબર સ્પષ્ટ થઈ ગયો! પરંતુ, એક વાત હજી સમજાતી નથી!'

૯. ‘‘બ્રહ્મ-પરમાત્મા-ભગવાન’’

‘જુઓ, આપણો મુદ્દો હતો- ‘‘**ભગવાન કોણ!**’’ તેને માટે બીજા બે શબ્દો પણ આવ્યા. વેદ-ઉપનિષદમાં તમે ‘‘**બ્રહ્મ**’’ કહ્યું. ક્યારેક ‘‘**પરમાત્મા**’’ શબ્દ પ્રયોગ પણ કર્યો, અને આપણે ‘‘**ભગવાન**’’ વિશે ચર્ચા કરીએ છીએ. આ અલગ અલગ નામોનું તાત્પર્ય શું? શું આ બધા જુદા જુદા દેવો છે? આમાં ઈશ્વર કોણ?’

‘તમારી વાત સાચી છે! કોઈ પણ અલગ અલગ નામોથી ગૂંચવાડામાં પડી જાય એ સ્વાભાવિક છે.’

‘તો પહેલા આ વાતનો ખુલાસો કરો.’

‘આનો ખુલાસો સ્વયં શ્રી વલ્લભાચાર્યજીએ જ પોતાના ‘‘**નિબંધ**’’ ગ્રંથની શરૂઆતમાં જ કરી દીધો છે. તેઓ સમર્થ ગુરુ છે, જેઓ શિષ્યોની મુંઝવણ જાણે છે. જુદા જુદા શાસ્ત્રોમાં વિભિન્ન નામોથી કોઈ પણ ભ્રમિત થઈ શકે છે.’

‘શું કહ્યું છે તેમણે?’

‘તેમણે સમજાવ્યું છે કે ‘‘**શ્રુતિ**’’ એટલે વેદાદિમાં જેને ‘‘**બ્રહ્મ**’’ કહ્યા છે, ‘‘**સ્મૃતિ**’’ એટલે ગીતા વગેરેમાં ‘‘**પરમાત્મા**’’ કહેવામાં આવ્યા છે, અને ભાગવત આદિ પુરાણોમાં જેમને માટે ‘‘**ભગવાન**’’ શબ્દ વપરાયો છે, તે બધા જ નામો વસ્તુત: ‘‘**પરમ તત્ત્વ**’’ના જ છે જેમને ‘‘**બ્રહ્મ**’’ કહે છે.’

‘તો પછી આ વિભિન્ન નામો શા માટે?’

‘તે વિભિન્ન નામો જુદા જુદા સંદર્ભોમાં વપરાયા છે.’

‘કેવી રીતે?’

‘જુઓ, કોઈ પુરુષને ‘‘**કાકા**’’ ક્યારે કહેવાય?’

‘જ્યારે, તેને ભત્રીજો હોય ત્યારે.’

‘તમે કોઈ સ્ત્રીને ‘‘**ભાભી**’’ સંબોધન કોના સંબંધથી કરવામાં આવે?’

‘‘દિયર’’ના સંબંધથી.’

‘એટલે સ્ત્રીઓ બધી છે, પરંતુ દિયરના સંબંધથી તેને ‘‘**ભાભી**’’ કહેવાય. તેવી જ રીતે, ભત્રીજાના સંબંધથી પુરુષને ‘‘કાકા’’ કહેવાય.’

‘હા, સમજાય છે.’

‘અર્થાત્ ‘‘**ભાભી**’’, ‘‘**કાકા**’’ વગેરે શબ્દોનો પ્રયોગ વિશિષ્ઠ સંદર્ભમાં કરવામાં આવે છે ! ખરુંને?’

‘બરાબર છે.’

‘તે જ પ્રમાણે ‘‘**પરમ તત્ત્વ**’’ને પણ અલગ અલગ સંદર્ભોમાં જુદા જુદા નામોથી સંબોધવામાં આવે છે.’’

‘વધુ ખુલાસો કરો તો સમજાય !’

‘જ્યારે તે ‘‘**પરમ તત્ત્વ**’’ને આપણે સર્વવ્યાપક માનીએ ત્યારે તેને ‘‘**બ્રહ્મ**’’ કહેવાય કારણ કે તેનો અર્થ જ થાય જે ‘‘**સર્વ વ્યાપ્ત**’’ છે.

‘શું તેથી વેદ અને ઉપનિષદમાં તેને માટે ‘‘બ્રહ્મ’’ શબ્દ કહેવામાં આવ્યો છે?’

‘હા, જે અર્થમાં ‘‘**પરમ તત્ત્વ**’’ આ જગતનો સર્જક બને છે, તેનો નિયામક બને છે અથવા તેનો આધાર કહેવાય છે, તે અર્થમાં તે ‘‘**બ્રહ્મ**’’ છે. આ નામથી તેનો કોઈની સાથે વિશિષ્ટ સંબંધ નથી, તે સમગ્ર બ્રહ્માંડ સાથે સંલગ્ન છે.’

‘તો પછી ‘‘**પરમાત્મા**’’?’

‘જ્યારે આપણે ‘‘પરમ તત્ત્વ’’ને ‘‘**પરમાત્મા**’’ કહીએ ત્યારે આપણો તેની સાથે એક વિશિષ્ટ સંબંધ સ્થાપિત થાય છે. ‘‘બ્રહ્મ’’ શબ્દથી તે ‘‘પરમ તત્ત્વ’’ **અમૂર્ત, અગોચર, અવ્યક્ત** છે, આપણે તેને

વ્યક્ત કરી શકતા નથી. પરંતુ ‘‘**પરમાત્મા**’’ શબ્દ તેને એક ચોક્કસ અર્થ આપે છે. આપણે ‘‘**જીવાત્મા**’’ કહેવાઈએ, ત્યારે તે ‘‘**પરમ આત્મા**’’ - ‘‘**પરમાત્મા**’’ કહેવાય !’

‘ઓહ, થોડું થોડું સમજાય છે.’

‘આપણે સારા ખોટા કામ કરીએ ત્યારે આપણે કહેતા હોઈએ છીએ કે ‘‘**પરમાત્મા**’’ બધું જુએ છે. કોઈ સત્કર્મ કરીએ ત્યારે પણ માનીએ છીએ કે પરમાત્માની પ્રસન્નતા માટે કરીએ છીએ. આપણા સત્કાર્યો, સદ્‌વિચારો, આપણી સદ્‌ભાવનાઓમાં આપણે પરમાત્માની અનુભૂતિ કરતા હોઈએ છીએ.’

‘સાચું છે, ‘‘બ્રહ્મ’’ શબ્દ બોલાવાથી આપણો તેની સાથે કોઈ વ્યક્તિગત સંબંધ હોય તેવો અહેસાસ થતો નથી, જેવો ‘‘પરમાત્મા’’ કહેવાથી થાય છે.’

‘બિલકુલ, એટલે સમજાય છે ને ‘‘**બ્રહ્મ**’’ અને ‘‘**પરમાત્મા**’’ એ બે શબ્દો વચ્ચેનો ભેદ !’

‘અદ્‌ભુત ! તો ‘‘**ભગવાન**’’ શબ્દનું તાત્પર્ય શું ?’

‘‘પરમાત્મા’’ શબ્દથી તે ‘‘પરમ તત્ત્વ’’નો પ્રાણી માત્ર સાથે સંબંધ સ્થાપિત થાય છે, પરંતુ કોઈ ભક્ત સાથે વ્યક્તિગત સંબંધ સ્થપાતો નથી ખરુંને ?’

‘હા, બરાબર છે.’

‘પરંતુ તે પરમાત્મા જ્યારે ભૂતલ ઉપર અવતાર ધારણ કરે છે, ત્યારે તે વિશિષ્ટ બને છે. તેમનો કોઈ ભક્ત સાથે સંબંધ સ્થાપિત થાય છે.’

‘કેવી રીતે ?’

‘પરમાત્મા જ્યારે ભક્ત પ્રહ્‌લાદની રક્ષા કરવા માટે ‘‘**નૃસિંહજી**’’નું રૂપ ધારણ કરી પ્રકટ થયા ત્યારે તેમનો પ્રહ્‌લાદજી

સાથે વ્યક્તિગત સંબંધ સ્થાપિત થયો. શ્રી રામચંદ્રજી સ્વરૂપે પરમાત્માએ અવતાર લીધો ત્યારે અયોધ્યાવાસીઓ, શબરી વગેરે અનેક ભક્તો સાથે તેમનો સંબંધ સ્થપાયો, ત્યારે તેઓ **"ભગવાન"** કહેવાયા.'

'શું એટલે પરમાત્મા અવતાર ધારણ કરે ત્યારે **"ભગવાન"** કહેવાય?'

'બિલકુલ. પરમાત્માને જ્યારે કોઈ ભજે, ત્યારે તે ભક્તના સંદર્ભમાં તેમને **"ભગવાન"** કહેવાય, જેવી રીતે ભત્રીજાના સંબંધથી કોઈ વ્યક્તિની **"કાકા"** તરીકે ઓળખાણ થાય છે.'

'સમજાયું, પરમાત્માની કોઈ ભક્તિ કરે ત્યારે તેમને **"ભગવાન્"** કહેવાય, એમજને?'

'બરાબર. "ભગવાન" શબ્દનું એક ખાસ તાત્પર્ય છે.'

'તે શું?'

"ભગવાન" એટલે **"ભગ વાલા"**. **"ભગ"** એટલે ગુણ અથવા ધર્મ. પરમાત્મા જ્યારે ભગવાન તરીકે પ્રકટ થાય છે, ત્યારે તેમનામાં રહેલા છ વિશિષ્ટ ધર્મો પ્રકટ થાય છે.'

'કયા ધર્મો?'

'ભગવાનમાં **ઐશ્વર્ય,વીર્ય, યશ, શ્રી, જ્ઞાન** અને **વૈરાગ્ય** એ છ ગુણો રહેલા છે. તેથી જ તેમને "ભગવાન" કહેવાય છે.' આમ તેઓ **"ષડગુણ સંપન્ન"** કહેવાય છે.'

'હવે સ્પષ્ટ થયું. આ ત્રણ નામોનું તાત્પર્ય.'

'તેથી શ્રી વલ્લભાચાર્યજીએ ખુલાસો કર્યો છે કે તેમણે પોતાના નિબંધ ગ્રંથના ત્રણ પ્રકરણોમાં અલગ અલગ શબ્દોનો પ્રયોગ કર્યો છે. શાસ્ત્રાર્થ પ્રકરણમાં તેમણે **"બ્રહ્મ"** શબ્દ પ્રયોગ કર્યો છે, સર્વનિર્ણય પ્રકરણમાં **"પરમાત્મા"** તરીકે સંબોધન કર્યું છે, જ્યારે ભાગવતાર્થ પ્રકરણમાં **"ભગવાન"** કહ્યા છે.'

'પરંતુ તે બધા નામ વાસ્તવમાં તો તે ''**પરમ તત્ત્વ**''ના જ છે, એમજ ને?

'બરાબર સમજ્યા.'

૧૦. ''પરમ તત્ત્વ – શ્રીકૃષ્ણ''

'પરંતુ હજી એક સવાલ ઊભો છે. વારંવાર તમે ''**કૃષ્ણ**'' નામનો ઉલ્લેખ કર્યો છે. તો તેઓ આ ત્રણમાં કોનું નામ છે?'

'બહુ સરસ સવાલ કર્યો!' ''**ભગવાન**'' શબ્દનું તાત્પર્ય તો સમજાયું ને? ભાગવત કહે છે- ''**કૃષ્ણ સ્વયં જ ભગવાન છે.**''

'એટલે તેમણે ''**કૃષ્ણ**'' રૂપે અવતાર ધારણ કર્યો માટે તેઓ ''**ભગવાન**'' કહેવાય!

'ના, તેમનો ''**અવતાર**'' નથી, જેવી રીતે વામન, નૃસિંહ કે બુદ્ધના અવતાર થયા. કૃષ્ણ તો સ્વયં ''**અવતારી**'' છે, જેમણે આ બધા અવતારો લીધેલા છે.'

'ઓહ, એટલે તેઓ ''**પરમ તત્ત્વ**''નું જ મૂળ સ્વરૂપ છે?'

'હા, બ્રહ્મ, પરમાત્મા, ભગવાન એ બધા જ નામો તેમના જ છે. તેથી તેમને ''**પરબ્રહ્મ પરમાત્મા ભગવાન કૃષ્ણ**'' કહેવાય.'

'એટલે એ ત્રણેય નામો વિશેષણ તરીકે ''**કૃષ્ણ**'' માટે વપરાય!'

'બિલકુલ!'

'પરંતુ, આનું કોઈ પ્રમાણ આપશો?'

'ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે- ''**વેદ મારું જ પ્રતિપાદન કરે છે**'' અર્થાત્ ''**વેદમાં મને જ બ્રહ્મ કહ્યો છે.**''

'મતલબ કે ''કૃષ્ણ'' નામ કોઈ દેવતાનું નથી, એમજ ને?'

'હા, ''**કૃષ્ણ**'' નામ જ ''**પરમ તત્ત્વ**''નો સંકેત કરે છે.'

'એમ શા માટે માની લેવાય?'

'કારણ કે "**કૃષ્ણ**" શબ્દમાં બે અક્ષર છે - "**કૃષ્**" અને "**ણ**". પહેલાંનો અર્થ થાય - "**સત્ અથવા સત્તા**" એટલે "**અસ્તિત્વ**" અને "**ણ**"નો અર્થ છે- "**આનંદ**". અર્થાત કૃષ્ણ શબ્દનો અર્થ જ "**સદાનંદ**" થાય, જે "**પરમ તત્ત્વ**"નું મૂળ સ્વરૂપ છે !'

'એટલે ગીતાનો ઉપદેશ સ્વયં પરમાત્મા એ જ આપેલો છે ?'

'બરાબર સમજ્યા !'

'ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા, સર્વોચ્ચ તત્ત્વ હોવાના તો અસંખ્ય પ્રમાણો ગીતા, ભાગવત આદિ પુરાણો, ઉપનિષદોમાં પ્રાપ્ત થાય છે.'

'અન્ય શાસ્ત્રો-પુરાણોમાંથી પ્રમાણ આપશો ?'

"બ્રહ્મ સંહિતા"માં સ્વયં બ્રહ્માજી કહે છે કે 'કૃષ્ણ અનાદી, પુરાણપુરુષ, સર્વના મૂળ સંચાલક છે. સર્વના કારણોનું કારણ છે' અર્થાત્ તેઓ જ આ જગતનું કારણ છે.'

'તો શું મહાદેવજીનું આવું કોઈ વચન છે ?'

'વિષ્ણુ પુરાણમાં શિવજી કહે છે કે '**સર્વ આરાધનાઓમાં વિષ્ણુ અર્થાત કૃષ્ણની આરાધના શ્રેષ્ઠ છે.**' આ બન્ને દેવો સૃષ્ટિની ઉત્પત્તિ અને સંહારના સંચાલક છે.'

'ભાગવતનું પ્રમાણ કહેશો ?'

'ભાગવત તો સ્પષ્ટ જ કહે છે - "**કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં**". શુકદેવજી સમજાવે છે કે નારદ, બ્રહ્મા, વરુણ આદિ સર્વે કૃષ્ણની સ્તુતિ કરે છે, સોમવેદ ઉપનિષદો તેમનું ગાન કરે છે, યોગી-જ્ઞાની તેમનું ધ્યાન ધરે છે, સુર કે અસુર તેમનો આદિ - મધ્ય - અંત જાણી શકતા નથી. ગોવર્ધન લીલા તેમજ કૌતુક લીલામાં અનુક્રમે ઈંદ્રે તેમજ બ્રહ્માજીએ પણ કબુલ્યું છે કે "**શ્રી કૃષ્ણ સાક્ષાત પરબ્રહ્મ છે.**"

'અને ગીતા?'

'ગીતામાં તો અર્જુન ભગવાન કૃષ્ણની ઓળખાણ કરાવતા જ કહે છે કે તેઓ **પરબ્રહ્મ, પરમધામ, પરમપવિત્ર, પરમપુરુષ, આદિદેવ, દિવ્ય, અજન્મા** છે.'

'તો શું ભગવાન કૃષ્ણના કોઈ વચન ખરા?'

'કેવો સવાલ કરો છો? તેઓ કહે છે કે **''લોક અને વેદમાં હું જ પુરુષોત્તમ નામથી પ્રસિધ્ધ છું''. ''જેમ દોરામાં માણેક પરોવાયેલા હોય તેમ સર્વ કાંઈ મારી સાથે જોડાએલ છે'.**

'શ્રીકૃષ્ણે અર્જુનને શું ઉપદેશ આપ્યો છે?'

''મારામાં મન લગાવ, મનેજ ભજ, મારે જ શરણે આવ - હું તને મુક્ત કરીશ, મારી સમાન કે મારાથી અધિક કોઈ નથી,'' ઈત્યાદિ વચનો શું ''પરમાત્મા'' સિવાય કોઈ કહી શકે?'

'અદ્ભુત! મતલબ બધા જ શાસ્ત્રો એક સુરમાં પ્રતિપાદિત કરે છે કે **''શ્રીકૃષ્ણ'' પરમોચ્ચ તત્ત્વ છે.**'

'શું હજી કોઈ સંશય છે?'

''કૃષ્ણ'' પરમતત્ત્વ છે, તે તો બરાબર સમજમાં આવ્યું, પરંતુ આપણે **''ભગવાન શ્રીરામ''**, **''ભગવાન બુદ્ધ''** વગેરે પણ કહેતા હોઈએ છીએ! તો શું તેઓ ભગવાન ન કહેવાય? તેમનામાં અને ભગવાન શ્રીકૃષ્ણમાં ફરક શું?'

'આવો જ સવાલ શ્રી વલ્લભાચાર્યજીને તેમના એક સેવક ગદાધારદાસના કાકાએ પૂછ્યો હતો. તેમણે પણ એમ કહેલું કે ભગવાન તો બધા જ સરખા હોયને? તમે કૃષ્ણને મહત્તા કેમ આપો છો?'

'શું ખુલાસો કર્યો હતો શ્રી વલ્લભાચાર્યજીએ?'

'તેમણે સમજાવેલું કે પ્રત્યેક પ્રદેશના અધિપતિને **''રાજા''** કહેવાય

છે, પરંતુ સમગ્ર દેશના રાજાને **''ચક્રવર્તી રાજા''** કહેવાય છે, જેના નિયંત્રણમાં બધા રાજાઓ હોય છે.'

'જેમ પહેલાં દિલ્હીમાં શહેનશાહનું રાજ હતું, જે સમગ્ર દેશ પર શાસન કરતો હતો.'

'હા, પરંતુ પ્રત્યેક પ્રદેશના પણ અલગ અલગ શાસનકર્તાઓ હતા, જેઓ પણ **''રાજા''** કહેવાતા હતા.' તેમ છતાં તેઓ સર્વ સત્તાધીશ ન હતા. તેઓ, જે સર્વોપરિ **''ચક્રવર્તી રાજા''** હતો, તેના નિયંત્રણમાં બધા રાજાઓ હતા.'

'એટલે કે વિભિન્ન રાજાઓ અને ચક્રવર્તી રાજામાં ભેદ છે ?'

'બિલકુલ, તેવી જ રીતે **શ્રીકૃષ્ણ** ચક્રવર્તી રાજાની માફક સર્વસામર્થ્યવાન ષડગુણ સંપન્ન ભગવાન કહેવાય પરંતુ અન્ય સર્વે દેવ-દેવીઓ તેમની જ વિભૂતિરૂપ છે, જેમનામાં જે તે અવતારો માટે આવશ્યક સામર્થ્ય જ હોય છે.'

'શું એટલે જેમ જુદા જુદા મંત્રીઓને અલગ અલગ કાર્ય સોંપવામાં આવેલા હોય, તેમની પાસે મર્યાદિત સત્તા હોય, જ્યારે ''પ્રધાન મંત્રી'' સર્વ સત્તાધીશ હોય છે તેમ ?'

'હા, તેમ સમજી શકાય ! મુખ્ય ત્રણ દેવતાઓ - **બ્રહ્મા, વિષ્ણુ, મહેશ** એ અનુક્રમે **રજસ્, સત્વ** અને **તમસ્** ગુણના અધિષ્ઠાતા દેવ છે, જેમને **ઉત્પત્તિ, પાલન** અને **સંહાર**નું કાર્ય સોંપેલું છે, પરંતુ શ્રીકૃષ્ણ સર્વ સત્તાધીશ સર્વોપરિ છે.'

'શું વિભિન્ન દેવીઓમાં પણ તેવી જ રીતે મર્યાદિત સત્તા હોય છે ?'

'બિલકુલ, **લક્ષ્મીજી** ધનની અધિષ્ઠાત્રી દેવી છે, તેમ **સરસ્વતીજી** જ્ઞાની અધિષ્ઠાત્રી દેવી છે.'

'બહુ સરસ ! હવે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ અને તેમની વિભૂતિરૂપ વિભિન્ન દેવી-દેવતાઓમાં તારતમ્ય સ્પષ્ટપણે સમજાવ્યું.'

૧૧. ‘‘સચ્ચિદાનંદ બ્રહ્મ’’

‘‘પરમ તત્ત્વ’’ શું છે, તે તો સમજાયું, પરંતુ તેનું સ્વરૂપ કેવું છે ?’

‘શ્રુતિમાં ‘‘**પરમ તત્ત્વ**’’ને માટે કહ્યું છે- ‘‘**સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ**’’ તથા ‘‘**સત્યં વિજ્ઞાન આનંદમ બ્રહ્મ**’’, એટલે કે તે ‘‘સચ્ચિદાનંદ’’ છે. અર્થાત તે ‘‘**સત**’’ - ‘**અસ્તિત્વ**’, ‘‘**ચિત**’’ - ‘**ચૈતન્ય**’ અને ‘‘**આનંદ**’’ યુક્ત છે.’

‘એટલે શું આ ત્રણ બ્રહ્મના મૂળભુત ‘તત્ત્વો’ છે ?’

‘હા, શ્રી વલ્લભાચાર્યજી ‘નિબંધ’ ગ્રંથમાં સમજાવે છે કે બ્રહ્મ ‘‘**સચ્ચિદાનંદ રૂપ, વ્યાપક અને અવ્યય**’’ છે. તે બધી જાતની ‘‘**શક્તિઓથી પરિપૂર્ણ**’’ છે, ‘‘**સ્વતંત્ર**’’ તથા ‘‘**સર્વજ્ઞ**’’ છે તેમજ પ્રકૃતિના ગુણોથી વર્જિત છે.’

‘**વ્યાપક** અને **અવ્યય** કહેવાનું તાત્પર્ય શું ?’

‘‘વ્યાપક શબ્દથી સમજાવે છે કે તે ‘‘**દેશ**’’ (સ્થાન) અને ‘‘**કાલ**’’ (સમય)ની મર્યાદામાં બંધાએલ નથી. એટલે કે તે સર્વત્ર એક સાથે, અને સર્વ કાલમાં - ભુત, વર્તમાન, ભવિષ્યમાં વિદ્યમાન છે. ‘‘**અવ્યય**’’ શબ્દથી તે ‘‘**અવિનાશી**’’ હોવાનું સૂચવે છે, એટલે તેના પરિમાણ વધ-ઘટ થતી નથી. તેનો ક્યારેય ઉચ્છેદ થતો નથી.’

‘શા માટે તેને **સર્વ શક્તિઓથી પરિપૂર્ણ**, **સ્વતંત્ર**, **સર્વજ્ઞ** કહે છે ?’

‘કારણ કે જે અપાર ‘‘**ક્રિયાશક્તિઓ**’’ અને ‘‘**જ્ઞાનશક્તિઓ**’’ વાળા હોય તેજ ‘‘**સ્વતંત્ર**’’ હોઈ શકે. તે ‘‘**સામર્થ્યવાન**’’ હોવાના કારણે ‘‘**નિર્ધર્મક**’’ હોવા છતાં ઉપાસ્ય બની શકે, અને બધાને વશમાં રાખી શકે, અને ગુણોથી વર્જિત હોવા છતાં ‘‘**ઐશ્વર્યાદિ ગુણો**’’

ધારણ કરી શકે.'

'શું એનું તાત્પર્ય એ છે કે તે ''બ્રહ્મ'' રૂપે વ્યાપક હોવા છતાં તેની ઉપાસના કરનાર ભક્તની સમક્ષ **''ભગવાન્''** રૂપે પ્રકટ થઈ શકે છે?'

'હા, એજ વાત **બ્રહ્મ** અને **ભગવાન** શબ્દોના ભેદમાં સમજાવી હતી!'

'સમજાય છે કે જે **સર્વજ્ઞ** અને **સર્વ શક્તિમાન** હોય તે જ બ્રહ્મ રૂપે **''સર્વ વ્યાપ્ત''** હોવા છતાં ભક્ત માટે ''ભગવાન'' બની શકે છે.'

'બિલકુલ.'

'શું બ્રહ્મમાં બીજા પણ ગુણો રહેલા છે?'

'બ્રહ્મમાં ગુણોનો ભંડાર છે, તેમ કહી શકાય!'

'એવા કયા વિશેષ ગુણો છે?'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે બ્રહ્મ સર્વના આધારભૂત છે, એટલે સમગ્ર વિશ્વ તેના પર ટકેલું છે. તે **'માયા'** શક્તિને પોતાના વશમાં રાખે છે. તે **''આનંદાકાર''** અને **''ઉત્તમ''** છે, તથા જગતમાં દેખાતા પદાર્થોના બાધા ગુણોથી વિલક્ષણ છે.'

'કયા શાસ્ત્રમાં આના પ્રમાણ મળે છે?'

'ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે કે **''માયા મારે આધીન છે, જેઓ મને ભજે છે, તે માયાને તરી શકે છે.''** તેઓ **આનંદાકાર** અને **ઉત્તમ** છે.'

'શું ભાગવતમાં ભગવાનના ગુણોનું વર્ણન છે?'

'ભાગવતમાં તો ભગવાનના અગણિત ગુણો વર્ણવવામાં આવ્યા છે, જેવા કે **સત્ય, પવિત્રતા, દયા, ક્ષાન્તિ, ત્યાગ** એવા અનંત ગુણો બતાવવામાં આવ્યા છે.'

'બ્રહ્મને **''સાકાર''** શા માટે કહ્યા છે?'

'સચ્ચિદાનંદ બ્રહ્મમાં મુખ્ય તત્ત્વ ''**આનંદ**'' છે, અને તેજ તેને ''**સાકારત્વ**'' પ્રદાન કરે છે. તૈત્તિરીય ઉપનિષદ કહે છે, ''**આનંદ જ બ્રહ્મ છે**''.

'અદ્‌ભુત!'

'ઉપનિષદ બ્રહ્મને માટે કહે છે- ''**તે રસરૂપ છે**'' તે રસ જ ''**આનંદ**'' છે.

'બ્રહ્મને તો ''**વ્યાપક**'' કહો છો, તો તેને આકાર કેવી રીતે હોઈ શકે? બ્રહ્મ તો ''**નિરાકાર**'' છે, એમ ઘણા કહે છે!'

''કૃષ્ણ એ પરબ્રહ્મ છે'', એ તો સ્વીકારો છો ને?'

'હા, હવે તેમાં સંદેહ નથી.'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે નિરાકાર વ્યાપક બ્રહ્મ નૂં આનંદમય ધનીભૂત સ્વરૂપ એજ ''**કૃષ્ણ**''.

'અર્થાત ''**કૃષ્ણ**'' બ્રહ્મનું ''**સાકાર**'' સ્વરૂપ છે?'

'બિલકુલ, તેથી જ તેઓ કૃષ્ણ માટે કહે છે ''**આનંદ માત્ર કરપાદમુખોદરાદિ**''!'

'શું તાત્પર્ય તેનું?'

'જેવી રીતે સાકરના બનેલા પૂતળાના પ્રત્યેક અવયવમાં સાકર જ હોય, તેવી જ રીતે ''**કૃષ્ણ**''ના સ્વરૂપમાં હસ્ત, ચરણ, મુખ, ઉદર સર્વ કાંઈ માત્ર આનંદરૂપ જ છે.'

'એટલે કૃષ્ણ આનંદનું સાક્ષાત સ્વરૂપ છે!'

'હા, તેથી જ ભાગવતમાં વર્ણવેલી શ્રીકૃષ્ણની કથા તેને શ્રવણ કરનારને આનંદ આપે છે, રસતરબોળ કરે છે.'

'શું એ જ કારણ છે કે શ્રી વલ્લભાચાર્યજી ''**કૃષ્ણભક્તિ**''ની તરફેણ કરે છે!'

'સ્વાભાવિક છે, જો આનંદ પ્રાપ્ત કરવો હોય તો, જેમનામાં આનંદ

પ્રચુર માત્રામાં હોય તેની જ ઉપાસના કરવી જોઈએ!'

''કૃષ્ણ ભક્તિ''નું માહાત્મ્ય સમજાય છે.'

'એક બાબત હજી સ્પષ્ટ નથી થઈ.'

'શું.'

'બ્રહ્મમાં અનંત ગુણો વિદ્યમાન છે, એટલે તે **''સગુણ''** છે, તે કૃષ્ણ સ્વરૂપે આનંદાકાર છે, અર્થાત **''સાકાર''** છે, બરાબર?'

'એજ તો સમજાવ્યું.'

'તો પછી કેટલાક તેને **''નિર્ગુણ-નિરાકાર''** શા માટે માને છે?'

'તમારી વાત સાચી છે. શંકરાચાર્યજી જ બ્રહ્મને **''નિર્ગુણ-નિરાકાર''** કહે છે.'

'આવો વિરોધાભાસ શા માટે, તેઓ પણ વેદ-ઉપનિષદ, ગીતાના પ્રમાણનો સ્વીકાર તો કરે જ છે!'

'શ્રુતિઓમાં બે પ્રકારના વિધાન મળે છે - કેટલીક શ્રુતિઓ બ્રહ્મનું **''સગુણ-સાકાર''** રૂપે પ્રતિપાદન કરે છે, તો અન્ય કેટલીક બ્રહ્મને **''નિર્ગુણ-નિરાકાર''** બતાવે છે.'

'ઓહ, એમ વાત છે?'

'શંકરાચાર્યજી તેથી કેટલીકને **''નિર્ગુણ શ્રુતિ''** કહે છે, અને બીજી **''સગુણ શ્રુતિ''** આમ બે વિભાગ કરે છે.'

'શું તાત્પર્ય છે તેમનું?'

'તેઓ એમ માને છે કે નિર્ગુણ શ્રુતિઓ જેનું વર્ણન કરે છે તે જ મુખ્ય બ્રહ્મ છે, જેને તેઓ **''પરબ્રહ્મ''** કહે છે, પરંતુ સગુણ શ્રુતિઓ જે બ્રહ્મ વિશે કહે છે, તે માત્ર ઉપાસના કરવા માટેના પ્રયોજનથી છે, તે ગૌણ છે, તેથી તેને **''અપરબ્રહ્મ''** નામ આપે છે.'

'ઓહ! એટલે તેમના દૃષ્ટિકોણથી બ્રહ્મનું વાસ્તવિક સ્વરૂપ **''નિર્ગુણ-નિરાકાર''** છે, જેને તેઓ **''પરબ્રહ્મ''** તરીકે સંબોધે છે.'

'હા, એમજ છે.'

'શંકરાચાર્યજીની વાતમાં વજૂદ તો જણાય છે, કારણ કે **સગુણ-નિર્ગુણ**, અથવા **સાકાર-નિરાકાર**, એકબીજાના વિરોધી ગુણો છે, જો એક હોય તો બીજું ન હોઈ શકે !'

'શ્રી વલ્લભાચાર્યજીએ આનો સરસ ખુલાસો આપ્યો છે. તેઓ કહે છે કે જ્યારે શ્રુતિ બ્રહ્મને "**સર્વ શક્તિવાળા**" કહે છે, એટલે કે બ્રહ્મ સર્વ પ્રકારનું સામર્થ્ય ધરાવે છે, તો તેમાં એક સાથે બન્ને ગુણો કેમ ન હોઈ શકે ? જેવી રીતે સર્પ સીધો હોઈ શકે, તેમ કુંડાલાકાર પણ હોઈ શકે છે. જેનામાં બધું જ સામર્થ્ય હોય, તેને માટે કશું અસંભવ ન હોય !'

'વાત સમજાય તેવી છે.'

'તેથી શ્રુતિમાં વિધાન છે કે "**તેને હાથ નથી, પણ પકડે છે, પગ નથી પણ દોડે છે, તે અણુથી પણ નાનો છે, અને મોટામાં મોટો છે. આવું માત્ર બ્રહ્મ માટે જ સંભવ બને, કેમકે તે લૌકિક નથી, અલૌકિક છે.**'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જો આપણે વેદને પ્રમાણ રૂપ સ્વીકારીએ તો તેના બધા વચનો સ્વીકારવા જોઈએ. તેના અર્થઘટનમાં આપણી બુધ્ધિ ચલાવવી જોઈએ નહીં.'

'બરાબર છે, પરંતુ, તો પછી બ્રહ્મને "**સગુણ**" માનવા કે "**નિર્ગુણ**" ?

'શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે બ્રહ્મ "**વિરુધ્ધધર્માશ્રયી**" છે, એટલે કે એકબીજાથી વિરુધ્ધ અનેક ધર્મોના તે આશ્રય છે એટલે કે તેમનામાં વિરુધ્ધ ધર્મો એક સાથે રહેલા છે. બ્રહ્મની તે વિશેષતા છે, અસામાન્ય ગુણ છે.'

'અદ્ભુત.'

‘બ્રહ્મમાં રહેલા પરસ્પર વિપરીત ગુણોનો ખુલાસો કરતાં શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે તેમાં પ્રકૃતિના **સત્વ, રજસ્, તમસ્** ગુણો નથી, તે અર્થમાં તેમને ‘‘**નિર્ગુણ**’’ કહ્યા છે, પરંતુ, ઐશ્વર્યાદિ દિવ્ય ષડગુણો ઉપરાંત અનંત ગુણો વિદ્યમાન છે, તેથી તે ‘‘**સગુણ**’’ છે.

‘સરસ હવે ‘‘**વિરુધ્ધધર્માશ્રય**’’ કહેવાનું તાત્પર્ય પણ સ્પષ્ટ સમજાયું. પરંતુ, શું ‘‘**સચ્ચિદાનંદ બ્રહ્મ**’’નો સંબંધ આ ‘‘**જગત**’’ સાથે જોડાએલ છે ?’

‘આપણે ‘‘બ્રહ્મ’’ કેવું છે, તે તો સમજ્યા, પરંતુ તેના કાર્ય વિશે જાણીએ તો આ વાત સમજાશે. ‘‘**સચ્ચિદાનંદાત્મક બ્રહ્મ**’’ જ આ જગતના ‘**કર્તા**’ અર્થાત ‘**સર્જનહાર**’ છે. તેઓ જ આ દૃશ્યમાન જગતને **ઉત્પન્ન કરનારા**, તથા તેના **પાલક** તેમજ **સંહારક** પણ છે.’

‘આ વાતનું પ્રમાણ છે ?’

‘જેવી રીતે ‘‘**બ્રહ્મનું સ્વરૂપ**’’ ‘‘**સત્-ચિત્-આનંદ**’’ રૂપ બતાવ્યું તેમ તૈત્તિરીય ઉપનિષદ ‘‘**બ્રહ્મનું કાર્ય**’’ સમજાવતા કહે છે - ‘‘**જેમાંથી આ પ્રાણીઓ જન્મે છે, જેમાં તે જીવે છે, અને અંતમાં જેમાં પુન: લીન થઈ જાય છે, તે બ્રહ્મ છે.**’’

‘ઓહ ! એટલે શ્રુતિ ‘‘બ્રહ્મ’’ની ઓળખાણ આ રીતે પણ આપે છે !’

‘શ્રી વલ્લભાચાર્યજીએ ‘‘**શબ્દ પ્રમાણો**’’ના આધારે જ બધો ખુલાસો કર્યો છે, તેમની કોઈ વાત પ્રમાણ વિના નથી.’

‘પરંતુ, સાંભળ્યું છે કે જગતની રચના તો બ્રહ્માજીએ કરી છે ! પણ બ્રહ્માજી ક્યાંથી આવ્યા કારણ કે અગાઉ કહેલું કે ‘‘**બ્રહ્મ સિવાય અન્ય કોઈ છે જ નહીં!**’’

‘ભગવાને પોતે જ ત્રણ દેવતાઓ- **બ્રહ્મા, વિષ્ણુ** અને **શિવ**ના રૂપ ધારણ કર્યા છે, જે પ્રકૃતિના ત્રણ ગુણો- **રજસ, સત્વ, તમસ**ના

અધિષ્ઠાતા દેવો છે. તેના દ્વારા ભગવાન આ સૃષ્ટિના અનુક્રમે **સર્જન, પાલન, સંહાર**નું કાર્ય કરે છે.'

'પરંતુ આ પ્રકૃતિ અને તેના ગુણોનું અસ્તિત્વ ક્યાંથી આવ્યું?'

'ભગવાને જ્યારે આ સૃષ્ટિની રચના કરી ત્યારે તેમના જ **સત્, ચિત્** અને **આનંદ** તત્ત્વો અનુક્રમે **સત્વ, રજસ** અને **તમસ** ગુણ તરીકે પ્રકટ થયા છે!'

૧૨. ''કાર્ય-કારણ સંબંધ''

'ભગવાને આ સૃષ્ટિની રચના કેવી રીતે, શેમાંથી કરી, જ્યારે તેમના સિવાય બીજું કાંઈ હતું જ નહીં?'

'સરસ સવાલ પૂછ્યો, પરંતુ તે સમજતા પહેલાં ''**ઉત્પત્તિ**''ની પ્રક્રિયા સમજવી પડશે!'

'શું છે તે વિશિષ્ટ પ્રક્રિયા?'

'તમને ખબર છે કે ઘડો શેમાંથી બને છે?'

'માટીમાંથી સ્તો!'

'કોણ બનાવે છે?'

'કુંભાર હોય તો જ ઘડો બને ને!'

'કેવી રીતે બનાવે?'

'તેના ઓજાર - ચાકડો અને ડંડાથી.'

'અર્થાત ઘડો બનાવવા ''**માટી, કુંભાર** અને **તેના ઓજારો**''ની જરૂર પડે!'

'બરાબર.'

'શાસ્ત્રની ભાષામાં માટીને ઘડાનું ''**ઉપાદાન** અથવા **સમવાયી કારણ**'' કહેવાય છે, જ્યારે કુંભાર તેમજ તેના ઓજારોને ''**નિમિત્ત**

કારણ'' કહેવાય છે. જ્યારે ઘડાને માટીનું ''**કાર્ય**'' કહેવાય.'

'એટલે શું, જેમાંથી અને જેના દ્વારા કોઈ વસ્તુ ઉત્પન્ન થા. તેને ''**કારણ**'' કહેવાય અને જે વસ્તુ ઉત્પન્ન થાય તે ''**કાર્ય**'' કહેવાય, બરાબર?'

'બિલકુલ. તેવી જ રીતે આ જગતના બનાવનાર અર્થાત્ ''**નિમિત્ત કારણ**'' ભગવાન છે, અને બનાવ્યું પણ છે તેમણે, પોતાનામાંથી જ, અર્થાત્ ''**ઉપાદાન કારણ**'' પણ ભગવાન છે.'

'અર્થાત્ - ઘડા રૂપ ''**કાર્ય**'' એટલે ''**જગત**'', અને જેમાંથી જગતને ઉત્પન્ન કર્યુ છે, તે માટી રૂપ ''**ઉપાદાન કારણ**'' તેમજ, તેને બનાવનાર કુંભાર રૂપ તથા તેના ઔજાર રૂપ ''**નિમિત્ત કારણ**'' પણ ભગવાન છે, એમજ ને?'

'હા, તેથી ભગવાન જ જગતના ''**ઉપાદાન**'' તેમજ ''**નિમિત્ત**'' કારણ કહેવાય છે.'

'પરંતુ ઘડાની બાબતમાં ''**ઉપાદાન કારણ**'' માટી અને ''**નિમિત્ત કારણ**'' કુંભાર તથા તેના ઔજાર જુદા જુદા છે, જ્યારે જગતની બાબતમાં તે સર્વકાંઈ ભગવાન જ છે, તેથી કહેવાય કે ''**બ્રહ્મ જગતનું અભિન્ન નિમિત્તોપાદન કારણ છે**'' અથવા ''**જગત ભગવત્કાર્ય છે**'', એમ કહેવાય.'

'એટલે ભગવાને પોતે પોતાનામાંથી જગત બનાવ્યું છે.'

'આપણે બીજું ઉદાહરણ લઈએ. ''**તલ**''ને પિલવામાં આવે એટલે ''**તેલ**'' નીકળે, ખરુંને?'

'એટલે કે શાસ્ત્રની ભાષામાં તલને ''**ઉપાદાન કારણ**'' કહેવાય અને તેલ તેનું ''**કાર્ય**'' કહેવાય, એમજ ને?'

'બરાબર સમજ્યા, પરંતુ તલમાંથી તેલ એટલા માટે નીકળે છે તલમાં તેલ પહેલેથી રહેલું હોય છે, અર્થાત્ ''**કાર્ય**''નું અસ્તિત્વ

''**કારણ**''માં પૂર્વમાં જ હોય છે. રેતીને પિલાવાથી તેલ નહીં નીકળે, કેમકે રેતીમાં તેલ મૌજુદ નથી હોતું.'

'સમજાય છે.'

'તેનો અર્થ એ પણ થયો કે તલમાં તેલ ઉત્પન્ન કરવાની ક્ષમતા રહેલી છે, અર્થાત્ ''**કાર્ય**'' ઉત્પન્ન કરવાની ક્ષમતા ''**કારણ**''માં મૌજુદ છે.'

'સ્વાભાવિક છે.'

'તેથી તલને તેલનું ''**સમવાયી કારણ**'' કહેવાય છે.

'તેવી જ રીતે ''બ્રહ્મ''-''જગત''નું ''**સમવાયી કારણ**'' છે, એમજ ને?'

'હા, કારણ કે ''**કાર્ય**'' રૂપી જગત, બ્રહ્મમાં પહેલેથી રહેલું છે.'

'હવે આ બાબત સ્પષ્ટપણે સમજાઈ ગઈ.'

'આને ''**સત્કાર્યવાદ**''નો સિધ્ધાંત કહેવાય છે, જેના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાનો દાર્શનિક સિધ્ધાંત પ્રતિપાદન કર્યો છે.'

'સરસ.'

'આવો જ બીજો સિધ્ધાંત ''**અવિકૃત પરિણામવાદ**''નો છે.'

''અવિકૃત પરિણામ''થી તાત્પર્ય શું છે?'

'જ્યારે દૂધમાં મેળવણ નાંખીએ ત્યારે તેનું દહીં બને છે, અર્થાત્ દહીં રૂપે પરિણામ પામે છે. પરંતુ શું દહીં પાછું દૂધ બની શકે?'

'ના. શું રહસ્ય છે તેનું?'

'કારણ કે દૂધના બંધારણમાં ''**વિકાર**'' આવી જાય છે. તેથી તેને ''**વિકૃત પરિણામ**'' કહેવાય છે.'

'ઓહ, એટલે કે દૂધના ગુણધર્મો બદલાઈ જાય છે!'

'હા, પણ જ્યારે સોનાની લગડીમાંથી વિવિધ આભુષણ બનાવીએ તો શું સોનાના ગુણધર્મ બદલાય છે?'

'ના, આભુષણના રૂપમાં તે સોનું જ રહે છે. તેને ગાળવામાં આવે તો ફરી તે લગડી બની જાય.'

'તેનો અર્થ થયો કે આભુષણ બનવા છતાં, સોનામાં ''**વિકાર**'' આવતો નથી. સોનું જેમનું તેમ રહે છે. આને ''**અવિકૃત પરિણામ**'' કહેવાય.'

'એટલે શું એમ કહેવા માંગો છો કે બ્રહ્મ જગતરૂપ બને છે, છતાં તે સોનાની જેમ '**બ્રહ્મરૂપ**' જ રહે છે ! તેમાં કોઈ બદલાવ આવતો નથી ?'

'સાચું સમજ્યા. તેથી કહેવાય કે - ''**જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે.**''

'અદ્‌ભુત, એકદમ વાત સ્પષ્ટ થઈ ગઈ.'

'હજી એક મહત્ત્વનો સિધ્ધાંત સમજવો જરૂરી છે.'

'કયો સિધ્ધાંત ?'

'કેટલાક એવું માને છે કે કોઈ વસ્તુ પ્રકટ ન હોય અર્થાત પ્રત્યક્ષ દેખાય નહીં ત્યારે તેનો ''**અભાવ**'' હોય. પ્રત્યેક વસ્તુની ઉત્પત્તિ થાય છે, ત્યાં સુધી તેનું અસ્તિત્વ હોતું નથી.'

'કોઈક ઉદાહરણ આપો તો સમજાય !'

'બીજમાંથી વૃક્ષ ન થાય ત્યાં સુધી વૃક્ષનો અભાવ કહેવાય, કેમકે તેનું અસ્તિત્વ નથી. ''**ભાવ**'' એટલે હોવું, અને ''**અભાવ**'' એટલે ન હોવું.

'શ્રી વલ્લભાચાર્યજીનો દૃષ્ટિકોણ આના વિશે અલગ છે. તેઓ કહે છે કે એકમાંથી બીજી વસ્તુ ઉત્પન્ન થાય ત્યારે તેનો ''**આવિર્ભાવ**'' થયો, એમ કહેવાય.'

'એમ શાથી કહે છે ?'

'કારણ કે ''**સત્કાર્યવાદ**''ના સિધ્ધાંત પ્રમાણે ''**કારણ**''માંથી ''**કાર્ય**''ની ઉત્પત્તિ ત્યારે જ થાય, જ્યારે તેનું અસ્તિત્વ તેમાં પહેલેથી જ

હોય. એટલે કે કોઈ વસ્તુની નવીન ઉત્પત્તિ થતી નથી, તે પ્રકટ થાય છે. તેથી તેનો "**આવિર્ભાવ**" થાય છે. તેવી જ રીતે તે દેખાય નહીં ત્યારે તેનો નાશ થતો નથી, તેનો "**તિરોભાવ**" થયો તેમ કહેવાય.'

'વાત તો તર્કબધ્ધ લાગે છે, અદ્ભુત!'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે "**આવિર્ભાવ**" અને "**તિરોભાવ**" એ ભગવાનની શક્તિઓ છે. જ્યારે તેઓ ઈચ્છે ત્યારે કોઈ વસ્તુનો "**આવિર્ભાવ**" કરે છે, એટલે જે પ્રકટ કરે છે, અને ઈચ્છે ત્યારે તેને છુપાવી દે અથવા તેનો "**તિરોભાવ**" કરી નાંખે.' આને "**આવિર્ભાવ-તિરોભાવ**"નો સિધ્ધાંત કહેવાય છે.'

'એટલે કોઈ વસ્તુ દેખાવી કે નહીં તે ભગવાનની ઈચ્છા પર નિર્ભર છે!'

'બિલકુલ. આ સિધ્ધાંત દ્વારા તેઓ જગતની "**ઉત્પત્તિ**" અને "**લય**"ની પ્રક્રિયા સમજાવે છે.'

'કેવી રીતે?'

'બ્રહ્મમાં જગત રહેલું જ છે, પરંતુ જ્યારે તેઓ તેને પ્રકટ કરવા માંગે ત્યારે તેનો "**આવિર્ભાવ**" થાય છે, અને પાછું તેનો લય કરે ત્યારે તેને પોતાનામાં સમાવી દે, અર્થાત્ તેનો "**તિરોભાવ**" કરે.'

'અદ્ભુત!'

૧૩. "અક્ષર બ્રહ્મ"

'ભગવાને આ જગતનું સર્જન કઈ રીતે કર્યું છે?'

'ભગવાન આ જગતના "**ઉપાદાન**" અને "**નિમિત્ત**" કારણ છે, એ તો સમજાયુંને?'

'હા, તે બાબત સ્પષ્ટ થઈ કે ભગવાન પોતે પોતાનામાંથી જગત બનાવ્યું છે, પરંતુ તેની પ્રક્રિયા શું?'

'ભગવાન પહેલા એકલા જ હતા.'

''એકમેવાદ્વિતીયમ'', તેમ કહેલું!'

'હા, પરંતુ એકલાથી આનંદ માણી શકાય નહીં!'

'સ્વાભાવિક છે.'

'તેથી તેમણે બીજાની ઈચ્છા કરી. તેમણે વિચાર્યું- ''**હું અનેક થાઉં**'', અને તેમણે અનેક રૂપો ધારણ કરી લીધા.'

'આવું કેવી રીતે કહો છો?'

'હું નથી કહી રહ્યો, ઉપનિષદના આ વચનો છે!'.

'ઓહ, તો બરાબર.'

'સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ભગવાને ઈચ્છા કરી ત્યારે સર્વ પ્રથમ તેમણે પોતાના મૂળ સચ્ચિદાનંદ સ્વરૂપમાંથી આનંદ તત્ત્વને સહેજ ઘટાડીને પોતાનું એક વ્યાપક રૂપ ધારણ કર્યું. તેને '**અક્ષરબ્રહ્મ**' કહેવાય છે.'

'એટલે કે ''**અક્ષરબ્રહ્મ**'' બ્રહ્મનું જ બીજું સ્વરૂપ છે?'

'હા, તે આ સૃષ્ટિનું ''**સર્વકારણ રૂપ**'' છે. તે પણ ''**સચ્ચિદાનંદ**'' રૂપ જ છે, અર્થાત્ તેમાં બ્રહ્મના **સત્**, **ચિત્** અને **આનંદ** ત્રણેય તત્ત્વો રહેલા છે.'

'તો ''**પરબ્રહ્મ**'' અને ''**અક્ષરબ્રહ્મ**''માં ભેદ શું છે?'

'જેવી રીતે ગુલાબ અને તેની સુગંધમાં ભેદ છે. સુગંધ ગુલાબનો ગુણ અથવા તેનો ધર્મ છે, તેમ પરબ્રહ્મ ''**ધર્મી**'' (ધર્મને ધારણ કરનાર) છે, જ્યારે અક્ષરબ્રહ્મ તેનો ''**ધર્મ**'' છે.'

'સમજાયું.'

'બીજી રીતે અક્ષરબ્રહ્મ એ પરબ્રહ્મ પુરુષોત્તમનું ''**ધામ**'' પણ

કહેવાય અને પરબ્રહ્મને **''ધામી''** (ધામમાં નિવાસ કરનાર) કહેવાય છે.

'એટલે કે અક્ષરબ્રહ્મએ પરબ્રહ્મનો **''ધર્મ''** અને **''ધામ''** બન્ને છે.'

'હા, પરંતુ જેમ ગુલાબની સુગંધની અસર ગુલાબ કરતાં ઓછી હોય, તેમ અક્ષરબ્રહ્મ **''સચ્ચિદાનંદ''** રૂપ હોવા છતાં **''ગણિતાનંદ''** કહેવાય છે, કેમકે તેમાં આનંદ સીમિત હોય તેમ જણાય છે.

'ઓહ !'

'તેથી જ શ્રી વલ્લભાચાર્યજી **''કૃષ્ણાશ્રય સ્તોત્ર'**માં કહે છે- **''બધા દેવો પ્રાકૃત છે, શ્રી હરિ પૂર્ણાનંદ છે, અને અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.''** ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે- **''હું અક્ષરથી ઉત્તમ છું''**, તેનું આ જ કારણ છે.'

'અક્ષરબ્રહ્મની ઉત્પત્તિનું રહસ્ય શું છે ?'

'નિબંધ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જ્યારે ભગવાન જડ-ચેતન સૃષ્ટિ રૂપે પ્રકટ થવા ઈચ્છે છે ત્યારે પોતાના **'સત્'** અને **'ચિત્'** તત્ત્વોમાંથી **'પ્રકૃતિ'** અને **'પુરુષ'** એવા બે રૂપો ધારણ કરે છે, તેને **''અક્ષરબ્રહ્મ''** કહેવાય છે.'

'પ્રકૃતિ' અને 'પુરુષ'નું તાત્પર્ય શું છે ?'

'ભાગવત સમજાવે છે કે યુગો પૂર્વે પ્રલયકાળ વેલાએ મન અને વાણીની ગતિથી પર પરમ સત્યરૂપે બ્રહ્મે પોતાની માયા શક્તિ દ્વારા પોતાના બે વિભાગ કર્યા- પોતાની **'જ્ઞાન શક્તિ'** રૂપ **'પુરુષ'** અને **'ક્રિયાશક્તિ'** રૂપ **'પ્રકૃતિ'**. આને જ ગીતાજીમાં **'અક્ષર'** કહ્યું છે, જે **કૂટસ્થ, અચલ, અવ્યક્ત** છે.'

'એટલે કે **'પ્રકૃતિ'** અને **'પુરુષ'** એ બે અક્ષરના રૂપો છે !'

'બિલકુલ. નિર્ગુણ શ્રુતિ જેને નિર્ગુણ નિરાકાર કહે છે, તે **'અક્ષરબ્રહ્મ'**ના સ્વરૂપનું વર્ણન છે.'

'તો શું શંકરાચાર્યજી જેને પરબ્રહ્મ બતાવે છે તે '**અક્ષરબ્રહ્મ**' છે?'

'હા, જ્ઞાનિઓ અને યોગીઓ જે પરમ ફલને પામે છે, તે '**અક્ષરબ્રહ્મ**'.

'તો શું '**પુરુષોત્તમ**' સ્વરૂપ અલગ છે?'

'ચોક્કસ, તેથી જ તો ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં સ્વયં કહે છે કે **''આ ક્ષર (એટલે કે જગત)થી હું પર છું અને 'અક્ષર'થી પણ ઉત્તમ છું. તેથી લોકમાં અને વેદમાં હું પુરુષોત્તમ નામથી પ્રસિધ્ધ છું.''**

'ઓહ, હવે સમજાયો **પુરુષોત્તમ** અને **અક્ષરબ્રહ્મ** વચ્ચેનો ભેદ - એક ''**અગણિતાનંદ**'' અને બીજું ''**ગણિતાનંદ**''!'

'તેથી શ્રી વલ્લભાચાર્યજી ''**પુરુષોત્તમ**''ને બ્રહ્મનું ''**આધિદૈવિક સ્વરૂપ**'' કહે છે, જે સગુણ-સાકાર છે, જ્યારે ''**અક્ષરબ્રહ્મ**'' તેનું ''**આધ્યાત્મિક સ્વરૂપ**'' છે, જે નિર્ગુણ નિરાકાર છે.'

'શું એમ કહી શકાય કે શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મનું ''**સાકાર**'' સ્વરૂપ છે?'

'બરાબર સમજ્યા! તેથી જ શ્રી વલ્લભાચાર્યજી 'સિધ્ધાંત મુક્તાવલી ગ્રંથ'માં સ્પષ્ટ ખુલાસો કરે છે કે ''**પરબ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનંદકં બૃહત્**'' અર્થાત શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે, અને અક્ષરબ્રહ્મ ''**સચ્ચિદાત્મક**'' છે, ''**ક**'' પ્રત્યયથી એમ જણાવે છે કે ગણિતાનંદ જેવું લાગે છે, પૂર્ણાનંદ નથી.'

૧૪. ''કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરુષ''

''અક્ષરબ્રહ્મ''નું સ્વરૂપ તો સમજાયું. શું તેને સૃષ્ટિના સર્જનની પૂર્વભૂમિકા કહી શકાય?'

'હા, ''**અક્ષર**''ના જ રૂપાંતરો ''**પ્રકૃતિ**'' અને ''**પુરુષ**'' રૂપે

પ્રકટ થયા છે.'

'તો સૃષ્ટિની રચના ભગવાને કેવી રીતે કરી છે ?'

'જેમ આપણે મકાન બનાવવા માટે રેતી, સિમેન્ટ, ઈંટ વગેરે પદાર્થો જોઈએ છે, તેમ સૃષ્ટિનું સર્જન કરવા ભગવાન પોતે જ કેટલાક રૂપોમાં રૂપાંતરીત થયા છે, જેના દ્વારા આ સૃષ્ટિની રચના તેમણે કરી છે.'

'તે કયા રૂપો છે ? કેવી રીતે તે રૂપો પ્રકટ થયા છે ?'

'શ્રી વલ્લભાચાર્યજીએ તેમના નિબંધ ગ્રંથમાં સમજાવ્યું છે કે **''ભગવાન જ્યારે જે રૂપે જે કાર્ય કરવા ઈચ્છે છે, ત્યારે તે રૂપને સક્રિય કરતાં હોય છે. તદર્થ પોતાના અક્ષરબ્રહ્મ સ્વરૂપે જે પુરુષોત્તમનો ચરણસ્થાનીય આધાર રૂપ** છે, તેને ચાર રૂપોમાં પ્રકટ કર્યા છે. તે છે ૧. **અક્ષર**, ૨. **કાલ**, ૩. **કર્મ** અને ૪. **સ્વભાવ**.

'તો પછી **''પ્રકૃતિ''** અને **''પુરુષ''** શું છે ?'

'તે બન્ને ''અક્ષર''ના જ રૂપાંતરો છે. એટલે કે **પ્રકૃતિ, પુરુષ, કાલ, કર્મ** અને **સ્વભાવ** એ પાંચેય રૂપાંતરોથી ભગવાને સૃષ્ટિની રચના કરી છે. તે પાંચેય ભગવાનના જ રૂપો છે, જે સૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવે છે.'

''પ્રકૃતિ'' શું છે, તેનું કાર્ય શું છે ?'

'સૃષ્ટિ'માં જેટલા પણ જડ પદાર્થો છે, તે **''કારણ-કાર્ય''**ની પ્રક્રિયાથી પ્રકૃતિના જ વિવિધ રૂપો બન્યા છે, જેમાં ભગવાનનો **''સત્''** અંશ રહેલો છે. અથવા એમ કહી શકાય કે ભગવાનના **''સત્''** તત્ત્વનું રૂપાંતર **''પ્રકૃતિ''** છે, જેમાંથી બધા જડ પદાર્થો બન્યા છે.'

'અને **''પુરુષ''** એટલે ?'

'ભગવાનના ''ચિત્'' તત્ત્વમાંથી સૃષ્ટિના અસંખ્ય **''જીવાત્મા''** ઉત્પન્ન થયા છે. અર્થાત્ એમ કહી શકાય કે સૃષ્ટિમાં રહેલ ચૈતન્ય

પદાર્થો, પ્રાણી સૃષ્ટિ, ભગવાનનું ''**પુરુષ**'' રૂપે રૂપાંતર છે.'

''કાલ'' શું છે ? ભગવાનનું ''કાલ'' રૂપ બનવાનું તાત્પર્ય શું છે ?'

''કાલ'' ભગવાનની ''ચેષ્ટા'' રૂપ છે. તેને ''નિમિત્ત કારણ'' કહી શકીએ, કેમ કે કાલમાં ભગવાનની ''ક્રિયા શક્તિ''નું પ્રાધાન્ય હોય છે, જેના લીધે દરેક પદાર્થોની ઉત્પત્તિ અને નાશ થાય છે. કાલમાં ભગવાને પ્રદાન કરેલું ઐશ્વર્ય વિદ્યમાન હોય છે.'

''કાલ''માં સચ્ચિદાનંદ ભગવાનનું કયું તત્ત્વ રહેલું છે ?'

'ભગવાનની સર્વભવન સામર્થ્યવાળી માયા સિવાયનું બધું સામર્થ્ય કાલમાં રહેલું છે, તેથી તેને ''**સર્વાધિકારી**'' કહેવાય છે. કાલનું સ્વરૂપ સમજાવતા શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે તેમાં ભગવાનનો ''**ચિત્**'' અંશનો તિરોધાન હોય છે, જ્યારે ''**આનંદાશ**''નો સર્વથા અભાવ ન હોવાથી જ્ઞાનીને તેનો અનુભવ થાય છે.'

''કાલ'' કઈ રીતે કાર્ય કરે છે ?'

''કાલ'' ભગવાનનો પ્રમુખ અધિકારી જેવો છે, તેથી તેને બધાનો નિયામક કહેવામાં આવે છે. તે સર્વદા ચાલતો રહે છે, અર્થાત ગતિ કરે છે, તેથી તેનો વ્યવહારમાં વર્ષ, મહીના, દિવસ, પ્રહર, ઘડી વગેરે સમયનું અનુસંધાન થાય છે.'

'શું બધાને કાલનો અનુભવ એક સરખો થાય છે ?'

'ના. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે કાલમાં બહાર ભગવાનના ''**સત્**'' અંશનું થોડું પ્રાકટ્ય હોય છે, તેથી વ્યવહારમાં આપણે જોઈ શકીએ છીએ કે કાલનો અનુભવ થતો હોવા છતાં કાલને કોઈ દેખી શકતું નથી. જેઓ ભગવાનથી વિમુખ હોય તેને કાલનો વિકરાલ અનુભવ થાય છે, પરંતુ ભગવાનની સન્મુખ રહેનાર ને તેમની કૃપાનો અનુભવ થાય છે. જેઓ બ્રહ્મજ્ઞાની હોય તેને તો સચ્ચિદાનંદ ભગવાન

જ કાલ રૂપે પ્રતીત થાય છે.’

‘એટલે આ સૃષ્ટિની રચનામાં ભગવાનનું કાલ રૂપ અતિ મહત્ત્વનું કાર્ય કરે છે !’

‘બિલકુલ.’

‘‘કર્મ’’ કેવી રીતે ભગવાનનું રૂપાંતર છે ?’

‘‘કાલ’’ની માફક **‘‘કર્મ’’**ના સ્વરૂપને સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે શાસ્ત્રમાં બતાવેલા **‘‘વિધી-નિષેધ’’** અનુસાર જે ક્રિયાશક્તિ પ્રકટ થાય છે, તે અક્ષરબ્રહ્મનું જ રૂપાંતર છે, તેનું જ એક રૂપ છે.’

‘‘વિધી-નિષેધ’’થી શું તાત્પર્ય છે ?’

‘‘શાસ્ત્રમાં મનુષ્યે શું કરવા યોગ્ય છે, અને શું ન કરવું જોઈએ તે બતાવ્યું છે, તેને અનુક્રમે **‘‘વિધી’’** અને **‘‘નિષેધ’’** કહેવાય છે.’

‘સમજાયું. તો શું **‘‘કાલ’’**ની માફક જ **‘‘કર્મ’’** પણ પ્રકટ થાય છે ?’

‘ના. તેમાં એ તફાવત છે કે ‘‘કાલ’’ પોતે જ પ્રકટ થતો હોય છે, પરંતુ ‘‘કર્મ’’ તો જે **‘‘વિહિત’’**- એટલે શાસ્ત્રની આજ્ઞા મુજબ, અથવા **‘‘નિષિધ્ધ’’**-શાસ્ત્ર આજ્ઞા વિરુધ્ધ આચરણ કરે છે, તેના કારણે પ્રકટ થતું હોય છે.’

‘શું **‘‘કર્મ’’**નો અનુભવ પણ ‘‘કાલ’’ની માફક થાય છે ?’

‘ના, **‘‘કર્મ’’**એ ક્રિયારૂપ હોવાથી તે ભગવાનમાં તેમના ધર્મરૂપે સમાવિષ્ટ હોય છે. તેથી તે કાલની માફક નિત્ય પ્રકટ હોતું નથી. પરંતુ, કર્મ મનુષ્યને તેનું ફલ પ્રદાન નથી કરતું ત્યાં સુધી જ પ્રકટ હોય છે.’

‘એટલે કે કર્મનું ફલ મનુષ્ય ભોગવી ન રહે ત્યાં સુધી જ ‘‘કર્મ’’ની સ્થિતી રહે છે ?’

'હા, તેમજ છે.'

'તો શું દરેક વ્યક્તિમાં "**કર્મ શક્તિ**" જુદી જુદી હોય છે?'

"કર્મ" એ ભગવાનની ભીતર રહેલું એક સર્વસાધારણ રૂપ છે, જે વાસ્તવમાં વ્યાપક હોય છે, પરંતુ દરેકે દરેક વ્યક્તિમાં તે તેના દ્વારા કરાતી વિધી-નિષેધ અનુસાર ક્રિયા દ્વારા પ્રકટ થતું હોય છે.'

'એટલે જ્યારે વ્યક્તિએ કરેલી ક્રિયાનું ફલ ભોગવાઈ જાય ત્યારે કર્મ સમાપ્ત થઈ જાય છે?'

'હા, કર્મ, જે તે વ્યક્તિને, તેણે કરેલ ક્રિયાનું ફલ આપીને અંશત: તિરોહીત થઈ જનારી ભગવાનની સર્વસાધારણ શક્તિ છે.'

"કર્મ"માં સચ્ચિદાનંદ રૂપ ભગવાનના કોઈ તત્ત્વ રહેલા છે?'

'હા, ભગવાનની આ કર્મશક્તિની ભીતરમાં "**ચિદંશ**" અને "**આનંદાંશ**"નો સદંતર તિરોભાવ હોય છે, પરંતુ કર્મની સ્થિતી રહે ત્યાં સુધી અંશત: "**સદંશ**" પ્રકટ હોય છે.'

'શું કર્મબંધન સૌને લાગુ પડે છે?'

'જેઓ કાલને આધીન છે, તેના પર "**કર્મ**" નિયામક બનીને કાર્ય કરે છે.'

'અર્થાત, "**કાલ**" અને "**કર્મ**"રૂપે સૃષ્ટિમાં ભગવાનનું અસ્તિત્વ છે.'

'તો "**સ્વભાવ**"થી શું તાત્પર્ય છે?'

'આપણે જોઈએ છીએ કે સૃષ્ટિમાં પ્રાણીમાત્રનો કોઈ વિશેષ "**સ્વભાવ**" અથવા "**ગુણ**" હોય છે, જે મુજબ તેનું વર્તન હોય છે તેમ જડ પદાર્થોના પણ જુદા જુદા ગુણધર્મો હોય છે.' તેને તેમનો "સ્વભાવ" કહેવાય છે.'

'કોઈ ઉદાહરણ આપશો?'

'જુઓ, દૂધમાંથી દહીં બને, તે તેલ બની શકતું નથી. માટીમાંથી

ઘડો બને, કાપડ નહીં. હંસ હંમેશાં સફેદ જ હોય છે, મોર પચરંગી હોય છે. પ્રત્યેક પ્રાણીની પ્રકૃતિ (સ્વભાવ) ભિન્ન ભિન્ન હોય છે. પ્રત્યેક પદાર્થનો સ્વાદ જુદો જુદો હોય છે. કોઈ ખારો, કોઈ કડવો. આ બધી વિશેષતાઓ પાછળ કારણ મૂલત : **''ભગવાનની ઈચ્છા''** રહેલી હોય છે. તે વિશેષતાને **''સ્વભાવ''** કહેવાય છે.'

'હા, વાત તો સાચી છે.'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ભગવાને જગતની ઉત્પત્તિ સમયે જ પોતાની ઈચ્છાથી પ્રત્યેક વસ્તુમાં જુદી જુદી વિશેષતાઓ પ્રકટ કરી છે, જેને તેનો **''સ્વભાવ''** કહેવાય છે. તેથી ''સ્વભાવ'' પણ ભગવાનનું જ રૂપાંતર છે. તે પ્રત્યેક પદાર્થ - પ્રાણીમાત્રમાં અસ્તિત્વ ધરાવે છે.'

'સમજાય તેવી વાત છે.'

'તેઓ સમજાવે છે કે સર્જન થયેલ પદાર્થોની બાબતમાં ભગવાનની ઈચ્છા સિવાય કોઈપણ રૂપે **''સ્વભાવ''** પ્રકટ થતો નથી. તેથી ''સ્વભાવ'' ભગવાનનું એક વિશિષ્ટ સ્વરૂપ છે.'

'એટલે કે **''કાલ''** અને **''કર્મ''**ની માફક **''સ્વભાવ''**રૂપે પણ સૃષ્ટિમાં ભગવાનનું અસ્તિત્વ રહેલું છે, એમજ ને?'

'બિલકુલ'.

'તો તેમાં ''સચ્ચિદાનંદ'' સ્વરૂપના કયા તત્ત્વ વિદ્યમાન હોય છે?'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે વસ્તુનો સ્વભાવ ભગવાની ઈચ્છા માત્રના કારણે હોય છે, તેથી તેમાં ભગવાનના **સત્, ચિત્** કે **આનંદ** કોઈ પણ તત્ત્વનું અસ્તિત્વ હોતું નથી. વસ્તુની ઉત્પત્તિ સાથે તેમાં સ્વભાવ પ્રકટ થાય છે, તે નષ્ટ થતા તેમાંથી વિસર્જિત થઈ જાય છે.'

'વાત એકદમ સ્પષ્ટ સમજાઈ ગઈ!'

૧૫. ‘‘જગતની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ’’

‘આટલી ચર્ચાથી એ તો સમજાયું કે ભગવાન પોતાની ઈચ્છાથી પોતાના ‘‘**અક્ષરબ્રહ્મ**’’ સ્વરૂપમાંથી **પ્રકૃતિ, પુરુષ, કાલ, કર્મ** અને **સ્વભાવ** એ પાંચ રૂપોમાં રૂપાંતરિત થયેલા હોવાથી તેઓ સૃષ્ટિમાં આ પાંચ રૂપોથી અસ્તિત્વ ધરાવે છે, એમજ ને?’

‘હા, સૃષ્ટિનું અવલોકન કરીએ તો જણાશે કે તેમાં આ પાંચ સ્વરૂપો સિવાય અન્ય કશાનું અસ્તિત્વ નથી. માટે જ શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે આ જગત ભગવાને ધારણ કરેલું તેમનું ‘‘**આધિભૌતિક સ્વરૂપ**’’ છે. અક્ષરબ્રહ્મ તેમનું ‘‘**આધ્યાત્મિક સ્વરૂપ**’’ કહેવાય.’

‘પરંતુ જગતમાં તો વિવિધ પદાર્થો અસંખ્ય પ્રાણીસૃષ્ટિ તેમના વિભિન્ન અંગો, તેમની વૃત્તિ, કાર્યો, ગુણો વગેરે જોઈએ છીએ. આ બધું કેવી રીતે સર્જાયું છે?’

‘આ બાબત ભાગવતમાં કપિલ ભગવાને માતા દેવહુતિને ઉપદેશ આપતા વિસ્તારથી સમજાવી છે. શ્રી વલ્લભાચાર્યજીએ પણ નિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં ‘‘**પ્રમેય**’’ના સ્વરૂપને સમજાવતાં આ પ્રક્રિયાનો ખુલાસો કરતાં કહ્યું છે કે જગતની ઉત્પત્તિના મૂળમાં ‘‘**પ્રકૃતિ**’’ અને ‘‘**પુરુષ**’’નું સંયોજન છે.’

‘ભગવાનના એ બે રૂપોનું સંયોજન કેવી રીતે થયું છે?’

‘આપણે જાણ્યું કે ‘‘**કાલ**’’ ભગવાનની ‘‘**ચેષ્ટા**’’ - તેમની ક્રિયાશક્તિનું સ્વરૂપ છે. તેના કારણે તેમના પ્રકૃતિ અને પુરુષ સ્વરૂપોનું સંયોજન થાય છે.’

‘એટલે શું કાલના પ્રભાવથી તે બન્ને સ્વરૂપો એકઠા થાય છે?’

‘હા, પ્રકૃતિ જડ તેમજ ત્રિગુણાત્મિકા છે, અર્થાત્ તેમાં **સત્વ, રજ**

અને **તમ** એ ત્રણ ગુણો રહેલા છે. આ ત્રણેય ગુણો તેમાં **"સમ"** હોય છે, એટલે સમાનરૂપથી અસ્તિત્વ ધરાવે છે. પરંતુ કાલના પ્રભાવથી તેમાં ખળભળાટ થાય છે, અને તે **"વિસમ"** બને છે.'

'તેનું પરિણામ શું હોય છે ?'

'કાલની ચેષ્ટાના કારણે પ્રકૃતિ અને પુરુષના સંયોજનથી એક વિશિષ્ટ તત્ત્વની ઉત્પત્તિ થાય છે, જેને **"મહત્ તત્ત્વ"** કહેવામાં આવ્યું છે.'

'એ **"મહત્ તત્ત્વ"**નું મહત્ત્વ શું છે ?'

"મહત્ તત્ત્વ"નું મૂલ સ્વરૂપ "આધિદૈવિક" છે, તેનું "આધ્યાત્મિક" સ્વરૂપ બ્રહ્મના શરીર રૂપ છે, અને "આધિભૌતિક" સ્વરૂપને "ચિત્ત"ની સંજ્ઞા આપવામાં આવી છે. તેને આ સૃષ્ટિનો "ગર્ભ" કહી શકાય જેમાંથી આ સૃષ્ટિનો ક્રમશઃ વિકાસ થયેલો છે. "મહત્ તત્ત્વ"માંથી જ જગતના કારણરૂપ બીજા તત્ત્વોની ઉત્પત્તિ થયેલી છે.'

'બીજા કયા તત્ત્વો ઉત્પન્ન થયા છે ?'

'મહત્ તત્ત્વમાંથી પ્રથમ **"અહંકાર"**ની ઉત્પત્તિ થઈ છે. તેના પણ ત્રણ પ્રકાર છે- **સાત્ત્વિક, રાજસિક** અને **તામસિક,** જેમાંથી બીજા તત્ત્વો ઉત્પન્ન થયા છે.'

'કયા તત્ત્વો ?'

"સાત્વિક અહંકાર"માંથી "મન"ની ઉત્પત્તિ થઈ છે. વિભિન્ન દેવો તથા સૂર્ય, ચંદ્ર આદિ પણ તેમાંથી જ ઉત્પન્ન થયા છે, "રાજસિક અહંકાર"માંથી પાંચ કર્મેન્દ્રિયો- હાથ, પગ વગેરે તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો- આંખ, કાન વગેરેની ઉત્પત્તિ થઈ છે, અને "તામસિક અહંકાર"માંથી પાંચ તન્માત્રા- રૂપ, રસ, ગંધ આદિ તેમજ પાંચ મહાભૂત- પૃથ્વી, જલ આદિ ઉત્પન્ન થયા છે.'

'તો શું આ બધા મૂલ તત્ત્વો જગતની ઉત્પત્તિના કારણ રૂપ છે ?'

'બિલકુલ. શ્રી વલ્લભાચાર્યજી આ બધા જ કુલ ૨૮ તત્ત્વોને જગત રૂપી "**કાર્ય**"ના "**કારણ**" માને છે.'

'કયા ૨૮ તત્ત્વો ?

'૧. **પ્રકૃતિ**, ૨. **પુરુષ**, ૩. **મહત્**, ૪. **અહંકાર**, ૫. **મન**, ૬થી ૧૦ - **પાંચ કર્મેન્દ્રિયો** હાથ, પગ વગેરે, ૧૧થી ૧૫ - **પાંચ જ્ઞાનેન્દ્રિયો** આંખ, કાન, નાક વગેરે, ૧૬થી ૨૦ - **પાંચ તન્માત્રાઓ** - રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ, ૨૧થી ૨૫ - **પાંચ મહાભૂત** - પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ અને ૨૬થી ૨૮ - ત્રિગુણો - **સત્ત્વ, રજ, તમ.**'

'એટલે કે આ સૃષ્ટિની ઉત્પત્તિ આ ૨૮ મૂળ તત્ત્વોમાંથી થયેલી છે ?'

'હા, તેથી જ શ્રી વલ્લભાચાર્યજી આ તત્ત્વોને બ્રહ્મનું "**કારણ સ્વરૂપ**" અથવા "**કારણ કોટિ**" કહે છે.'

'પ્રકૃતિ ઈત્યાદિ રૂપોને "**તત્ત્વ**" શા માટે કહ્યા છે ?'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે આ બ્રહ્માંડની ઉત્પત્તિ પહેલા આ બધા ઘટકો ઉત્તરોત્તર ઉત્પન્ન થયા હતા. તે ક્રમશઃ "કાર્ય"રૂપ જગતની ઉત્પત્તિ માટે "કારણ"રૂપ છે. તેથી તેને મૂળ તત્ત્વ માનવામાં આવ્યા છે.'

"બ્રહ્માંડ" શબ્દથી તાત્પર્ય શું છે ?'

'જેવી રીતે પક્ષીના બચ્ચાના જન્મ પૂર્વે ઈંડુ બહાર આવે છે. તે ઈંડામાંથી તરત જ બચ્ચું પ્રકટ થતું નથી, પરંતુ તેને પક્ષી દ્વારા સેવવામાં આવે તે પછી બચ્ચું જન્મે છે, તેમ આ જગતની ઉત્પત્તિ પૂર્વે આ સૃષ્ટિની અવસ્થાને "**અંડ**" રૂપે પ્રકટ થઈ તેમ કહેવાય છે.'

'એટલે મૂળમાં તો તે તત્ત્વો "**સચ્ચિદાનંદ**" સ્વરૂપ ભગવાનમાંથી જ ઉત્પન્ન થયેલા છે ને ? તો તેને "**કારણ**" શા માટે કહ્યા છે ?'

'કેમકે જગતમાં વિદ્યમાન દેહાદિ અસંખ્ય જડ પદાર્થો પ્રકૃતિમાંથી સીધેસીધા રૂપાંતરીત થયા નથી પરંતુ ઉત્તરોત્તર **''કારણ-કાર્ય''** સંબંધથી ક્રમશ: અંતિમ રૂપે પ્રકટ થયા છે.'

'કોઈ ઉદાહરણથી સમજાવશો?'

'જેવી રીતે કપાસમાંથી કોઈ વસ્ત્ર સીધેસીધું બની જતું નથી. પહેલા ''કારણ'' રૂપ કપાસમાંથી ''કાર્ય'' રૂપ દોરા બને છે. પછી તે દોરા રૂપી ''કારણ''માંથી કાપડ રૂપ ''કાર્ય''માં પરિવર્તિત થાય છે. અંતે કાપડમાંથી વસ્ત્ર બનાવવામાં આવે છે, ત્યારે કાપડ ''કારણ'' કહેવાય અને વસ્ત્ર ''કાર્ય'' તેવી જ ક્રમશ: ક્રિયા દ્વારા પ્રકૃતિમાંથી જગતના જુદા જુદા પદાર્થો બન્યા છે. તે બધા ભગવાનના **''સદંશ''**ના અવાંતર પ્રભેદો છે. તેથી જડ પદાર્થોનો સંબંધ ભગવાન સાથે ''કારણ-કાર્ય''નો છે.'

'તો પછી ચૈતન્ય સૃષ્ટિ શેમાંથી પ્રકટ થઈ છે?'

'ભગવાનના **''ચિદંશ''**માંથી અસંખ્ય જીવાત્મા પ્રકટ થયા છે, જે સીધેસીધા ભગવાનના અંશરૂપે પ્રકટ થયા છે, તેથી તેમનો ભગવાન સાથે સંબંધ **''અંશ-અંશી''** રૂપે રહેલો છે.'

'સમજાય છે.'

'એ રીતે જગતના અસંખ્ય જડ પદાર્થોમાં ભગવાનનો **''સંદેશ''** વિદ્યમાન હોય છે. જગતની સમગ્ર પ્રાણી સૃષ્ટિના દેહ, ઈન્દ્રિય, પ્રાણ તેમજ અંત:કરણ (**મન**, **બુધ્ધિ**, **ચિત્ત** અને **અહંકાર**) તથા તેમનામાં રહેલા સત્વ, રજ અને તમ ગુણો એ સર્વ ભગવાનના સદંશ રૂપ પ્રકૃતિમાંથી ક્રમશ: ઉત્પન્ન થયેલા છે.'

'તો જગતમાં જે ચૈતન્ય સૃષ્ટિ છે તે કેવી રીતે બની છે?'

'ભગવાનના **''ચિદંશ''**ના કારણે પ્રાણી સૃષ્ટિમાં ચૈતન્ય રહેલું હોય છે, જેને **''જીવાત્મા''** કહે છે.'

'એટલે સમગ્ર પ્રાણી સૃષ્ટિમાં ''જીવાત્મા'' રહેલ હોય છે !'

'હા, તેના કારણે જ તે ''**કાર્યશક્તિ**'' તથા ''**જ્ઞાનશક્તિ**'' દ્વારા પ્રવૃત્તિ કરે છે.'

'અર્થાત ભગવાનના ''**સચ્ચિદાનંદ**'' સ્વરૂપમાંથી જ આ જગત ઉત્પન્ન થયેલું છે !'

'બિલકુલ. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે, આ જગત ''**ભગવાનનું કાર્ય**'' છે. ભગવાન ''**જગતનું કારણ**'' છે.'

'તો શું અન્ય લોકોનો અભિપ્રાય જુદો છે ?'

'હા, વિભિન્ન દાર્શનિક વિચારધારાઓ જગત વિશે જુદો જુદો મત ધરાવે છે.'

'શું કહે છે બીજા લોકો !'

''સાંખ્ય દર્શન'' માને છે કે જગતની ઉત્પત્તિના કારણભૂત બે મૂળ તત્ત્વો - ''પ્રકૃતિ'' અને ''પુરુષ'' જ છે. ''ન્યાય અને વૈશેષિક દર્શનો''ની માન્યતા પ્રમાણે જગત ''પરમાણુ''ઓનું બનેલું છે. ''પૂર્વમીમાંસા દર્શન'' કહે છે કે મનુષ્યના કર્મના ફલ ભોગવવાની એક વ્યવસ્થારૂપે જગત અસ્તિત્વમાં આવેલું છે. તેનાથી વિપરીત ''અદ્વૈત વેદાન્ત''ના પુરસ્કર્તા શંકરાચાર્યજીના મતે જગત ''માયા'' દ્વારા નિર્મિત છે, અર્થાત્ તે માત્ર એક ભ્રમણા છે, વાસ્તવિક નથી. તેથી તેઓ જગતને મિથ્યા કહે છે.'

'ઓહ, તો જગત વિશે આટલા બધા વિભિન્ન મત પ્રવર્તે છે !'

'હા, પરંતુ, શ્રી વલ્લભાચાર્યજી વિભિન્ન ભગવતશાસ્ત્રોના આધારે સ્પષ્ટપણે પ્રતિપાદિત કરે છે કે જગત ભગવાને સ્વયં પોતાનામાંથી ઉત્પન્ન કર્યું છે, તેથી પોતાના જેવું સત્ય-વાસ્તવિક છે, બલ્કે તે ભગવાનનું જ બીજું ''**આધિભૌતિક સ્વરૂપ**'' છે.'

૧૬. ''જીવાત્માનું સ્વરૂપ''

''જીવાત્મા'' શું છે ?'

'તે પ્રત્યેક પ્રાણીમાં રહેલું ''**ચૈતન્ય તત્ત્વ**'' છે. તેને ''**જીવ**'' અથવા ''**આત્મા**'' પણ કહેવાય છે.'

'તેનું સ્વરૂપ શું છે ? તે કેવી રીતે ઉત્પન્ન થાય છે ?'

'જીવ ભગવાનનો અંશ છે. તે ભગવાનમાંથી છૂટો પડ્યો છે.'

'કેવી રીતે ? વિસ્તારથી સમજાવશો ?'

'શ્રી વલ્લભાચાર્યજી ઉપનિષદ-વચનોના આધારે સમજાવે છે કે જ્યારે ભગવાને અનેક થવાની ઈચ્છા કરી ત્યારે જેવી રીતે સળગતા કોળસામાંથી ચિંગારીઓ નિકળે છે તેમ તેમના ''**સચ્ચિદાનંદ અક્ષરબ્રહ્મ સ્વરૂપ**''માંથી અસંખ્ય અંશ છૂટા પડ્યા. તેમાંથી કેટલાકમાં માત્ર તેમનો ''**સત્**'' અંશ પ્રકટ રહ્યો અને ''**ચિત્**'' તથા ''**આનંદ**'' અંશ તિરોહીત થઈ ગયા. તે આગળ બતાવ્યું તેમ ''**કારણ-કાર્ય**''ની ઉત્તરોત્તર પ્રક્રિયાથી ''જડ પદાર્થો'' બન્યા. તેમ ''**સદંશ**'' અને ''**ચિદંશ**'' જેમાં પ્રકટ રહ્યા અને ''**આનંદાશ**'' તિરોહીત થઈ ગયું તે અંશ રૂપે અસંખ્ય ''**જીવાત્મા**'' બની પ્રાણી માત્રમાં સ્થિત છે.'

'એટલે પ્રત્યેક દેહધારી પ્રાણી-મનુષ્યમાં ભગવદ-અંશ રૂપ **જીવાત્મા** અર્થાત્ **આત્મા** રહેલો છે ?'

'બિલકુલ. ''**આત્મા**'' એ દેહધારી મનુષ્યનું મૂળ સ્વરૂપ છે.' તે ભગવાનનો અંશ હોવાથી શાશ્વત છે.'

'ઓહ, હવે સમજાયું કે શા માટે ભગવાન ગીતામાં કહે છે- ''**મમૈવાંશો જીવ લોકે જીવ ભૂત સનાતન.**''

'હવે મારો મૂળ પ્રશ્ન યાદ કરો - ''**તમે કોણ છો ?**''

'અરે, હા, હવે સમજાય છે, હું વાસ્તવમાં **''ભગવાનનો અંશ છું''**. ગોપાલ તો મારા ખોળીયાનું નામ છે.'

'મારા પ્રથમ સવાલનો જવાબ હવે જડી ગયો ?'

'બહુ લાંબી યાત્રાને અંતે ! પરંતુ તે દરમ્યાન ઘણું જાણવા મળ્યું.'

'હજી કોઈ પ્રશ્ન છે ?'

'હવે તો અનેક નવા પ્રશ્નો ઉત્પન્ન થયા છે.'

'પૂછો.'

'જો જીવાત્મા ભગવાનનો જ દિવ્ય અંશ હોય તો તેને દુ:ખ વગેરેનો અનુભવ શા માટે કરવો પડે છે. ભગવાન તો **''આનંદ''** રૂપ છે !'

'સરસ સવાલ કર્યો. જે સમયે જીવાત્મા ભગવાનથી અંશ રૂપે છૂટો પડે છે, ત્યારે તેનામાં ભગવાનના ત્રણેય તત્ત્વો **સત્, ચિત્, આનંદ** વિદ્યમાન હોય છે. તેથી તે તેની **''શુદ્ધ અવસ્થા''** કહેવાય છે.'

'તો તે અવસ્થા કાયમ કેમ રહેતી નથી ?'

'જીવ જ્યારે ભગવાનથી અલગ થાય છે, ત્યારે તે ભગવાનની **''અવિદ્યા શક્તિ''**ના સંસર્ગમાં આવે છે.' તેના કારણે તેનામાંથી **''આનંદ''** તત્ત્વ તિરોહીત થઈ જાય છે. તેનામાંથી ભગવાનના ઐશ્વર્યાદિ દિવ્ય ષડગુણો પણ લુપ્ત થઈ જાય છે.'

''અવિદ્યા શક્તિ'' શું છે ?'

'તે વાત પછી સમજીએ, પરંતુ તેના પરિણામ તેને વિપરીતતાનો અનુભવ થાય છે.'

'કયા પ્રકારની વિપરીતતા ?'

'જીવાત્મા **''ઐશ્વર્ય''**ના અભાવમાં પરાધીનતાનો અનુભવ કરે છે, **''વીર્ય''**ન રહેતાં તેને દુ:ખ સહન કરવા પડે છે, **''યશ''**ના અભાવમાં તે હીન બની જાય છે, **''શ્રી''** ચાલી જવાથી તે રંક બને છે,

‘‘**જ્ઞાન**’’ દૂર થતા તેનામાં વિપરીત જ્ઞાન આવે છે, દેહાદિમાં અહંકાર ઉત્પન્ન થાય છે, અને ‘‘**વૈરાગ્ય**’’ના અભાવમાં તે વિષયોમાં આસક્ત બને છે.’

‘ઓહ, સમજાય છે.’

‘આ જીવની ‘‘**બધ્ધ અવસ્થા**’’ કહેવાય છે, કારણ કે તેનામાં ‘‘**હું પણા**’’ - અહંતા અને ‘‘**મારાપણા**’’ - મમતાનો ભાવ જાગે છે, તે બંધનમાં આવી જાય છે.’

‘કયા પ્રકારનું બંધન?’

‘જીવ જન્મ-મરણના ચકરાવામાં ફસાય છે, તે કર્મ કરે છે, જેના ફલ ભોગવવા તેને અનેક યોનીઓમાં ભટક્યા કરવું પડે છે. આ વિષચક્ર ચાલ્યા કરે છે.’

‘એટલે આ વિષમ પરિસ્થિતી છે, જેમાંથી ભગવાનથી છૂટા પડ્યા પછી પ્રત્યેક જીવાત્માએ પસાર થવું પડે છે એમને?’

‘બિલકુલ.’

‘તો શું જીવાત્માનું જન્મ-મરણ થાય છે?’

‘ના, જીવાત્મા તો ભગવાનનો અંશ હોવાના કારણે તે ‘‘**નિત્ય**’’ છે. તેની ઉત્પત્તિ કે નાશ નથી. ભગવાન ગીતામાં કહે છે કે ‘‘**જીવનો નથી જન્મ કે મરણ, જેવી રીતે મનુષ્ય જૂના વસ્ત્ર કાઢીને નવા ધારણ કરી લે છે, તેમ જીવ એક દેહને ત્યજીને નવા દેહમાં પ્રવેશે છે.**’’ જન્મ-મરણ દેહના ધર્મ છે, જીવના ધર્મ નથી.’

‘જીવાત્મામાં બીજા કયા ધર્મ રહેલા છે?’

‘શ્રી વલ્લભાચાર્યજીના મતે જીવાત્મા ભગવાનનો અંશ હોવાના કારણે **જ્ઞાતા, કર્તા** અને **ભોક્તા** છે. ‘‘**ચૈતન્ય**’’ અથવા ‘‘**જ્ઞાન**’’ જીવનો ધર્મ છે. તેવી જ રીતે જીવનો ભગવાન સાથે ‘‘**અંશ-અંશી**’’નો સંબંધ હોવાના કારણે ભગવાનની માફક જીવમાં ‘‘**કર્તાપણુ**’’ અને

‘‘**ભોક્તાપણુ**’’ પણ રહેલું છે.’

‘જો જીવ ભગવાનનો અંશ હોય તો કેટલાક ‘‘**અહં બ્રહ્માસ્મિ**’’ - હું જ બ્રહ્મ છું તેમ શા માટે કહે છે? શું કોઈ મનુષ્ય પોતે ‘‘બ્રહ્મ’’ હોઈ શકે?’

‘સરસ સવાલ કર્યો. શંકરાચાર્યજીના મતે ‘‘**આત્મા એજ પરમાત્મા છે**’’. અજ્ઞાનયુક્ત આત્માને જીવ કહેવાય છે. તેઓ જીવને અંશ નહીં માનતા ‘‘**વિભુ**’’ માને છે. તેથી તેમનું સૂત્ર છે. - ‘‘**બ્રહ્મ સત્ય, જગન્મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાપર:**’’, અર્થાત્ જીવ બ્રહ્મ જ છે, અન્ય કશું નહીં.’

‘આવા વિધાન માટે તેમની પાસે કોઈ પ્રમાણ હશે ને?’

‘છાન્દોગ્ય ઉપનિષાદમાં પિતા ઉદાલક તેના પુત્ર શ્વેતકેતુને કહે છે ‘‘**તત્ત્વમસિ**’’, તે આત્મા તું છે. આ વાક્યને ‘‘**મહાવાક્ય**’’ માની શંકરાચાર્યજી જીવને બ્રહ્મ હોવાનું પ્રતિપાદિત કરે છે.’

‘તો શું તે પ્રમાણ શ્રી વલ્લભાચાર્યજી સ્વીકારતાં નથી?’

‘શ્રી વલ્લભાચાર્યજીના મતે આ અર્ધવાક્ય છે. સમગ્ર વચનમાં ઋષિએ દૃશ્યમાન ‘‘**જગત**’’ અને ‘‘**જીવ**’’ બન્ને ‘‘**બ્રહ્માત્મક**’’ છે, તેમ કહ્યું છે. તેથી આ પ્રમાણ નથી. તેથી જીવ બ્રહ્મ છે તેમ પ્રમાણિત થતું નથી. પરંતુ અનેક અન્ય પ્રમાણોથી જીવ ભગવાનનો અંશ હોવાનું પુરવાર થાય છે.’

‘આ દલીલ સમજમાં આવે છે!’

‘ઉપરોક્ત પ્રમાણોથી અનેક જીવો અંશ રૂપોમાં ભગવાનમાંથી છૂટા પડેલા છે અને તેમાં ભગવાનના ‘‘**સદંશ**’’ તથા ‘‘**ચિદંશ**’’ પ્રકટ હોવાનું અને ‘‘**આનંદાશ**’’ ગુપ્ત હોવાનું સ્પષ્ટ થાય છે.’

‘હવે જીવાત્માના સ્વરૂપની સ્પષ્ટતા બરાબર થઈ!’

૧૭. **''અંતર્યામી''**

'કહેવાય છે કે પ્રાણી માત્રમાં ભગવાનનો વાસ છે, તો શું તે **''જીવાત્મા''** જ છે ?'

'ના. જેવી રીતે અક્ષરબ્રહ્મમાંથી **''સદંશ''** અને **''ચિદંશ''** છૂટા પડ્યા, જે અનુક્રમે અસંખ્ય જડ પદાર્થો અને જીવાત્મા બન્યા છે, તેવી રીતે તેના ''આનંદાંશ'' પણ છૂટા પડી અનંત **''અંતર્યામી''** રૂપ બન્યા છે.'

'શું પ્રાણીમાત્રમાં ''અંતર્યામી'' રહેલા છે ?'

'હા, સૃષ્ટિની ઉત્પત્તિ સમયે પ્રત્યેક દેહમાં જીવાત્મા સાથે ભગવાન અંતર્યામી સ્વરૂપે પ્રવિષ્ટ થાય છે.'

'અંતર્યામી સ્વરૂપનું કાર્ય શું છે ?'

'ભગવાન અંતર્યામી સ્વરૂપે જીવાત્માના નિયામકનું કાર્ય કરે છે. તેઓ પ્રાણીમાત્રના હૃદયમાં જીવાત્મા સાથે સાક્ષીરૂપે રહેલા છે. તેને **''વ્યષ્ટિ અંતર્યામી''** કહે છે.'

'શું ઉપનિષદમાં આ વિશે ઉલ્લેખ છે ?'

'હા, મુંડાકોપનિષદ આ હકીકતને એક રૂપક તરીકે સમજાવતા કહે છે - **''એક વૃક્ષની ડાળી પર બે પક્ષીઓ એકબીજાની બાજુમાં બેઠેલા છે. તેમાંનુ એક પક્ષી વૃક્ષના ફલનો ભોગ કરે છે, જ્યારે બીજું પક્ષી સાક્ષી તરીકે જોયા કરે છે.''** આમાં ભોગ કરનાર પક્ષી **''જીવાત્મા''** છે, અને સાક્ષી તરીકે પરમાત્મા **''અંતર્યામી''** રૂપ છે.'

'તો આ સમગ્ર સૃષ્ટિનું સંચાલન ભગવાન કેવી રીતે કરે છે ?'

'સમગ્ર સૃષ્ટિના નિયામક અથવા સંચાલકને **''સમષ્ટિ અંતર્યામી''** કહેવાય છે. તેનેજ આપણે **''વિરાટ પુરુષ''**,

''નારાયણ'' કે **''પરમાત્મા''** કહીએ છીએ.'

'પરંતુ સૃષ્ટિના નિયામક તો **''બ્રહ્મા-વિષ્ણુ-શિવ''** એ ત્રિદેવો માનવામાં આવે છે !'

'હા, તે ત્રિદેવોનું પ્રાકટ્ય **''સમષ્ટિ અંતર્યામી''** રૂપ ધારણ કરનાર ભગવાન શ્રીકૃષ્ણમાંથી જ થયું છે, જેમને **''ગુણાવતાર દેવો''** કહેવાય છે. તેઓ અનુક્રમે સૃષ્ટિની **ઉત્પત્તિ, પાલન** અને **સંહાર**નું કાર્ય કરે છે.'

'ઓહ, એટલે ભગવાન સમસ્ત સૃષ્ટિનું નિયમન **''સમષ્ટિ અંતર્યામી''** સ્વરૂપે અને વ્યક્તિગત નિયમન **''વ્યષ્ટિ અંતર્યામી''** સ્વરૂપથી પ્રાણીમાત્રમાં બિરાજીને કરે છે !'

'એટલા માટે જ કહેવાય છે **''પરમાત્મા''**ની નજર પ્રત્યેક ગતિવિધિઓ પર હોય છે.'

'સમજાયું.'

૧૮. ''અવિદ્યા-વિદ્યા શક્તિ''

'યાદ છે પહેલો પ્રશ્ન ?' **''તમે કોણ છો ?''** પૂછેલું.'

'હા, જવાબમાં કહેલું, **''ગોપાલ''**. હવે સમજાયું કે ગોપાલ તો મારા શરીરનું નામ છે !'

'એટલે **''તમે દેહ છો''** એમ સમજી બેઠેલા ! ખરુને ?'

'હા, હવે ભુલ સમજાય છે.'

'જાણો છો કે તમારા દેહને **''તમે છો''** તેમ શાથી માની બેઠા ?'

'ના, કારણ ખબર નથી.'

''અવિદ્યા''ના કારણે ! ''અવિદ્યા'' ભગવાનની એક શક્તિ છે.'

'તમે કહેલું કે જીવાત્મા ભગવાનથી છૂટો પડે છે ત્યારે

''**અવિદ્યા**''ના સંસર્ગમાં આવે છે, જેના કારણે તેને દુ:ખ સહન કરવું પડે છે અને મુશ્કેલીઓ ભોગવવી પડે છે.'

'હા, શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ''**વિદ્યા**'' - ''**અવિદ્યા**'' નામની ભગવાનની શક્તિઓ ''**માયા**'' દ્વારા નિર્મિત થયેલી છે, જે સૃષ્ટિના સંચાલનમાં કારણભૂત છે.'

''અવિદ્યા'' શક્તિનું કાર્ય શું છે?'

'આ શક્તિના કારણે જીવને પાંચ પ્રકારના ''**અધ્યાસ**'' ઉત્પન્ન થાય છે.'

''અધ્યાસ'' એટલે શું?'

'અધ્યાસનો અર્થ છે ખોટી ભ્રમણા - ભ્રાન્તિ. અવિદ્યાને કારણે જીવ પોતાને **દેહ, ઈન્દ્રિય, પ્રાણ** અને **અંત:કરણ** માનવા લાગે છે. પોતે ભગવાનનો અંશ છે, તે ભૂલી જાય છે, અર્થાત્ તેને ''**સ્વરૂપ વિસ્મૃતિ**'' થઈ જાય છે.'

'ઓહ, હવે સમજાયું!'

'તેથી અવિદ્યાને ''**પંચપર્વા**'' અર્થાત્ પાંચ વિભાગવાળી કહી છે. તે છે - **દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંત:કરણાધ્યાસ** અને **સ્વરૂપ વિસ્મૃતિ.** એ પાંચ પ્રકારની અવિદ્યા સંપૂર્ણપણે લાગુ પડવાથી અંત:કરણાદિના ધર્મો વડે બંધાઈને જીવ જન્મ-મરણનો અનુભવ કરે છે.'

'જીવાત્માને અવિદ્યાની અસર કેવી રીતે થાય છે?'

'પ્રકૃતિના ત્રણ ગુણો છે - **સત્વ, રજ** અને **તમ.** અવિદ્યાની ઉત્પત્તિ ''**રજ**'' તથા ''**તમ**'' ગુણોમાંથી થયેલી છે.'

'થોડા વિસ્તારથી સમજાવો.'

'અગાઉ આપણે જોઈ ગયા કે પ્રકૃતિમાંથી ''**મહત તત્ત્વ**''ની સર્વ પ્રથમ ઉત્પત્તિ થયેલી છે. યાદ છે ને?'

‘હા, બરાબર યાદ છે. અને તેમાંથી “**અહંકાર**” ઉત્પન્ન થયો છે, ખરુંને?’

‘સાચું કહ્યું. મહત તત્ત્વ એ “**ચિત્ત**” સ્વરૂપ છે. ચિત્ત અને અહંકાર એ બન્ને “**અંત:કરણ**” રૂપ છે. તેથી સૌ પ્રથમ અંત:કરણનો અધ્યાસ થાય છે. જીવ પોતાને અહંકાર સ્વરૂપ માને છે. તે છે “**અંત:કરણાધ્યાસ**”. પ્રાણ અંત:કરણનું રૂપાંતર છે. તેથી તેના પછી “**પ્રાણાધ્યાસ**” થાય છે. રાજસ અહંકારમાંથી વિભિન્ન ઈન્દ્રિયો ઉત્પન્ન થયેલી છે. તેના કારણે જીવને “**ઈન્દ્રિયાધ્યાસ**” થાય છે. તેવી જ રીતે તામસ અહંકારમાંથી “**પંચમહાભૂત**” પૃથ્વી, જલ, વાયુ, તેજ અને આકાશ ઉત્પન્ન થયા છે, જેમાંથી દેહ બન્યો છે. તેથી જીવ દેહને પોતાનું સ્વરૂપ માની લે છે, અર્થાત્ “**દેહાધ્યાસ**” થાય છે.

‘અને આ ચારેય અધ્યાસના કારણે જીવને પોતાના સાચા સ્વરૂપનું વિસ્મરણ થઈ જાય છે. બરાબર ને!’

‘હા, આપણે કહીએ છીએ કે “**હું જાડો છું, હું પાતળો છું**” વગેરે વાસ્તવમાં “**હું તો આત્મા છું**, ભગવાનનો અંશ છું”. આત્મા નથી જાડો કે નથી પાતળો. બસ આને જ “**દેહાધ્યાસ**” કહેવાય છે.’

‘શું હું કાણો છું કે બહેરો છું, એમ કહેવું કે માનવું “**ઈન્દ્રિયાધ્યાસ**” છે?’

‘બિલકુલ. હું વાસ્તવમાં ઈન્દ્રિય નથી છતાં આંખ-કાન ઈત્યાદિ અંગોને અનુલક્ષીને આમ કહેતા હોઈએ છીએ. તે આપણી ભ્રમણા છે. તેમ “**પ્રાણાધ્યાસ**” તેને કહેવાય જ્યારે આપણે કહીએ છીએ કે “હું ભુખ્યો છું, તરસ્યો છું” વગેરે. “**અંત:કરણાધ્યાસ**”ને કારણે આપણે કહીએ છીએ કે “હું જાણું છું અથવા નથી જાણતો, મને હર્ષ થાય છે, અથવા શોક થાય છે, વગેરે.’

‘એટલે કે આ ચાર પ્રકારે “**અધ્યાસ**” અથવા ખોટી ભ્રમણા

ઉત્પન્ન થવાથી "**સ્વરૂપ વિસ્મૃતિ**" થઈ જાય છે, અને આપણે ભ્રાંતિમય જીવન જીવીએ છીએ!'

'જન્મ-મરણનું એજ કારણ છે!'

'જીવ "**બંધન**"માં કેવી રીતે આવે છે?'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે સ્વરૂપ અજ્ઞાનને કારણે ઉત્તરોત્તર અંત:કરણાધ્યાસથી દેહાધ્યાસ થતાં સ્વરૂપ વિસ્મૃતિ થઈ જાય છે. જ્યારે જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જાય એટલે પુન: "**હું દેહ છું**" તેવો અધ્યાસ થાય જે ઉત્તરોત્તર **અંત:કરણાધ્યાસ** સુધી પહોંચે છે, અને આમ "**ભવકૂપ**"માં એટલે કે સંસારમાં વમળ ઉત્પન્ન થાય છે, અને પંચપર્વા અવિદ્યામાં જીવ ફસાઈ જાય છે. તે જ "**બંધન**" છે. અવિદ્યાના કારણે જ જીવ **દુ:ખ અને અનીશતા** તેમજ **જન્મ-મરણ**નો અનુભવ કરે છે.'

'જીવાત્મા તો ભગવાનનો અંશ છે, તેનો જન્મ કે મૃત્યુ નથી તેમ ગીતામાં કહ્યું છે, તો તેને જન્મ-મરણનો અનુભવ શાથી થાય છે?'

'સાચી વાત છે, જીવ ભગવાનનો "**ચિદંશ**" છે. તેની ઉત્પત્તિ કે નાશ નથી. પરંતુ દેહમાં આપણે જન્મ-મરણનો અનુભવ કરીએ છીએ. દેહ પંચમહાભૂતનો બનેલો જડ છે, જે ભગવાનનો "**સદંશ**" છે. તે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, અર્થાત્ દેહનો પણ જન્મ કે મરણ ન કહેવાય!'

'જો દેહ કે તેમાં રહેલ આત્મા (જીવ) બન્નેનો જન્મ કે મૃત્યુ નથી તો આ "**જન્મ-મરણ**"ની ઘટના પ્રક્રિયા શું છે?'

'ગીતામાં ભગવાન કહે છે - "**જેમ મનુષ્ય જૂના વસ્ત્ર ત્યજી નવા વસ્ત્ર ધારણ કરે છે, તેમ જીવાત્મા એક દેહનો ત્યાગ કરી નવા દેહમાં પ્રવેશે છે.**" એટલે કે જીવના તે સંઘાતના અવસરને મૃત્યુ કે જન્મ કહેવાય છે. જીવાત્મા જન્મ-મરણનો અનુભવ એ "**પંચપર્વા**

અવિદ્યા''ના કારણે અનુભવે છે, કારણ કે તે પોતાના સ્વરૂપના અજ્ઞાનને લીધે પોતાના **દેહ**, **ઈન્દ્રિય**, **પ્રાણ**, **અંતઃકરણ**ને પોતે માની બેઠો હોય છે.'

'ઓહ, હવે સમજાય છે કે જીવનું જન્મ કે મરણ એ વાસ્તવમાં અવિદ્યાના કારણે તેની ભ્રમણા છે.'

'હા, હકીકતમાં તો તે એક ''**બંધન**'' છે!'

'તો ''બંધન''માંથી મુક્ત થવાનો ઉપાય ખરો?'

'હા, જો ''**અવિદ્યા**'' દૂર થાય તો જીવને મુક્તિ મળે.'

'જીવને લાગેલી અવિદ્યા કેવી રીતે દૂર થાય?'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ''અવિદ્યા'' જેવી ભગ**વાનની** ''**વિદ્યા શક્તિ**'' પણ છે, જેનાથી જીવના અધ્યાસ દૂર **થઈ તે મુક્ત** થાય છે.'

'શું છે તે ભગવાનની ''**વિદ્યા શક્તિ**''?'

'અવિદ્યાની માફક ''**વિદ્યા**'' પણ ''**પંચપર્વા**'' છે, અર્થાત્ તેના પાંચ વિભાગ છે.'

'વિદ્યાના પાંચ પર્વો કયા કયા છે?'

'તે છે- **વૈરાગ્ય**, **સાંખ્ય**, **યોગ**, **તપ** અને **ભક્તિ**.'

''વૈરાગ્ય'' એટલે શું?'

'વૈરાગ્યનો અર્થ છે- સાંસારિક વિષયો પ્રત્યે ઉદાસીનતા. ઘર, પરિવાર, ધન-સંપત્તિમાં મોહ ન રહે તેવી મનોવૃત્તિને ''**વૈરાગ્ય**'' કહેવાય છે.'

'સાંખ્યનું તાત્પર્ય શું છે?'

'જ્યારે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે નિત્ય (આત્મા) અને અનિત્ય (દેહાદિ, જે કાયમ ટકવાના ન હોય) તેવા પદાર્થોનો ભેદ સમજાય, તેને ''**સાંખ્ય**'' કહે છે. જ્યારે ભેદ સમજાય ત્યારે જ તેવી મમતાસ્પદ

વસ્તુઓનો ત્યાગ અથવા તેના પ્રત્યે ઉદાસીનતા સંભવ બને.’

“યોગ” કોને કહેવાય?’

‘અનિત્ય પદાર્થોનો ત્યાગ કર્યા પછી પરમાત્મામાં ચિત્તને સ્થિર કરવા માટે **યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા** અને **સમાધિ** એ અષ્ટાંગ યોગનો અભ્યાસ, તેને “**યોગ**” કહેવાય છે.’

‘તો પછી “**તપ**” શું છે?’

‘જગતમાં ઘટતી ઘટનાઓને ભગવાનની લીલા સમજીને સુખ-દુ:ખ, નિંદા-સ્તુતિ, મિત્ર-શત્રુ વગેરે દ્વંદ્વોમાં સમાન ભાવ કેળવવો અને જીવનમાં અનુભવાતી વિપરીત પરિસ્થિતિને સહન કરવી, તે “**તપ**” કહેવાય.’

“ભક્તિ”નો શું અર્થ છે?’

‘ભગવાન સાથે જીવનો “**અંશ-અંશી**”નો સંબંધ છે તે જાણીને, ભગવાનના માહાત્મ્યજ્ઞાન સાથે તેમનામાં પ્રગાઢ પ્રેમ ઉત્પન્ન થાય તેને “**ભક્તિ**” કહેવાય છે. જો ભક્તિનું પ્રયોજન મોક્ષ હોય તો તે “**મર્યાદા ભક્તિ**” કહેવાય, અને જો ભગવદ સુખાર્થે તેમના પ્રત્યે નિષ્કામ પ્રેમ હોય તો તેને “**પુષ્ટિભક્તિ**” કહેવાય છે.’

‘તો શું આ “પંચપર્વા વિદ્યા”થી જીવાત્માની અવિદ્યા દૂર થઈ તે “**મુક્ત**” બને છે?’

‘હા, અધ્યાસોની સંપૂર્ણપણે નિવૃત્તિ એ “**મોક્ષ**” છે. પરંતુ શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે અવિદ્યા નષ્ટ થતાં દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અને અંત:કરણ નષ્ટ થતા નથી, પણ જીવને જન્મ-મરણનું ચક્ર અનુભવાતું નથી.’

‘એટલે કે જીવાત્માની પોતે દેહ આદિ છે, તેવી ભ્રમણા દૂર થાય છે!’

‘હા, કારણ કે દેહાદિ વગેરે તો ભગવાનના “**સદંશ**”માંથી

ઉત્પન્ન થયા છે. અર્થાત્ તે ભ્રમ નથી. જીવાત્માનું પોતે ભગવદ અંશ હોવા છતાં દેહ આદિ માની લેવું તે ''**અધ્યાસ**'' છે, ''વિદ્યા''થી તે દૂર થાય છે.'

'તો જીવાત્માને પોતાની ઓળખ કેવી રીતે થાય છે ?'

'અધ્યાસ દૂર થતાં જ્ઞાનીને પોતાની બુધ્ધિમાં દેહ વગેરેનો લય થઈ ગયો હોય તેમ ભાન થાય છે, અર્થાત્ પોતે દેહ વિહિન છે તેવો અનુભવ થાય છે. પરંતુ તેને જોનારા અન્ય સહુની બુધ્ધિમાં તો તે વ્યક્તિની ઓળખ હોય છે કે આ ''અમુક વ્યક્તિ'' છે.'

'એટલે કે એવી વ્યક્તિને પોતાના દેહાદિની ઓળખ હોતી નથી !'

'હા, એવી સ્થિતીને ''**જીવન મુક્તિ**'' કહેવાય છે. તે વ્યક્તિ ''**મુક્તાત્મા**'' કહેવાય છે.'

'તો શું અધ્યાસ દૂર થવા છતાં જીવન ટકી રહે છે ?'

'હા, અધ્યાસ દૂર થવા છતાં જ્યાં સુધી ''**સંચિત કર્મો**'' અને ''**પ્રારબ્ધ કર્મો**''ના ફલ ભોગવવાના બાકી હોય ત્યાં સુધી તેના દેહનો વિલય થતો નથી.'

'તો જીવાત્મા સંપૂર્ણપણે મુક્ત ક્યારે થાય છે ?'

'જીવનમુક્ત મનુષ્યને જ્યારે વિદ્યમાન દેહથી છુટકારો મળી જાય ત્યારે તે ''**વિદેહ મુક્ત**'' બની જાય છે.'

'વિદેહ મુક્તિ પછી જીવાત્માને ક્યાં સ્થાન મળે છે ?'

'જે જીવની જેવી યોગ્યતા હોય તદનુસાર ભગવાન મુક્તિ પછી તે જીવને સ્થાન પ્રાપ્ત થાય છે.'

'હવે સમજાયું કે ભગવાનની આ ''**સૃષ્ટિલીલા**''માં ''**અવિદ્યા-વિદ્યા**''શક્તિની ખૂબ અગત્યની ભૂમિકા રહેલી છે.'

'બરાબર. ભગવાન પોતાની આ બન્ને શક્તિઓ દ્વારા ''**સૃષ્ટિલીલા**''નો આનંદ માણે છે.'

૧૯. **"માયા"**

''માયા'' શબ્દ વારંવાર સાંભળવા મળે છે. તે શું છે ?'

''માયા'' ભગવાનની બાર શક્તિઓમાં એક મુખ્ય શક્તિ છે. તેનાથી ભગવાન પ્રત્યેક **''સૃષ્ટિકાર્ય''** કરે છે.'

'શું તે ભગવાનથી અલગ છે ?'

'ના. શક્તિ હમેંશા **''શક્તિમાન''**થી જોડાયેલી જ હોય, જેવી રીતે આપણી બધી શક્તિઓ આપણી સાથે જ હોય છે અને આપણી ઈચ્છા મુજબ કાર્ય કરે છે. તેમ માયા ભગવાનની ઈચ્છા અનુસાર કાર્ય કરે છે, સ્વતંત્રપણે નહીં.'

'તો શું ભગવાને જગતની ઉત્પત્તિ **''માયા શક્તિ''** દ્વારા કરી છે ?'

'બિલકુલ. તેને ભગવાનનું **''સર્વભવનસામર્થ્ય''** કહેવાય છે.'

'તેનું શું તાત્પર્ય છે ?'

''સર્વભવનસામર્થ્ય'' એટલે ''કર્તુમ્-અકર્તુમ્-અન્યથા કર્તુમ્ સામર્થ્ય''. અર્થાત્ ભગવાન ઈચ્છે તે બધું જ કરી શકે છે, ન કરવું હોય તો ન પણ કરે, અને જે ન થઈ શકે એવું હોય તો પણ કરી શકે છે. ભગવાન માટે કશું અશક્ય નથી.'

'તો ભ્રાંતિને પણ **''માયા''** કહેવાય છે, તેનું કારણ શું ?'

'ભગવાનની માયાનું એક બીજું પણ સ્વરૂપ છે, તેને **''વ્યામોહિકા માયા''** કહેવાય છે.'

'તે શું કાર્ય કરે છે ?'

''વ્યામોહ''નો અર્થ થાય ''અજ્ઞાન'' અથવા ''ભ્રમણા''. માયાનું આ સ્વરૂપ બે પ્રકારે કાર્ય કરે છે.'

'કેવી રીતે?'

'તેનું એક કાર્ય છે - જીવોને વસ્તુના સાચા સ્વરૂપનું જ્ઞાન ન થવા દેવું. અર્થાત્ તેને આચ્છાદિત કરી દેવું, ઢાંકી દેવું અને બીજું જે હોય તેનાથી જુદું જ દેખાડવું, જેવી રીતે જાદુગર ખેલ કરે છે. તેના કારણે આપણામાં ખોટી સમજ ઉત્પન્ન થાય છે.'

'વ્યામોહિકા માયા કેવી રીતે મોહ પમાડે છે?'

'તે સર્વ પ્રથમ જીવની બુધ્ધિને અજ્ઞાનથી ઢાંકી દે છે. ત્યાર બાદ જગતના વિષયો જેવા જ માયિક વિષયો જીવની બુધ્ધિમાં ઉત્પન્ન કરે છે. તેના કારણે તે ભ્રમિત થઈ જાય છે. તે પ્રકટ થયેલી ખોટી વસ્તુને સાચી સમજી બેસે છે. આપણે સાચા ખોટાનો વિવેક ભૂલી જઈએ છીએ.'

'કોઈ ઉદાહરણ આપશો?'

'જેમ નાના અબોધ બાલકને સારા ખરાબની સમજ હોતી નથી. કોઈ સારી વસ્તુને પણ ખરાબ છે, તેમ સમજાવવામાં આવે તો તેને એવો ભ્રમ થઈ જશે. પછી તે સારી વસ્તુને ખરાબ માનવા લાગશે. માયાની પણ આવી જ અસર થાય છે.'

'સમજાય છે!'

'તો "**યોગમાયા**" શું છે?

'ભગવાનની જગતના કારણભૂતા માયાશક્તિને શ્રી વલ્લભાચાર્યજીએ સુબોધિનીજીમાં "**યોગમાયા**" કહી છે.'

'એટલે જગતનું નિર્માણ ભગવાને "યોગમાયા" દ્વારા કર્યું છે?'

'હા, તેથી જ તેઓ નિબંધમાં કહે છે કે "**પ્રપંચ (જગત) ભગવાનનું કાર્ય**" છે જે તેમણે તેમની "**માયા શક્તિ**" દ્વારા પ્રકટ કર્યું છે, અર્થાત આવિર્ભૂત કર્યું છે.'

'શંકરાચાર્યજી પણ જગતનું નિર્માણ માયા દ્વારા જ થયું હોવાનું કહે છે ને!'

‘હા, પરંતુ તેઓ માયાને બ્રહ્મની શક્તિ નહીં કહેતા ‘‘**સત્-અસત્ વિલક્ષણ**’’ અર્થાત્ ‘‘**અનિર્વચનીય**’’ કહે છે. તે એક જાદુગર રૂપિણી છે જે વાસ્તવમાં બધું બ્રહ્મ જ હોવા છતાં જગતના વિવિધ પદાર્થો રૂપે દેખાડે છે, તેથી તેઓ જગતને ‘‘**મિથ્યા**’’ કહે છે.’

‘તો સૃષ્ટિમાં અનેક જીવાત્માઓ છે તે બધા પણ શું તેમના મતે મિથ્યા છે?’

‘તેઓ કહે છે કે વાસ્તવમાં પરમાત્મા એક જ છે, પરંતુ માયાના કારણે જુદા જુદા જીવાત્માઓ ભાસે છે! અર્થાત્ **આત્મા એ જ પરમાત્મા છે.**’

‘ઓહ, તેથી શું શંકરાચાર્યજી જગત મિથ્યા હોવાથી તેના ત્યાગની અને સંન્યાસની આવશ્યકતા બતાવે છે?’

‘હા, તેમના મતે શાસ્ત્રો દ્વારા બ્રહ્મનું સાચું જ્ઞાન થાય તો બધું બ્રહ્મરૂપ જ દેખાશે, અર્થાત્ જ્ઞાન દ્વારા જ્યારે ‘‘**બ્રહ્મભાવ**’’ ઉત્પન્ન થાય ત્યારે જગત જેવું કાંઈ જણાશે નહિં. સર્વત્ર બ્રહ્મ જ દેખાશે.’

‘એટલે જગતના સ્વરૂપ વિશે ખાસો વિરોધાભાસ છે, બન્ને આચાર્યોમાં!’

‘હા, પરંતુ શ્રી વલ્લભાચાર્યજી **વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવત**ના પ્રમાણોની એકવાક્યતાના આધારે સ્પષ્ટ મત ધરાવે છે કે જગતના નિર્માણમાં કારણભૂત હોવા છતાં ‘‘**માયા શક્તિ**’’ ભગવાનને આધીન છે અને તેમની ઈચ્છા મુજબ જ કાર્ય કરે છે, સ્વતંત્રપણે નહીં. તેથી માયાને જગતનું ‘‘કારણ’’ ન કહેવાય, તે ભગવાન પોતે જ છે.’

‘હવે બરાબર સમજાયું કે ‘‘**માયા**’’ **અવિદ્યા**, **વિદ્યા**, **યોગમાયા**, **વ્યામોહિકા માયા** ઈત્યાદિ શક્તિઓના રૂપે ભગવાનની સૃષ્ટિલીલામાં સહાયકની ભૂમિકા ભજવે છે.’

‘બિલકુલ.’

૨૦. ''સંસાર''

'જીવાત્મા આ ''**સંસાર**''માં આવીને સુખ દુ:ખનો અનુભવ કેમ કરે છે, તે સમજાયું !'

'સંસારમાં આવીને નહીં, જગતમાં.'

'એકજ ને ! ''**સંસાર**'' કહો કે ''**જગત**'' કહો !'

'ના, જગત અને સંસાર બે જુદા છે. જગત તો બ્રહ્માત્મક હોવાથી સત્ય છે, પરંતુ સંસાર મિથ્યા છે.'

'એ કેવી રીતે ?'

'શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે જગત ભગવાનના **ચિત્** અને **આનંદ** તત્ત્વોના તિરોધાનપૂર્વક **સત** તત્ત્વથી પ્રકટ થએલું **નામ-રૂપ-કર્માત્મક** જડ સૃષ્ટિ છે, તેથી બ્રહ્મરૂપ હોવાથી સત્ય છે.'

'તો પછી ''**સંસાર**'' શું છે ?''

'જીવાત્મા માયાના પ્રભાવથી પોતાની ''**અહંતા**'' અને ''**મમતા**'' વડે બ્રહ્માત્મક જગતથી ભિન્ન પોતાની એક કાલ્પનિક સૃષ્ટિ બનાવે છે, તેને ''**સંસાર**'' કહે છે.'

''**અહંતા-મમતા**'' શું છે ?'

''અહંતા'' એટલે ''**હું પણું**'', અહંકારનો ભાવ, અને ''મમતા'' એટલે **મારાપણાનો ભાવ**. એ અવિદ્યા (અધ્યાસ)ના કારણે જે ભ્રાંતિ ઉત્પન્ન થાય છે, તેને જ ''**સંસાર**'' કહેવાય છે. તેથી શ્રી વલ્લભાચાર્યજી ''સંસાર''ને મિથ્યા કહે છે. જેમ સત્ય અને અસત્ય વચ્ચે ભેદ છે તેમ જગત અને સંસાર બન્ને પદાર્થો ભિન્ન છે.'

'ઓહ, એટલે શું ''**સંસાર**'' અવિદ્યાનું કાર્ય છે ?'

'હા, અજ્ઞાન, ભ્રમ, અસત્, એ શબ્દો અહંતા-મમતા રૂપ સંસાર

ામાં આવે છે, જગત માટે નહીં કારણ કે તેતો બ્રહ્મરૂપ છે.'

'તો શું જેમ વિદ્યાથી અવિદ્યા નિવૃત્ત થઈ જાય છે, તેમ સંસારનો પણ લોપ થઈ જાય છે?'

'હા, અગાઉ કહ્યું તેમ અવિદ્યાથી **બંધન** અને વિદ્યાથી **મુક્તિ** થાય છે. તેથી જીવાત્માની મુક્તિ થતાં સંસારનો પણ લય થઈ જાય છે. પરંતુ જગતનો લય થતો નથી, કેમકે, જગત તો **બ્રહ્માત્મક** છે.'

'બહુ મોટી ભ્રમણા દૂર થઈ, કારણ કે મોટાભાગે લોકો સંસાર શબ્દ જગત માટે વાપરતા હોય છે, અર્થાત્ બન્નેને એક જ માને છે.'

'તેનું કારણ એ છે કે માયાવાદીઓ જગતને પણ મિથ્યા જ કહે છે!'

'સાચી વાત છે, પરંતુ તે એક ભ્રાંતિ છે.'

૨૧. "વિષય અને વિષયતા"

'આપણને કોઈ વસ્તુનું જ્ઞાન કેવી રીતે થાય છે?'

'જ્યારે આપણી જ્ઞાનેન્દ્રિયો કોઈ વસ્તુના સંપર્કમાં આવે છે, ત્યારે આપણી બુધ્ધિમાં તે વાસ્તવમાં જેવી હોય છે તેવો અનુભવ થાય છે. અર્થાત્ તે ગોળ છે કે ચોરસ, લિસી છે કે બરછટ, લાલ છે કે પીળી, વગેરે સમજાય છે. આ અનુભવ ઈન્દ્રિયો દ્વારા થતો હોવાથી તેને ઈન્દ્રિયોનો "**વિષય**" કહેવાય છે.'

'એટલે કે વસ્તુ હકીકતમાં જેવી હોય તેવો અનુભવ થાય!'

'હા, તેને "વિષય"નું **યથાર્થ જ્ઞાન** કહેવાય, કારણ કે તે વસ્તુ ભગવાનના "**સદંશ**"નું રૂપ હોવાથી તેનું વાસ્તવિક અસ્તિત્વ હોય છે. તેથી આપણે ઘડો, ખુરશી, ટેબલ વગેરે જુદા જુદા પદાર્થો દેખાય / અનુભવાય છે.'

'તો શું વસ્તુ કે વિષયનું "**અયથાર્થ જ્ઞાન**" પણ થાય?'

'હા. અગાઉ કહ્યું તેમ "**વ્યામોહિકા માયા**" વિષયનું અયથાર્થ જ્ઞાન

પણ કરાવી શકે છે. તેને **‘‘અન્યથા પ્રતિતિભૂતા માયા’’** કહેવાય છે.’

‘તે કેવી રીતે?’

‘માયા જાદુગરની માફક જીવની બુધ્ધિમાં જગતના વિષયો જેવા જ માયિક વિષયો ઉત્પન્ન કરે છે, જેને શ્રી વલ્લભાચાર્યજી **‘‘વિષયતા’’** કહે છે.’

‘એટલે **‘‘વિષયતા’’** સાચી નથી હોતી!’

‘હા, તેના કારણે જોનારને જગતના વિષયોનો શુદ્ધ અનુભવ થવાને બદલે વિષયતા મિશ્રિત વિષયનો અનુભવ થવા લાગે છે.’

‘કોઈ ઉદાહરણ આપશો?’

‘જ્યારે આપણે ટ્રેનમાં મુસાફરી કરીએ છીએ ત્યારે વાસ્તવમાં ટ્રેન દોડતી હોય છે, પરંતુ બહાર જોતા આપણને લાગે છે કે વૃક્ષો અવળી દિશામાં દોડી રહ્યા છે. આ આપણા મનની ભ્રામક સ્થિતી છે. તેવી જ રીતે ‘‘વિષય’’નું સાચું જ્ઞાન થવાને બદલે આપણી બુધ્ધિમાં તેનો ભ્રમ ઉત્પન્ન થાય છે. તેને **‘‘વિષયતા’’** કહેવાય છે.’

‘એટલે શું **‘‘વિષય’’** સાચા હોય છે, પરંતુ **‘‘વિષયતા’’** ખોટી હોય છે, તે આપણો ભ્રમ માત્ર હોય છે?’

‘બિલકુલ, કારણ કે ‘‘વિષય’’ તો જગતના પદાર્થોનું સાચું અસ્તિત્વ હોય છે, જે ભગવાનમાંથી ઉત્પન્ન થયેલા છે, તેથી તે સત્ય છે, પરંતુ ‘‘વિષયતા’’ વ્યામોહિકા માયા દ્વારા ઉત્પન્ન થયેલી હોવાથી અસત્ય છે, તેનું વાસ્તવિક અસ્તિત્વ હોતું નથી.’

‘તો શું કોઈ વસ્તુ સારી છે કે ખરાબ તેવો અનુભવ માયાના કારણે થાય છે, તે વસ્તુ તો જેવી ઉત્પન્ન થયેલી છે, તેમ જ હોય છે, માયા તેને પ્રભાવિત કરી શકતી નથી?’

‘માટે જ શ્રી વલ્લભાચાર્યજી **‘‘વિષયતા’’**ને છોડાવાનું કહે છે, **‘‘વિષય’’**ને નહીં, કારણ કે તે તો ભદવદ્-રૂપ છે.’

૨૨. ''સૃષ્ટિ સર્જનનું પ્રયોજન''

'ભગવાને સૃષ્ટિનું સર્જન શા માટે કર્યું છે?'

'ઉપનિષદ તથા ભાગવત બન્ને કહે છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં ભગવાન એકલા જ હતા. અન્ય કાંઈ ન હતું.'

''એકમેવાદ્વિતીયમ'', તમે કહેલું.'

'હા, તેઓ એક માત્ર જ હતા. શ્રુતિ કહે છે - **''સ એકાકી ન રમતે''**. અર્થાત્ એકલા ને મજા આવી શકે નહીં. તેથી તેમણે બીજાની ઈચ્છા કરી - **''સ દ્વિતીય એચ્છત''**.

'પરંતુ ભગવાન તો સચ્ચિદાનંદ છે. આનંદ તો તેમનામાં રહેલો જ છે!'

'બિલકુલ સાચું. પોતાના આનંદ ને માણવા માટે જ તેમને અન્યની ઈચ્છા કરી.' ભગવાન સર્વ સમર્થ છે. કોઈ પણ કાર્ય માટે તેમને બીજાની અપેક્ષા હોતી નથી. તેમણે ઈચ્છા કરી અને પોતાના સત્, ચિત્ અને આનંદ તત્ત્વોમાંથી અસંખ્ય જડ પદાર્થો તેમજ ચૈતન્ય સૃષ્ટિ તથા અંતર્યામિ એવા અનેક રૂપો ધારણ કરી લીધા.'

'એટલે ભગવાને જગત પોતાના આનંદનો અનુભવ કરવા માટે ઉત્પન્ન કર્યું છે?'

'હા, શ્રી વલ્લભાચાર્યજી અણુભાષ્યમાં કહે છે - **''ન પ્રયોજનત્વાત''**. અન્ય કોઈ પ્રયોજન નથી. જેવી રીતે કોઈ રાજા પ્રાણીનો શિકાર કરે છે, તે તેના માંસનું ભક્ષણ કરવાના હેતુથી નથી કરતો. શિકાર કરવાથી રાજાને વિશિષ્ટ પ્રકારનો આનંદ મળે છે.'

'કોઈ બીજું ઉદાહરણ આપશો?'

'વધુ ખુલાસો કરતાં કહે છે- **''લોકવત્તુ લીલા કૈવલ્યમ''**. અર્થાત્

જેવી રીતે બાળકો નાટકનો ખેલ ભજવે છે, તેનો હેતુ માત્ર નિર્દોષ આનંદ મેળવવાનો જ હોય છે. અન્ય કશો હેતુ હોતો નથી. તેવી જ રીતે ભગવાન પોતાનામાંથી વિભિન્ન રૂપો ધારણ કરી નિજાનંદ માટે ખેલ કરી રહ્યા છે, જેને ''**લીલા**'' કહેવાય છે.'

'ઓહ, તો ભગવાન લીલા કરવા અથાગ પરિશ્રમ કરી રહ્યા છે !'

'ના, ભગવાનને કોઈ પરિશ્રમ થતો નથી, કારણ કે તેમની માયા ઈત્યાદિ અનેક શક્તિઓ છે, જે ભગવાનની ઈચ્છા પ્રમાણે કાર્ય કરે છે. ભગવાન ''**ક્રિયાશક્તિ**'' અને ''**જ્ઞાનશક્તિ**'' રૂપ છે. તેથી તેઓ ધારે તે સર્વ કાંઈ કરી શકે છે. ''**કોઈ પણ પ્રકારના શ્રમ વિના આનંદનું ઉચ્છલિત થવું, તેને જ લીલા કહેવાય !**''

'ભગવાને અગણિત વિવિધતાવાળા પદાર્થો તેમજ વિભિન્ન સ્વભાવવાળી જીવ ઉત્પન્ન કર્યા છે, તેનું શું કારણ છે ?'

'રસ ઉત્પન્ન થાય તો જ આનંદ માણી શકાય. રસ ઉત્પન્ન કરવા માટે ''**વિવિધતા**'' અને ''**વિચિત્રતા**'' જરૂરી છે.'

'ઓહ, સમજાયું, સૃષ્ટિમાં રહેલા અનેક રૂપ, રસ, ગંધ ઈત્યાદિ વિવિધતાનું કારણ !'

૨૩. ''જીવાત્માના પ્રકાર''

'ભગવાને નિજાનંદ માટે વિવિધતા પ્રકટ કરી છે, તે તો સમજમાં આવ્યું, પરંતુ જો જીવાત્મા સચ્ચિદાનંદ ભગવાનનો ''ચિદંશ'' હોય તો બધા જીવાત્મા સમાન હોવા જોઈએ ! જ્યારે જગતમાં સૌ એક સરખા નથી હોતા. દરેકના સ્વભાવ જુદા જુદા હોય છે. તેનું શું કારણ ?'

'આપણે અગાઉ જોયું કે ભગવાન જ સૃષ્ટિમાં પોતાની ઈચ્છાથી ''સ્વભાવ'' રૂપે રૂપાંતરીત થયા છે. તેથી જગતના જડ પદાર્થોના ગુણધર્મો ભિન્ન ભિન્ન છે, તેમ પ્રાણી સૃષ્ટિમાં પણ પ્રત્યેક જીવના જુદા

જુદા સ્વભાવ ઘડ્યા છે. ગીતામાં ભગવાન કહે છે કે તેમણે મુખ્યત્વે બે પ્રકારની સૃષ્ટિની રચના કરી છે. ''**દૈવી સૃષ્ટિ**'' અને ''**આસુરી સૃષ્ટિ**''.

'એટલે સૃષ્ટિના બે જ પ્રકાર છે ? તે બેમાં ભેદ શું છે ?'

'શ્રી વલ્લભાચાર્યજીએ અનેક પ્રભેદ બતાવ્યા છે. ''દેવી-સૃષ્ટિ''ના બે પ્રભેદ તેઓ સમજાવે છે - ''**પુષ્ટિ સૃષ્ટિ**'' અને ''**મર્યાદા સૃષ્ટિ**'' તથા ''આસુરી સૃષ્ટિ''ને તેઓ ''**પ્રવાહી સૃષ્ટિ**'' કહે છે.'

'અર્થાત તેમના મતે ત્રણ પ્રકારના જીવાત્મા છે, ૧. **પુષ્ટિ**, ૨. **મર્યાદા** અને ૩. **પ્રવાહી** !'

'આ સિવાય તેના અનેક પ્રભેદ હોઈ શકે છે, જેને ''**મિશ્ર સૃષ્ટિ**'' કહેવાય છે, કારણ કે આ પ્રભેદો જીવોના લાક્ષણિક ગુણોના આધારે પડવામાં આવ્યા છે.'

''મિશ્ર સૃષ્ટિ'' શું છે ?'

'તેમાં પુષ્ટિ તથા મર્યાદા (પુષ્ટિ-મર્યાદા) અથવા પુષ્ટિ તથા પ્રવાહી (પુષ્ટિ-પ્રવાહી) જીવોના ગુણ હોય. તેવી જ રીતે મર્યાદા તથા પુષ્ટિ (મર્યાદા-પુષ્ટિ) અથવા મર્યાદા તથા પ્રવાહી (મર્યાદા-પ્રવાહી) જીવોના ગુણ હોય ! તેવાં અનેક પ્રભેદ હોઈ શકે છે. પ્રવાહી સૃષ્ટિના પણ બે પ્રભેદ બતાવ્યા છે - ૧. અજ્ઞ અને ૨. દુર્જ્ઞ.

'જીવાત્માના ભેદ કઈ રીતે પાડવામાં આવ્યા છે ?'

'શ્રી વલ્લભાચાર્યજીએ તેમના ''**પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ**'' ગ્રંથમાં વિસ્તારથી આનો ખુલાસો કરતા કહ્યું છે કે- ''પુષ્ટિજીવો'' ભગવાનના શ્રી અંગમાંથી ઉત્પન્ન થયા છે. તેમની રૂચિ ભગવાનની સેવા કરવાની હોય છે. આ પ્રકારના જીવો ભગવાનની કૃપાથી ''**નિર્ગુણ ભક્તિ**'' દ્વારા ભગવાનના સ્વરૂપને પ્રાપ્ત કરે છે. ભગવાનની અલૌકિક લીલાઓનો અનુભવ કરે છે.'

'શું બધા પુષ્ટિજીવો સરખા હોય છે ?'

'ના, શ્રી વલ્લભાચાર્યજી તેના ચાર પ્રભેદ બતાવે છે.'

'કયા કયા?'

'૧. **શુદ્ધ પુષ્ટિ** - તેમને ભગવાન પોતાની કૃપાથી સ્વયં જ પોતાનો અનુભવ કરાવે છે. તેમનો ભગવાન પ્રત્યેનો સ્નેહ સહજ, ઉત્કટ તથા કોઈ પ્રયોજન વિનાનો હોય છે, આવા જીવો અતિ દુર્લભ હોય છે.

૨. **પુષ્ટિ પુષ્ટિ** - આ જીવો ભગવાનના માહાત્મ્યજ્ઞાનવાળા અને તેમના પ્રત્યે સુદૃઢ સર્વતોધિક સ્નેહ ધરાવતા હોઈ હંમેશાં **'કૃષ્ણસેવા પરાયણ'** હોય છે.

૩. **મર્યાદા પુષ્ટિ** - આ જીવોને ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓની કથા દ્વારા ભગવાનના ગુણોનું પ્રેમપૂર્વક ચિંતન કરવામાં વિશેષ રૂચિ હોય છે.

૪. **પ્રવાહ પુષ્ટિ** - આ જીવોને ભગવાનનું સારું માહાત્મ્યજ્ઞાન કે તેમનામાં દૃઢ પ્રેમ હોતો નથી. છતાં તેમને કૃષ્ણ ભજન તથા બાહ્ય ક્રિયાઓમાં તત્પરતા હોય છે.

'**મર્યાદા જીવો**ની શું ખાસિયત હોય છે?'

'મર્યાદા જીવો ભગવાનની વાણીમાંથી ઉત્પન્ન થયા છે. તેમને વેદમાં કહ્યા પ્રમાણે **ધર્મ-અર્થ-કામ** પુરુષાર્થોના અનુષ્ઠાનમાં રૂચિ હોય છે, જેઓ અંતમાં ''**મોક્ષ**'' પ્રાપ્ત કરે છે.'

'અને પ્રવાહી જીવોનું શું સ્વરૂપ છે?'

'પ્રવાહી જીવોને ભગવાને પોતાના મનમાંથી ઉત્પન્ન કર્યા છે. તેમની રૂચિ જગતના વિષયોમાં હોય છે. તેથી તેઓ ભવપ્રવાહમાં તણાયા કર છે. તેમને ભગવાન પોતાની ઈચ્છા મુજબ ફલ આપે છે. ગીતામાં કહેલી **'આસુરી સૃષ્ટિ'**નો જ આ પ્રકાર છે, જેમને યોગ્ય પ્રવૃત્તિ કે નિવૃત્તિનું જ્ઞાન હોતું નથી. જગતમાં મોટા ભાગની સૃષ્ટિ આ પ્રકારની છે.'

૨૪. ‘‘બંધન અને મોક્ષ’’

‘‘બંધન’’ એટલે શું?’

‘‘બંધન’’નો અર્થ છે - જન્મ-મરણના ચકરાવામાં ફસાવું. તેને કારણે જીવાત્માને અનેક પ્રકારના દુઃખોનો અનુભવ કરવો પડે છે.’

‘‘બંધન’’ થવાનું કારણ શું?’

‘અગાઉ આપણે જોયું કે જીવાત્માને **‘‘અવિદ્યા-માયા’’**ના કારણે બંધન થાય છે. તે પોતાનાં મૂલ સ્વરૂપને કે પોતે ભગવાનનો અંશ છે અને ભગવાનમાંથી છૂટો પડ્યો છે, તે ભૂલી જાય છે અને પોતાને દેહ, ઈંદ્રિયાદિ માની બેસે છે. વાસ્તવમાં જન્મ-મરણ જેવું જીવાત્માને હોતું જ નથી. તે તો પોતાના કર્માનુસાર ફલ ભોગવવા એકથી બીજી યોનીઓમાં ભટકતો રહે છે, અને તેના કારણે તે સુખ દુઃખનો અનુભવ કરે છે. તેનું નામ જ **‘‘બંધન’’** છે.’

‘તો શું જીવાત્મા જન્મ-મરણના ચકરાવામાંથી મુક્ત થઈ શકે છે?’

‘હા, જો તેને પોતાની વાસ્તવિકતાનું, પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય તો!, અને તદ્વિષયક પુરુષાર્થ કરે તો તેને **‘મોક્ષ’** પ્રાપ્તિ થાય.’

‘‘મોક્ષ’’ એટલે શું?’

‘‘મોક્ષ’’ની પરિભાષા વિભિન્ન આધ્યાત્મિક દૃષ્ટિકોણથી અલગ અલગ કરવા વિચારધારાઓમાં આવી છે. કેટલાક ‘‘દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ’’ને મોક્ષ માને છે, તો કેટલીક દાર્શનિક વિચારધારા મુજબ પોતાના આત્માની ઓળખ કે ‘તે સ્વયં પરમાત્મા’ છે, તેને જ મોક્ષ કહે છે.’

‘મોક્ષ વિશે શ્રીવલ્લભાચાર્યજીનો દૃષ્ટિકોણ શું છે?’

‘શ્રીવલ્લભાચાર્યજીની **‘‘શુદ્ધાદ્વૈત વિચારધારા’’** મુજબ મોક્ષ એ સ્થિતિનું નામ છે, જેમાં જીવના અધ્યાસ છૂટી ગયા પછી તે ભગવાનની

અલૌકિક લીલાઓના આનંદનો અનુભવ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણની ‘‘**નિર્ગુણ ભક્તિ**’’ દ્વારા ‘‘**ભજનાનંદ**’’ની પ્રાપ્તિ એ ‘‘**પુષ્ટિમાર્ગીય મોક્ષ**’’ છે, જે અક્ષરબ્રહ્મમાં લીન થવા કરતાં અધિક છે, કારણ કે તેમાં ભગવાનનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.’

‘શું મુક્તિના અનેક પ્રકારો છે ?’

‘હા, કેવલ નિષ્કામ કર્મ કરવાથી આત્માનંદ રૂપા મુક્તિ પ્રાપ્ત થાય છે, અથવા બ્રહ્મજ્ઞાન સહ વેદિક કર્મ દ્વારા બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે તે પણ મુક્તિનો એક પ્રકાર છે.’

‘શું વિભિન્ન દેવોની ઉપાસના કરવાથી મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે ?’

‘હા, ભગવાને ધારણ કરેલા વેદોક્ત દેવતાઓ- અગ્નિ, વરુણ આદિ તેમજ વિભિન્ન પુરાણોક્ત દેવો- શિવ, દુર્ગા, ગણપતિ ઈત્યાદિની આજીવન નિષ્કામ ભાવથી ઉપાસના કરવાથી તે તે દેવતાઓના લોકમાં અથવા જે તે દેવ સ્વરૂપોમાં **સાલોક્ય**, **સાર્ષ્ટિ**, **સામીપ્ય**, **સારૂપ્ય** અથવા **સાયુજ્ય** રૂપ મુક્તિ પ્રાપ્ત થાય છે.’

‘મુક્તિના આ પ્રકારોને જરા વિસ્તારથી કહો.’

‘‘સાલોક્ય’’ મુક્તિ એટલે જે તે દેવના લોકમાં વાસ પ્રાપ્ત થવો. ‘‘સાર્ષ્ટિ’’ મુક્તિનું તાત્પર્ય છે, તે દેવના જેવા ઐશ્વર્યની પ્રાપ્તિ. તેવી જ રીતે ‘‘સામીપ્ય’’ અર્થાત્ તે દેવનું સાનિધ્ય પ્રાપ્ત થવું અને ‘‘સારૂપ્ય’’નો અર્થ છે, જે તે દેવના જેવા રૂપની પ્રાપ્તિ.’

‘‘સાયુજ્ય’’ એટલે શું ?’

‘‘સાયુજ્ય’’નો અર્થ છે ભળી જવું, એકાત્મ થઈ જવું. જીવાત્મા જે તે દેવમાં લીન થઈ જાય છે.’

‘તો શું ‘‘**સાંખ્ય**’’ અને ‘‘**યોગ**’’ દ્વારા પણ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે ?’

‘હા, કોઈ પણ દેવનો આશ્રય કર્યા વિના કેવલ ‘‘સાંખ્ય’’ તેમજ

''યોગ''ના અનુષ્ઠાન દ્વારા પણ આત્માનંદના અનુભવ રૂપ મુક્તિની પ્રાપ્તિ થાય છે.'

'શું ''**કર્મ**''ની માફક ''**જ્ઞાન**'' દ્વારા પણ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે.'

'હા, જેમ શંકરાચાર્યજી કહે છે તેમ ''**પ્રસ્થાન ત્રયી**''- **વેદ, ગીતા** અને **બ્રહ્મસૂત્રો**ના જ્ઞાન દ્વારા બ્રહ્મનું યથાર્થ જ્ઞાન થાય તો 'બ્રહ્મરૂપતા'- પોતે જ બ્રહ્મ છે તે સમજાય, પ્રાપ્ત થાય, '**બ્રહ્માનંદ**'નો અનુભવ થાય, કારણ કે જીવાત્મા **અક્ષરબ્રહ્મ**ને પ્રાપ્ત થાય છે. આ જ્ઞાનમાર્ગીય અથવા મર્યાદામાર્ગીય મોક્ષ છે.'

'પરંતુ ''**બંધન**''નું કારણ તો ''**અવિદ્યા**'' છે તેમ કહેલું?'

'સાચી વાત છે. અવિદ્યાના કારણે જીવને દેહાદિના અધ્યાસ (ભ્રાન્તિ) થવાને લીધે પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થઈ જાય છે, જે તેના બંધનનું કારણ બને છે.'

'તો તેમાંથી મુક્ત થવાનો ઉપાય શું?'

'અવિદ્યાની માફક ''**વિદ્યા**'' પણ ભગવાનની શક્તિ છે, જેના પાંચ પર્વો છે- **વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ:** અને **ભક્તિ**. તેની ચર્ચા અગાઉ કરી છે. એ વિદ્યા દ્વારા જીવને દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંત:કરણ તેમજ સ્વરૂપ વિસ્મૃતિના અધ્યાસો દૂર થઈ જાય છે.'

'તો શું અધ્યાસો દૂર થવાથી જીવાત્મા મુક્ત બની જાય છે?'

'આ અધ્યાસો દૂર થવા છતાં જીવાત્માના સંચિત તથા પ્રારબ્ધ કર્મોના ફલ ભોગવવાના જ્યાં સુધી બાકી હોય, ત્યાં સુધી તેના દેહનો વિલય અર્થાત તેનું મૃત્યુ થતું નથી, પરંતુ અવિદ્યાનું બંધન ઢીલું પડવાથી તેનો અહંતા-મમતાત્મક સંસાર છૂટી જાય છે.'

'તો એ સ્થિતિને શું કહેવાય?'

'અવિદ્યા દૂર થવા છતાં દેહ ટકી રહે તે સ્થિતિને ''**જીવનમુક્તિ**''

કહેવાય છે. જીવન રહેવા છતાં તે જીવ ‘‘**મુક્તાત્મા**’’ છે.’

‘અર્થાત્ શું ‘‘**જીવનમુક્તિ**’’ અહંતા-મમતાત્મક સંસારથી મળતી મુક્તિ છે ?’

‘હા, જીવનમુક્ત જીવાત્મા જાગતિક બંધનોથી મુક્ત હોતો નથી.’

‘તો જીવાત્મા સંપૂર્ણત : મુક્ત ક્યારે થાય છે ?’

‘જીવનમુક્ત મનુષ્યને જ્યારે સર્વે કર્મોના ફલ ભોગવાઈ જાય ત્યારે વિદ્યમાન અને આગામી દેહથી છુટકારો મળી જાય છે. તે સ્થિતિને ‘‘**વિદેહમુક્તિ**’’ કહેવાય છે. તે પછી તેનો જન્મ કે મૃત્યુ થતું નથી.’

‘‘વિદેહમુક્તિ’’ પછી જીવાત્માની શું સ્થિતિ હોય છે ?’

‘‘વિદેહમુક્તિ’’ના અનેક પ્રકારો છે. જીવાત્માની યોગ્યતા મુજબ ભગવાન તેને સ્થાન આપે છે. આવી મુક્તિ ભગવાન દૈવીજીવોને જ આપે છે, આસુરી જીવો મુક્ત થઈ શકતા નથી. તેઓ સૃષ્ટિના પ્રલય પર્યંત અનેક યોનીઓમાં ભટકતા રહે છે.’

‘શ્રી વલ્લભાચાર્યજીના દૃષ્ટિકોણથી ‘‘**મોક્ષ**’’નું સ્વરૂપ શું છે ?’

‘તેમની દૃષ્ટિથી મોક્ષ માત્ર દુ :ખની નિવૃત્તિ કે ભગવાનમાં લીન થઈ જવું તે નથી, પરંતુ ભગવાનના શાશ્વત આનંદની પ્રાપ્તિ છે.’

‘‘શાશ્વત આનંદ’’થી શું તાત્પર્ય છે ?’

‘ભગવાન ‘‘**સચ્ચિદાનંદ**’’ હોવાથી તેઓ આનંદ સ્વરૂપ છે. શ્રુતિ કહે છે- ‘‘**આનંદો બ્રહ્મેતિ વ્યજનાત્**’’ અર્થાત ‘‘**આનંદ**’’ એ જ બ્રહ્મ છે. શ્રી વલ્લભાચાર્યજી એ આનંદની પ્રાપ્તિને મોક્ષ કહે છે.’

‘એટલે કે ‘‘મોક્ષ’’ પ્રાપ્ત કરવો એટલે ‘‘આનંદ’’ પ્રાપ્ત કરવો, અર્થાત્ ‘‘ભગવાન’’ને પ્રાપ્ત કરવા !’

‘બિલકુલ. તેથી તેઓ કહે છે- ‘‘**ભગવાનેવ ફલમ્**’’, ભગવાન જ ફલરૂપ છે, અંતિમ લક્ષ છે, મોક્ષ કે મુક્તિ નહીં.’

'અદ્‌ભુત! તો શું "**અક્ષરબ્રહ્મ**"માં એકાકાર થવાનો તેમનો આશય છે?'

'ના, અક્ષરબ્રહ્મ તો "**ગણિતાનંદ**" છે. તેનાથી વિશેષ **પુરુષોત્તમ શ્રીકૃષ્ણ** છે, તેમ ભગવાન સ્વયં ગીતામાં કહે છે.'

'અર્થાત્ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એ "મોક્ષ" છે?'

'મોક્ષથી પણ વિશેષ. મોક્ષ કે મુક્તિ તો અસ્તિત્વ મિટાવી દેવાની સ્થિતિ છે. પુષ્ટિજીવોનું તે લક્ષ નથી, પરંતુ તેથી વિશેષ તેઓ "**ભક્તિ**"ની અપેક્ષા રાખે છે, જેના દ્વારા ભગવાનના આનંદને માણી શકાય, તેમની દિવ્ય લીલાઓનો અનુભવ કરી શકાય!'

'પરંતુ શાસ્ત્ર તો "મોક્ષ"ને અંતિમ પુરુષાર્થ બતાવે છે!'

'શ્રી વલ્લભાચાર્યજી તેથી એ વિશેષ "**ભક્તિ**"ને પંચમ પુરુષાર્થ કહે છે. કારણ કે તે મોક્ષથી અધિક છે.'

'અર્થાત્, તેમની દૃષ્ટિમાં મોક્ષ પ્રાપ્તિ એ પુષ્ટિજીવનું ધ્યેય નથી પરંતુ "ભક્તિ" છે!'

'હા, તેથી જ શ્રી વલ્લભાચાર્યજી ચતુઃશ્લોકી ગ્રંથમાં પુષ્ટિમાર્ગીય મોક્ષ સમજાવતા કહે છે- "**સ્મરણં ભજનં ન ત્યાજ્યમ**" અર્થાત આપણું ચિત્ત સતત ભગવાનના સ્મરણ અને ભજન (સેવા)માં ડુબેલું રહે તે જ જીવનનું અંતિમ લક્ષ છે, તે જ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે.

૨૫. "મુક્તિના માર્ગો"

'શું બધા જીવો મુક્તિના અધિકારી હોય છે?'

'ના, **પુષ્ટિ** અને **મર્યાદા** જીવોની મુક્તિ થાય છે, **પ્રવાહી** અર્થાત્ **આસુરી જીવો**ની મુક્તિ થતી નથી.'

'તો તેવાં જીવોની શું ગતિ થાય છે ?'

'આસુરી જીવો પ્રલયકાલ પર્યંત કર્માનુસાર વિભિન્ન યોનીઓમાં જન્મ અને મરણના ચકરાવામાં ફર્યા કરે છે.'

'આસુરી જીવોની આવી ગતિ થવાનું કારણ શું?'

'જે જીવોને ભગવાન આસુરી બનાવવા ઈચ્છે છે તે જીવોમાં જ્યારે તેઓ ભગવાનમાંથી છુટા પડે ત્યારે એટલે કે તેમના **"વરણ"** સમયે જ તેમનામાં **"અસદ્ વાસના"** સ્થાપિત કરી દે છે. અસદ્વાસના મુક્તિ મેળવવામાં બાધક બની જતી હોય છે, જેના કારણે તેને આસુરી દેહની પ્રાપ્તિ થાય છે. તેમની રૂચિ સ્વભાવ-વશાત્ નિંદિત કર્મો કરવામાં હોય છે. તેના કારણે તેમને **"હીન યોનિ"**માં જન્મ લેવો પડે છે.'

'ઓહ ! તેથી આસુરી જીવોને કાયમ જન્મતા અને મરતા જ રહેવું પડે છે ?'

'હા, તેઓ પ્રલય પર્યંત મુક્ત થતા નથી.'

'તો પ્રલય થાય ત્યારે તે જીવોની શું સ્થિતિ હોય છે ?'

'ભગવાન જ્યારે સૃષ્ટિને સંકેલી લેવાની ઈચ્છા કરે છે ત્યારે તેઓ આસુરી જીવોની અવિદ્યાનો નાશ કરીને પોતાનામાં લીન કરી દે છે.'

'એટલે આસુરી જીવો સાધન કરવા છતાં મુક્ત થઈ શકતા નથી !'

'ના, તેમની મુક્તિ માત્ર ભગવાનની ઈચ્છાથી જ થાય છે, જેમ કંસ, શિશુપાલ ઈત્યાદિનો ભગવાને ઉધ્ધાર કરેલો.'

'તો પછી **પુષ્ટિ** તેમજ **મર્યાદા** જીવોની મુક્તિ કઈ રીતે થાય છે ?'

'પુષ્ટિ અને મર્યાદા જીવોની મુક્તિ માટે શાસ્ત્રોમાં વિભિન્ન માર્ગો બતાવવામાં આવ્યા છે, જેવા કે **કર્મમાર્ગ**, **જ્ઞાનમાર્ગ**, **ભક્તિમાર્ગ** વગેરે.

'આ માર્ગોને વિસ્તારથી સમજાવશો ?'

૨૬. ''કર્મમાર્ગ-જ્ઞાનમાર્ગ''

''કર્મમાર્ગ'' એટલે શું?'

'વેદના મુખ્ય બે વિભાગ છે - ૧. ''**પૂર્વકાંડ**'' જેને ''**કર્મકાંડ**'' પણ કહેવાય છે અને ૨. ''**ઉત્તરકાંડ**'' જે ''**જ્ઞાનકાંડ**'' તરીકે પણ ઓળખાય છે.'

'પૂર્વકાંડ'ને 'કર્મકાંડ' શામાટે કહેવાય છે?'

'કારણકે તેમાં વિવિધ પ્રકારના યજ્ઞ-યાગાદિ કર્મો કરવાના વિધાન કરવામાં આવ્યા છે.'

'યજ્ઞ કરવાનું તાત્પર્ય શું છે?'

'વિભિન્ન પ્રકારના યજ્ઞકર્મ કરવાથી ઈચ્છિત ફલો-સામ્રાજ્ય, સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ વગેરે થાય છે.'

'શું ''**કર્મ**'' દ્વારા મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે?'

'વેદમાં નિરૂપણ કરવામાં આવ્યું છે કે જ્યારે જીવાત્માના બધા જ સારા-ખોટા **સંચિત** તેમજ **પ્રારબ્ધ** કર્મોના ફલ ભોગવાઈ જાય અને નવા **કામ્ય કર્મો** થતા અટકી જાય, ત્યારે તેને ફરીથી જન્મ લેવો પડતો નથી.'

''સંચિત કર્મ'' એટલે શું?'

'આપણે જે કર્મો કરીએ છીએ, ત્યારે તેની ફલ આપવાની ક્ષમતા ઉત્પન્ન થાય છે, જેને ''**અપૂર્વ**'' કહેવાય છે.'

'શું આપણે કર્મ કરીએ એટલે તરત જ તેનું ફલ મળી જાય છે?'

'ના, કર્મના ફલ ભગવાનની ઈચ્છા મુજબ આ જન્મમાં કે પછીના કોઈ જન્મમાં ભોગવવા પડે છે, ત્યાં સુધી તે કર્મો એકઠા થતા રહે છે. તેને ''**સંચિત કર્મો**'' કહેવાય છે.

‘અને ‘‘**પ્રારબ્ધ કર્મો**’’?’

‘આ જન્મમાં આપણે જે સારા-ખોટા ફલ ભોગવીએ છીએ તે આપણા અગાઉના જન્મોના ફલ છે, તે કર્મોને ‘‘**પ્રારબ્ધ કર્મ**’’ કહેવાય છે.’

‘તો શું આપણે બધા જ કર્મોના ફલ ભોગવવા પડે છે?’

‘કોઈ પણ પ્રાણી કર્મ કર્યા વિના રહી શકતું નથી, પરંતુ કોઈ ઈચ્છા વશ આપણે જે કર્મ કરીએ છીએ, જેને ‘‘**કામ્ય કર્મ**’’ કહેવાય છે, તેના ફલ અવશ્ય ભોગવવા પડે છે, પરંતુ ‘‘**નિષ્કામ ભાવ**’’થી આસક્તિ વિના કર્મ કરવામાં આવે અને તે જો ભગવાનને અર્પણ કરવામાં આવે તો તે બંધનકર્તા હોતા નથી, એમ ભગવાને ગીતામાં સમજાવ્યું છે.’

‘એટલે આપણને ‘‘**ફલ પ્રાપ્તિ**’’ કર્મો દ્વારા થાય છે!’

‘ના, કર્મ તો જડ છે, તે ફલ પ્રાપ્તિ કરાવી શકતું નથી, કર્મનું ફલ તો ભગવાન જ આપે છે, તેવો ખુલાસો શ્રી મહાપ્રભુજીએ અણુભાષ્યમાં કર્યો છે.’

‘ગીતાજીમાં કહ્યું છે- ‘‘**કર્મણયેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન્**’’ એનું તાત્પર્ય શું છે?’

‘ભગવાન કહે છે કે પ્રત્યેક મનુષ્યે પોતાના વર્ણાશ્રમ ધર્મ અનુસાર **કર્મ** કરવું આવશ્યક છે. પરંતુ તેનું ફલ આપવું ભગવાનને આધીન છે. તેથી ફલની ચિંતા કરવી નહીં, અર્થાત્ નિષ્કામ ભાવે કર્મ કરવા જોઈએ.’

‘તો શું **યજ્ઞ-યાગાદિ** પણ નિષ્કામ ભાવથી કરવા જોઈએ?’

‘બિલકુલ. શ્રી વલ્લભાચાર્યજીએ સુબોધિનિજીમાં ત્રણ પ્રકારના યજ્ઞ બતાવ્યા છે- ૧. કોઈ કામનાથી કરવામાં આવે તે યજ્ઞ

''આધિભૌતિક'' છે, ૨. જે ચિત્તની શુદ્ધિ માટે કરવામાં આવે તેને **''આધ્યાત્મિક યજ્ઞ''** કહેવાય, અને જે ભગવાન માટે કરવામાં આવે તે **''આધિદૈવિક યજ્ઞ''** કહેવાય, જે ઉત્તમ છે.

'શું **''કર્મમાર્ગ''**ની કોઈ મર્યાદા છે?'

'હા, કર્મમાર્ગનું ફલ અનિત્ય છે, અર્થાત્ તે પુણ્યોપભોગ થાય ત્યાં સુધી જ રહે છે. તે ભોગવાઈ જાય એટલે પુન: જન્મ-મરણના ચકરાવામાં આવી જવું પડે છે. તદ્દુપરાંત તેમાં ફલપ્રાપ્તિ માટે **દેશ** (સ્થળ), **કાલ** (સમય), **દ્રવ્ય** (યજ્ઞ સામગ્રી), **મંત્ર**, **કર્મ** અને **કર્તા**ની શુદ્ધિ આવશ્યક છે. તેમાંથી કોઈ પણ અશુદ્ધ હોય તો ઈચ્છિત ફલની પ્રાપ્તિ અસંભવ છે.'

'ઓહ, અર્થાત તે કઠીન છે, તેમ કહી શકાય!'

'બિલકુલ સાચુ છે. વિશેષત: વર્તમાન કલિકાલમાં તો એ બધા અંગો શુદ્ધ હોવા મુશ્કેલ છે.'

'તેથી કહી શકાય કે શાસ્ત્રોક્ત **''કર્મમાર્ગ''** મોક્ષપ્રાપ્તિનું સાધન અવશ્ય છે, પરંતુ તે સરળ નથી.'

'માટે જ શ્રી વલ્લભાચાર્યજી **''કર્મ''**ને અંત:કરણની શુદ્ધિ માટે ઉપયોગી બતાવે છે. તેમના મતે **''ભક્તિમાર્ગ''** પરમ ફલની પ્રાપ્તિ માટે ઉત્તમ સાધન છે, કારણ કે તેમાં જીવાત્મા કૃતાર્થ થાય છે.'

''જ્ઞાનમાર્ગ'' એટલે શું?'

'જેમ કર્મેન્દ્રિયો કર્મ કરવા માટે છે, તેમ જ્ઞાનેન્દ્રિયો જ્ઞાન પ્રાપ્તિ માટે છે. જેવી રીતે જીવનમાં લૌકિક વિષયોનું જ્ઞાન જરૂરી છે તેવી રીતે મોક્ષ પ્રાપ્તિ માટે ભગવાન વિશેનું જ્ઞાન આવશ્યક છે.'

'એટલે શું જેમ પુસ્તકો દ્વારા આપણે પદાર્થોનું જ્ઞાન મેળવીએ છીએ તેમ ભગવાન વિશે જાણીએ તે **''જ્ઞાન''** છે?''

'ના, "**અલૌકિક જ્ઞાન**"નું તાત્પર્ય માત્ર ઈન્દ્રિયજન્ય કે બુદ્ધિજન્ય જ્ઞાન નહીં, પરંતુ ભગવાન વિશે અનુભૂતિ કરાવનાર શાસ્ત્રો દ્વારા મેળવેલ **વિજ્ઞાન**, તે જ સાચું જ્ઞાન કહેવાય.'

'એવું જ્ઞાન કેવી રીતે મેળવાય?'

'શંકરાચાર્યજી ભગવાનને "**જ્ઞાન રૂપ**" માને છે. તેથી તેઓ સમજાવે છે કે "**વેદ-ગીતા-બ્રહ્મસૂત્રો**" એ "**પ્રસ્થાન ત્રયી**" છે, જેના દ્વારા બ્રહ્મનું અર્થાત ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.'

'પરંતુ તે જ્ઞાન દ્વારા ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થાય?'

'તેને માટે "**સાધન-ચતુષ્ટય**" એટલે **વૈરાગ્ય**, **નિત્ય-અનિત્ય વસ્તુઓનો વિવેક**, **તપ:** તથા **યોગ** અને **મુમુક્ષત્વ**ની આવશ્યકતા છે. એ વિદ્યાઓ દ્વારા જ્યારે આપણી અવિદ્યા દૂર થાય ત્યારે મુક્તિ મળે. શંકરાચાર્યજીના મતે "**આત્મા એજ પરમાત્મા**" છે. બન્નેમાં તાત્વિક ભેદ નથી. તેથી જ્યારે શાસ્ત્રો દ્વારા ભગવાનના સાચા સ્વરૂપને જાણીએ ત્યાર સમજાય કે જીવાત્મા પોતે જ બ્રહ્મ છે.'

'શું તેથી જ્ઞાનવાદીઓ કહે છે "**અહં બ્રહ્માસ્મિ**"?'

'બ્રહ્મના સ્વરૂપને જાણવાથી "**બ્રહ્મભાવ**" ઉત્પન્ન થાય છે, સર્વત્ર બ્રહ્મરૂપતા દેખાય છે. જીવાત્માને **બ્રહ્માનંદ**નો અનુભવ થાય છે.'

'શું તે જ મોક્ષ છે?'

'હા, જ્ઞાનમાર્ગમાં બ્રહ્મરૂપતાની અનુભૂતિને જ મોક્ષ કહે છે.'

'અર્થાત્ શું તે અવસ્થામાં ભગવાનની- પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે, ભગવાનનો આનંદ પ્રાપ્ત થાય?'

'ના, જ્ઞાનમાર્ગ દ્વારા પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થતી નથી, પરંતુ "**અક્ષરબ્રહ્મ**"ની પ્રાપ્તિ થાય છે, અર્થાત જીવાત્મા અક્ષરબ્રહ્મમાં લીન થઈ જાય છે. તેને જ મોક્ષ કહે છે.

૨૭. ‘‘ભક્તિમાર્ગ’’

‘‘ભક્તિમાર્ગ’’ કોને કહેવાય?’

‘ભગવાનની ભક્તિ દ્વારા મોક્ષપ્રાપ્તિના માર્ગને ‘‘ભક્તિમાર્ગ’’ કહેવાય છે.’

‘‘ભક્તિ’’ શબ્દનું તાત્પર્ય શું છે ?’

‘‘ભક્તિ’’ શબ્દનો સાદો અર્થ થાય- **‘‘ભગવાન પ્રત્યે પ્રેમ’’**. પ્રેમપુર્વિકા સેવાને **‘‘ભક્તિ’’** કહેવાય. ભગવાનને વિવિધ પ્રકારની ઉપાસના દ્વારા પ્રસન્ન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. વેદમાં **અગ્નિ, ઈંદ્ર, મિત્ર, વરુણ** વગેરે દેવતાઓની ઉપાસના દ્વારા પ્રસન્ન કરવાનું વિધાન છે. તે ભક્તિનો જ પ્રકાર છે.’

‘શું બીજા કોઈ શાસ્ત્રોમાં ભક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે !’

‘ભક્તિનું માહાત્મ્ય **ગીતા** તેમજ **ભાગવત** બન્નેમાં સમજાવવામાં આવ્યું છે. ગીતામાં ભગવાન અર્જુનને કહે છે- **‘‘અનન્ય ભક્તિ દ્વારાજ મને પામી શકાય છે.’’** ભાગવતમાં પણ ભગવાન ઉદ્ધવજીને કહે છે કે ‘‘તેઓ’’ **સાંખ્ય, યોગ, જ્ઞાન, તપ કે વૈરાગ્યથી પ્રાપ્ત થતા નથી, પરંતુ તેમની પ્રાપ્તિ ‘‘ભક્તિ’’ દ્વારા જ સહેલાઈથી થઈ શકે છે.**’

‘ભક્તિમાર્ગ’ની વિશેષતા શું છે ?’

‘ભક્તિમાર્ગનું ફલ નિત્ય છે. ભક્તિમાં કોઈ ક્લેશ કે કષ્ટ નથી, અર્થાત્ તે સુલભ છે. તેમાં દેશ-કાલાદિનો બાધ નથી. જીવ કૃતાર્થ થાય છે. કોઈ પણ મનુષ્ય **લિંગ, જાતી** કે **વર્ણ**ના ભેદ વિના ભક્તિમાર્ગ અપનાવી શકે છે.’

‘‘મર્યાદા ભક્તિમાર્ગ’’ નામથી શું તાત્પર્ય છે ?’

‘‘ભક્તિમાર્ગ’’ના બે પ્રકાર છે- ૧. **મર્યાદા ભક્તિમાર્ગ** અને ૨. **પુષ્ટિ ભક્તિમાર્ગ**. જે ભક્તિ શાસ્ત્રોમાં બતાવેલા વિવિધ સાધનો જેવા કે **જપ, તપ, પૂજન, અર્ચન** ઈત્યાદિ પર અવલંબિત છે, તેને **‘‘મર્યાદા ભક્તિમાર્ગ’’** કહે છે. તેમાં ભગવાનની કોઈ વિભૂતિની ઉપાસના કરવામાં આવે છે, જેના દ્વારા વિભિન્ન પ્રકારની મુક્તિ- **સાયુજ્ય, સામીપ્ય, સાલોક્ય, સારૂપ્ય** કે **સાર્ષ્ટિ** પ્રાપ્ત થાય છે.’

‘અને **‘‘પુષ્ટિ ભક્તિમાર્ગ’’**?’

‘‘પુષ્ટિ ભક્તિમાર્ગ’’ સ્વયં ભગવાનની કૃપા પર આધારિત છે.’

૨૮. ‘‘ભક્તિ’’

‘‘ભક્તિ’’ અને ‘‘ઉપાસના’’માં શું ભેદ છે?’

‘‘ઉપાસના’’ સકામ-ભક્તિનો પ્રકાર છે, જેમાં કોઈ ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે કોઈ દેવતાને પ્રસન્ન કરવા માટે તેમની પૂજા-અર્ચન ઈત્યાદિ કરવામાં આવે છે. તે ‘‘મર્યાદાભક્તિ’’નો જ પ્રકાર છે.’

‘શું ભક્તિના બીજા પણ પ્રકાર છે?’

‘હા, શ્રીમદ્ ભાગવતમાં નવ પ્રકારની **‘‘નવધા-ભક્તિ’’**નું નિરૂપણ કરવામાં આવ્યું છે.’

‘તે નવ પ્રકારની ભક્તિ કઈ છે?’

‘નવધા ભક્તિના નામ છે- **શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, પાદસેવન, વંદન, દાસ્ય, સખ્ય** અને **આત્મનિવેદન ભક્તિ**.’

‘થોડા વિસ્તારથી સમજાવશો?’

‘ભાગવતના **‘‘શ્રવણ’’**થી રાજા પરીક્ષિતને, તેના **‘‘કીર્તન’’**-કથા

દ્વારા શુકદેવજીને, પ્રલ્હાદજીને પ્રભુ **''સ્મરણ''** દ્વારા, પૃથુરાજાને **''અર્ચન''** દ્વારા, લક્ષ્મીજીએ **''પાદસેવન''**થી, અક્રુરજીને **''વંદન''** દ્વારા, હનુમાનજીને **''દાસ્ય''** ભાવની, અર્જુને **''સખ્ય ભાવ''**ની અને બલીરાજાએ **''આત્મ નિવેદન''** ભક્તિ દ્વારા ભગવાનને પામ્યા હોવાના પ્રમાણો પુરાણોમાં મળે છે.'

'એટલે કે આ બધા ભક્તોને જુદા જુદા પ્રકારની ભક્તિ ફલિત થયેલી છે. આ નવમાંથી કોઈ પણ એક પ્રકારની ભક્તિ મોક્ષની પ્રાપ્તિ કરાવી શકે છે?'

'બિલકુલ. આ સર્વે **મર્યાદા ભક્તિ**ના પ્રકાર છે, કારણ કે તેમને સાક્ષાત્ પુરુષોત્તમની પ્રાપ્તિ અથવા ભગવાનની નિત્યલીલામાં પ્રવેશ મળ્યો નથી, પરંતુ તેઓ સર્વે મુક્ત થયા છે, અર્થાત્ ભગવાનમાં લીન થયા છે.'

'તો પછી સાક્ષાત શ્રી પુરુષોત્તમની પ્રાપ્તિ કેવી રીતે થાય?'

'તેને માટે ઉપનિષદ કહે છે- **''ભગવાન ન તો પ્રવચન કરવાથી મળતા, ન બુદ્ધિ દ્વારા, કે ન બહુ કથાઓ સાંભળવાથી મળી શકે, પરંતુ તેઓ સ્વયં જેનું વરણ કરે, અર્થાત જેના પર કૃપા કરે, તેને મળે છે.''**

'તો ભગવાન કોના પર કૃપા કરે?'

'તે કોઈ કહી શકે નહીં, કારણ કે ભગવાન સ્વતંત્ર છે. પરંતુ **''કૃપા કરવી''**એ ભગવાનનું એક લક્ષણ છે. તેથી શ્રી વલ્લભાચાર્યજીએ ભગવાનની નિસ્વાર્થ-નિર્ગુણ ભક્તિ, જેને **''પુષ્ટિ ભક્તિ''** કહે છે, તેનો એક અનોખો માર્ગ બતાવ્યો છે.'

'શું નામ છે તે માર્ગનું?''

'પુષ્ટિ ભક્તિમાર્ગ', અથવા ''પુષ્ટિમાર્ગ''

૨૯. ‘‘પુષ્ટિ ભક્તિ’’

‘‘પુષ્ટિ ભક્તિ’’નું તાત્પર્ય શું છે ?’

‘‘મર્યાદા ભક્તિ’’ જીવ દ્વારા કરવામાં આવતા શાસ્ત્રોક્ત સાધનો, જેવા કે જપ, તપ, દાન ઈત્યાદિ પર આધારિત ઉપાસના છે, જ્યારે ‘‘પુષ્ટિ ભક્તિ’’ સ્વયં ભગવાનની કૃપા પર અવલંબિત છે.’

‘ભગવાનની કૃપા કેવી રીતે પ્રાપ્ત થાય ?’

‘તેને માટે આવશ્યક છે- **ભગવાન પ્રત્યે હૃદયમાં શુદ્ધ નિર્વ્યાજ પ્રેમ.** શ્રી વલ્લભાચાર્યજી કહે છે- **‘‘ભગવાનના માહાત્મ્યજ્ઞાન પૂર્વક તેમનામાં કદી ન ડગે તેવો સુદૃઢ સર્વતોદ્ધિક સ્નેહ’’** તેને ભક્તિ કહેવાય.’

‘ભગવાનના **માહાત્મ્યજ્ઞાન**નું શું તાત્પર્ય છે ?’

‘ભગવાન જગતના સર્વ પદાર્થોમાં અસ્તિત્વ ધરાવે છે, તેમજ સમગ્ર જગત ભગવાનમાં સમાયેલું છે, તેવું જ્ઞાન તે ભગવાનનું માહાત્મ્ય છે. ભગવાન **સર્વ સમર્થ, સર્વ વ્યાપ્ત, સર્વજ્ઞ** છે, અર્થાત્ તેમનામાં **‘‘કર્તુમ-અકર્તુમ-અન્યથા કર્તુમ સામર્થ્ય’’** છે, તેનું જ્ઞાન હોવું જોઈએ. આવું જ્ઞાન હોય તો તેમનામાં સહજ પ્રેમ થાય. એવા જ્ઞાનયુક્ત ભગવાનમાં પ્રેમ ઉદ્ભવે તેને **‘‘ભક્તિ’’** કહેવાય.’

‘એવી ભક્તિ કેવી રીતે પ્રાપ્ત થાય ?’

‘શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ભગવાન જેનું **‘‘પુષ્ટિજીવ’’** તરીકે વરણ કરે છે, ત્યારે તેઓ તે જીવમાં **ભક્તિનું બીજ** આરોપિત કરે છે. જ્યારે ભગવાન તે જીવનો ઉદ્ધાર કરવા ઈચ્છે ત્યારે તેમની કૃપા ના કારણે તેનામાં રહેલું ભક્તિનું બીજ ભગવાન માટે પ્રેમરૂપે **અંકુરિત** થાય છે, જે વિકાસ પાતા **પલ્લવિત, પુષ્પિત** થાય છે. ભગવદ-**પ્રેમ**

ઉત્તરોત્તર **આસક્તિ** અને **વ્યસન** દશાને પ્રાપ્ત કરે ત્યારે તે જીવને **સર્વાત્મભાવ** સિદ્ધ થતાં તેને ‘‘**ભગવદ લીલા**’’નો અનુભવ થાય છે.’

‘અર્થાત ‘‘**કૃપા**’’ અને ‘‘**ભક્તિ**’’ વચ્ચે પારસ્પરિક સંબંધ છે !’

‘બિલકુલ, જ્યારે ભગવદ અનુગ્રહને કારણે કૃપા ભગવાન તરફથી ભક્ત તરફ વહે, તેને ‘‘**પુષ્ટિ**’’ કહે છે, અને તે જ્યારે ભક્તના હૃદયમાંથી પરાવર્તિત થઈ ભગવાન તરફ વહે તેને ‘‘**પુષ્ટિભક્તિ**’’ કહેવાય છે.’

૩૦. ‘‘પુષ્ટિમાર્ગ’’

‘‘પુષ્ટિમાર્ગ’’ એટલે કયો માર્ગ ?’

‘‘પુષ્ટિમાર્ગ’’ એટલે ભગવાનની ‘‘પુષ્ટિ’’ અર્થાત ‘‘કૃપા’’ દ્વારા ભગવાનને પ્રાપ્ત કરવાનો માર્ગ.’

‘ભગવાનની કૃપા કેવી રીતે થાય ?’

‘ભક્તની નિષ્કામ, અનન્ય ભક્તિથી ભગવાન પ્રસન્ન થાય છે. ભગવાન ગીતામાં કહે છે- ‘‘**જેઓ શ્રદ્ધાવાન થઈ મારા પરાયણ રહી મને સેવે છે, તે ભક્તો મને અત્યંત પ્રિય છે.**’’ ભગવાન જો પ્રસન્ન થાય તો ભક્ત પર અવશ્ય કૃપા કરે. ભાગવતમાં પણ ભગવાન કહે છે- ‘‘**સાંખ્ય, યોગ તપ કે વૈરાગ્યથી મને મેળવી શકાતા નથી જેટલી સરળતાથી ‘‘ભક્તિ’’ દ્વારા મને પામી શકાય છે.**’’

‘‘ભક્તિ’’ એટલે ભગવાન પ્રત્યે સુદઢ-સર્વતોધિક પ્રેમ’’, કેમ બરાબર ને !

‘બિલકુલ. તેને ‘‘**પ્રેમલક્ષણા ભક્તિ**’’ અર્થાત ‘‘**પુષ્ટિભક્તિ**’’ કહી છે. તેના દ્વારા ભગવાનને મેળવવાનો માર્ગ તે ‘‘**પુષ્ટિભક્તિ**

માર્ગ'' અથવા **''પુષ્ટિમાર્ગ''**.

''પુષ્ટિમાર્ગ''માં મુખ્ય કઈ બાબતો આવશ્યક ગણાય?'

'પુષ્ટિમાર્ગના ચાર આધારસ્તંભ છે- **''ભક્તિ-શરણાગતિ-સમર્પણ-સેવા''** પુષ્ટિમાર્ગ પર ચાલવા આ ચાર બાબતો આવશ્યક છે.'

'શું એ ચારેય બાબતો એકબીજા સાથે જોડાયેલી છે ?'

'હા, જાણો છો- ભક્તિ માટે શું આવશ્યક છે ?'

'ભગવાનનું **''માહાત્મ્ય જ્ઞાન''** અને ભગવાનમાં **''સૌથી વિશેષ સ્નેહ''**.

'જેમનું માહાત્મ્ય જ્ઞાન હોય, અર્થાત જે સમર્થ હોય, આપણે તેને શરણે જઈએ છીએ, કેમકે તે રક્ષણ આપી શકે. કેમ બરાબરને ?'

'એટલે ભગવાનના માહાત્મ્ય જ્ઞાનથી **''શરણાગતિ''** સિદ્ધ થાય, એમજ ને ! તો ભગવાનમાં **''સ્નેહ''** હોય તો શું થાય ?'

'લૌકિકમાં જેના પ્રત્યે સ્નેહ હોય- પુત્ર, પતિ વગેરે, તેને માટે આપણે સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેતા હોઈએ છીએ, કેમ ખરૂંને ?'

'વાત તો સાચી છે !'

'અર્થાત **''સ્નેહ''**ને કારણે આપણે ભગવાનને આપણું સર્વ કાંઈ **સમર્પણ** કરી દઈએ !'

'સમજાય છે. અને **''સેવા''** ?'

'કોઈના પ્રત્યે આપણાને ''**ભક્તિ** એટલે કે **પ્રેમ**'' હોય તો તેની અભિવ્યક્તિ કેવી રીતે કરીએ ?'

''સેવા દ્વારા જ તો !' એટલે ભક્તિ અને સેવા એકબીજા સાથે સંકળાયેલા છે. અદ્‌ભુત ! પરંતુ થોડા વિસ્તારથી કહો.'

'આપણે આ ચારેય બાબતોને અલગ અલગ સમજીએ. **''ભક્તિ''** વિશે તો આપણે અગાઉ જોઈ ગાયા.'

૩૧. ‘‘શરણાગતિ’’

‘‘શરણાગતિ’’નું તાત્પર્ય શું છે ?’

‘‘શરણ’’ શબ્દના બે અર્થ થાય, ૧. ઘર, ૨. રક્ષણ કરનાર.’

‘શું ‘‘**આશ્રય**’’ શબ્દનો પણ તે જ અર્થ છે ?’

‘હા, એક- **આશ્રય** અર્થાત શરણ આપનાર, રક્ષા કરનાર અને બીજો **આશ્રય લેવાની ક્રિયા**. કોઈ સમર્થનું શરણ સ્વીકારવાથી આપણે નિર્ભય બની જઈએ છીએ, કારણ કે આપણું રક્ષણ કરવાનું દાયિત્વ, આપણે જેનો આશ્રય કરીએ તેનું થઈ જાય છે.’

‘કોઈ ઉદાહરણથી સમજાવશો ?’

‘ગીતામાં અર્જુનના વિષાદને દૂર કરવા ભગવાને કર્મ-જ્ઞાન-ભક્તિના વિભિન્ન વિષયો સમજાવવા છતાં તેનો સંશય દૂર ન થયો ત્યારે ભગવાને આજ્ઞા કરી કે **‘‘બધી વાત છોડીને મારે શરણે આવી જા, હું તને બધા પાપોમાંથી મુક્ત કરાવીશ.’’**

‘એટલે યુદ્ધમાં સંહારના નિમિત્ત બનવાથી લાગનાર સંભવિત પાપોમાંથી નિવૃત્ત કરવા ભગવાને પોતાની શરણાગતિ સ્વીકારવાની અર્જુનને આજ્ઞા કરી, એમજ ને ?’

‘હા, ભગવાન **સર્વ સમર્થ, કર્તુમ-અકર્તુમ-અન્યથા કર્તુમ** છે. તેથી તેમનો **આશ્રય** કરવાથી કોઈ પ્રકારનો ભય રહેતો નથી.’

‘‘પુષ્ટિમાર્ગ’’માં શરણાગતિનું શા માટે મહત્ત્વ છે ?’

‘પુષ્ટિમાર્ગ ભગવદ્ કૃપાથી ભગવદ્ પ્રાપ્તિનો માર્ગ છે. તે જીવના સાધન પર અવલંબિત નથી, એટલે કે ‘‘**નિસ્સાધનતા**’’નો માર્ગ છે. જ્યારે આપણા સાધન કારગત ન નીવડે તો માત્ર ભગવાનની શરણાગતિ જ એક ઉપાય હોઈ શકે ! ભગવદ્ આશ્રય સ્વીકારીએ તો ભગવાન પોતાના અનુગ્રહથી જીવનો ઉધ્ધાર કરે.’

'સાચું છે, લૌકિકમાં પણ આપણને આપણા સાધન પર અભિમાન હોય તો શા માટે કોઈ મદદ કરે! તે સમજી શકાય છે.'

'તેથી જ શ્રી મહાપ્રભુજી **"કૃષ્ણાશ્રય ગ્રંથ"**માં કહે છે કે **"કલિકાલમાં ભગવદ્ પ્રાપ્તિના અન્ય સર્વે કારગત નીવડે તેમ રહ્યા નથી, કદર્થ એક માત્ર શ્રીકૃષ્ણનો આશ્રય કરવો જોઈએ."** તેવી જ આજ્ઞા આપે છે. વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં પણ આ બાબતનો ખુલાસો કરતાં કહ્યું છે- **"સર્વથા શરણં હરિ"**, એટલે કે હંમેશા શ્રીહરિનું શરણ સ્વીકારવું જોઈએ.

"પુષ્ટિમાર્ગ" તો **"ભક્તિમાર્ગ"** છે, તો શું **"શરણાગતિ"** તેનો વિકલ્પ છે?'

'ભક્તિનું એક અંગ **"ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન"** છે. જો આપણે તે જાણીએ તો ભગવાનની **શરણાગતિ** તેમનો **આશ્રય** સિદ્ધ થાય, અર્થાત શરણાગતિને ભક્તિનો **"અનુકલ્પ"** કહી શકાય, એટલે કે ભક્તિનું જ તે અભિન્ન અંગ છે. શરણાગતિ વિના ભક્તિ સંભવે નહીં.

'અર્થાત, શરણાગતિ **"વિકલ્પ"** નથી!'

'ના, "શરણાગતિ" **વિકલ્પ** પણ છે. તેથી તેને **"પ્રથક્ શરણ માર્ગ"** કહ્યો છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે- **"કલિયુગમાં ભક્તિ આદિ માર્ગો દુસ્સાધ્ય છે ત્યારે માત્ર ભગવાનનું શરણ સ્વીકારી લેવાથી પણ જીવનો ઉદ્ધાર થઈ શકે છે."**

'શું તેને માટે કોઈ દીક્ષા લેવાની આવશ્યકતા હોય છે?'

'હા, તેને માટે પુષ્ટિમાર્ગમાં શ્રી આચાર્ય પાસેથી અષ્ટક્ષર નામ મંત્ર **"શ્રીકૃષ્ણ શરણં મમ"**ની દીક્ષા લેવામાં આવે છે, જેના સતત ઉચ્ચારણની આજ્ઞા શ્રી વલ્લભાચાર્યજીએ કરી છે.'

'શું **"શરણાગતિ"**ના કોઈ નિયમ છે?'

‘શ્રી વલ્લભાચાર્યજીએ શરણાગતિના છ અંગ બતાવ્યા છે-

૧. પ્રભુને જે અનુકુળ હોય તેમ કરવાનો સંકલ્પ લેવો.

૨. જે પ્રભુને પ્રતિકુળ હોય તેવી બાબતોનો ત્યાગ કરવો.

૩. પ્રભુ જે કરશે તે યોગ્ય જ કરશે તેવો અટલ વિશ્વાસ રાખવો.

૪. પ્રભુને પોતાના સ્વામી માનવા.

૫. પ્રભુને પોતાના આત્મા સહિત સર્વસ્વનું સમર્પણ કરવું.

૬. દૈન્યભાવ રાખવો. પ્રભુને સ્વામી માની ‘‘હું દાસ છું’’ એવો દૃઢ ભાવ કેળવવાથી દીનતા આવે.

આવા છ પ્રકારની ભાવ-અભિવ્યક્તિ દ્વારા શરણાગતિ સિદ્ધ થાય.

‘શરણાગત જીવનના કર્તવ્ય કયા છે ?’

‘શ્રી વલ્લભાચાર્યજીએ આશ્રય સિદ્ધ કરવા માટે મુખ્ય ચાર કર્તવ્યનો નિર્દેશ કર્યો છે-

૧. મન અને વાણીથી નિરંત્તર શરણ ભાવના કરવી.

૨. કાયિક-વાચિક-માનસિક રૂપમાં અન્યાશ્રયનો ત્યાગ કરવો.

૩. પ્રભુ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખવો.

૪. આપણા સુકૃત-દુષ્કૃત મુજબ જે સુખ-દુ :ખ પ્રાપ્ત થાય તેનો ભગવદ શરણાગતિ પૂર્વક મમતારહિત ઉપભોગ કરવો.

૩૨. ‘‘સમર્પણ’’

‘આપે કહ્યું કે ‘‘**સ્નેહને કારણે આપણે સમર્પણ કરી દઈએ.**’’ તેનાથી શું તાત્પર્ય છે ?’

‘આપણે આપણા સંતાનોને, પરિણીત સ્ત્રી પોતાના પતિને પોતાનું સર્વસ્વ આપી દેવા માટે તત્પર હોય છે, ખરું ને ?’

‘હા, એ વાત સાચી છે, કારણ કે આપણે તેમને પ્રેમ કરતા હોઈએ

છીએ!'

'તેવી જ રીતે જો આપણો ભગવાન પ્રત્યે સાચો સ્નેહ હોય તો આપણે પ્રભુને આપણું સર્વસ્વ સમર્પિત કરી દેવું જોઈએ!'

'અર્થાત શું આપણે આપણું સર્વ કાંઈ ભગવાનને દાન કરી દેવું જોઈએ?'

'ના, દાન કરી દેવાની વાત નથી **''સમર્પણ''** કરવાની વાત છે.'

''દાન'' અને ''સમર્પણ''માં ભેદ શું છે?'

'જ્યારે આપણે કોઈને ''દાન'' આપીએ ત્યારે આપેલી વસ્તુ પરથી આપણો માલિકી ભાવ ઉઠાવી લઈ, દાન લેનારને તેનો માલિક બનાવીએ છીએ. તે પછી, આપણે તેનો ઉપયોગ કરી શકતા નથી. જો આપણે ભગવાનને ''દાન'' તરીકે દ્રવ્ય કે કોઈ વસ્તુ આપી દીધી હોય, તો તે **''દેવ દ્રવ્ય''** થયું કહેવાય, અને તેનો ઉપયોગ કરવાનો શાસ્ત્રમાં નિષિદ્ધ માનવામાં આવ્યો છે.'

'તો **''સમર્પણ''**માં તેવો પ્રભુને આપી દેવાનો આશય નથી હોતો?'

'ના, વાસ્તવમાં આપણે જેને આપણું માનતા હોઈએ છીએ- **ધન-દૌલત, ઘરબાર,** અરે **આત્મા** સહિત તે હકિકતમાં કાંઈ જ આપણું નથી પરંતુ, અજ્ઞાન વશ આપણે આપણું માની બેઠા હોઈએ છીએ **''સમર્પણ''** દ્વારા, તે બધું ભગવાનનું જ છે, તેમ આપણે પ્રભુને જણાવીએ છીએ, એટલે કે **''નિવેદન''** કરીએ છીએ!'

'અર્થાત, આપણું સર્વસ્વ પ્રભુનું છે, તેમ આપણે પ્રભુ આગળ કબુલાત કરીએ છીએ!'

'બિલકુલ. જેવી રીતે પરિણીત સ્ત્રી પોતાના પતિને સમર્પિત થયા પછી પોતાના સર્વસ્વનો ઉપભોગ પોતાના પતિ સાથે કરે છે. તેની સ્વતંત્ર માલિકીનું કાંઈ રહી જતું નથી.'

'અર્થાત, પ્રભુને ''સમર્પણ'' કરવાનું તાત્પર્ય છે- પોતાની મિલકત, ઘરબાર ઈત્યાદિ પ્રભુનું છે તેમ જણાવી, તેનો ઉપયોગ આપણે સ્વતંત્રપણે કરી શકીએ નહીં, પરંતુ તેનો ઉપયોગ માત્ર પ્રભુ માટે જ કરી શકાય !'

'બરાબર સમજ્યા !'

'તો પછી આપણો નિર્વાહ કેવી રીતે ચાલી શકે ?'

'જ્યારે આપણે આપણા સર્વસ્વના **''સમર્પણ''** કરવાનું પ્રભુને **''નિવેદન''** કરી તેમના દાસ હોવાની કબુલાત કરીએ તો વાસ્તવમાં તે સર્વ વસ્તુઓનો પ્રભુ માટે **''વિનિયોગ''** પણ કરવો, અર્થાત સર્વ પદાર્થો, જેનું આપણે સમર્પણ કરીએ, તે તેમના ઉપયોગમાં લેવી જરૂરી છે. પ્રભુને ઉપયોગમાં આવેલા પદાર્થ તેમનો **''પ્રસાદ''** કહેવાય.'

'શું તેમનો પ્રસાદરૂપે આપણે તેનો ઉપયોગ કરી શકીએ ?'

'હા, જેવી રીતે લોક-વ્યવહારમાં **સ્વામી-સેવક**નો સંબંધ નભે છે, તેમ આપણે પ્રભુના ઉપયોગમાં આવેલા પદાર્થોથી આપણો નિર્વાહ કરી શકીએ.'

'શું પ્રત્યેક વસ્તુઓનું સમર્પણ થઈ શકે ?'

'હા, કેટલાક પદાર્થોનું **પ્રત્યક્ષ સમર્પણ** થાય, જ્યારે કેટલીક વસ્તુઓનુ **પરોક્ષમાં સમર્પણ** કરવામાં આવે છે. ''સર્વસ્વ''ના સમર્પણમાં સ્ત્રી-પુત્રાદિ પરિવારના સમર્પણનો પણ સમાવેશ થાય છે. આપણા પરિવારજનોને ભગવદ્-સેવામાં જોડવાથી તેમનો વિનિયોગ થયો કહેવાય. પ્રત્યેક પદાર્થ કે વ્યક્તિને ભગવદ્-સેવાના નિમિત્તે યોજવાથી તેમનું **''સમર્પણ''** સાર્થક થાય.'

'એટલે કે **''સમર્પિત જીવન''** એ પુષ્ટિભક્તિનું અનિવાર્ય અંગ છે !'

'બિલકુલ. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે શરણાગતિ સ્વીકાર્યા

પછી આપણે **આલોક** સંબંધી તેમજ **પરલોક** સંબંધી બધું જ ભગવાનને સમર્પિત કરી, તેમના દાસ થઈને કૃષ્ણની સેવામાં જીવન વ્યતિત કરવું જોઈએ. તો જ **પુષ્ટિફલ**ની પ્રાપ્તિ થઈ શકે.'

'તો શું **''શરણાગતિ''**ની દીક્ષાની માફક **''સમર્પણ''**ની પણ દીક્ષા હોય છે ?'

'ખૂબ સરસ સવાલ કર્યો! ''સમર્પણ'' માટે પુષ્ટિમાર્ગમાં **''બ્રહ્મસંબંધ''** કરવાની પ્રક્રિયા છે, જે અતિ મહત્ત્વની છે.'

'શું છે **''બ્રહ્મસંબંધની દીક્ષા''** ? વિસ્તારથી સમજાવો.'

૩૩. ''બ્રહ્મસંબંધ દીક્ષા''

''બ્રહ્મસંબંધ''થી શું તાત્પર્ય છે ?'

''બ્રહ્મસંબંધ''નો સાદો અર્થ થાય - **''ભગવાન સાથે સંબંધ બાંધવો-જોડાવ''**. આપણે જાણીએ છીએ કે જીવ ભગવાનનો અંશ છે. હજારો વર્ષોથી તે ભગવાનથી છૂટો પડેલો છે. તે **અવિદ્યા**ને કારણે પોતાના સાચા સ્વરૂપને ભૂલી ગયો છે, અને જન્મ-મરણના ચકરાવામાં ફસાએલો છે. તેવા દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે **શ્રી વલ્લભાચાર્યજી**નું પ્રાકટ્ય થયેલું છે.'

'તો જીવ કેવી રીતે ભગવાન સાથે પુન : જોડાઈ શકે ?'

'એ જ વાતનું ચિંતન સ્વયં શ્રી વલ્લભાચાર્યજીને પણ થયેલું. કારણ કે પ્રભુ તો નિર્દોષ છે, જ્યારે જીવ અનેક પ્રકારના દોષયુક્ત બનેલો છે. તેથી બન્નેનો સંયોગ કેમ થઈ શકે, તે તેમની પણ મૂંઝવણ હતી !'

'કહેવાય છે કે એક સમયે આવા જ ચિંતનમાં તેઓ ગોકુલમાં બિરાજતા હતા ત્યારે મધ્યરાત્રિએ સાક્ષાત ભગવાને પ્રકટ થઈ તેમને એક મંત્ર આપી આજ્ઞા કરી કે **જે જીવને તેઓએ મંત્ર દ્વારા દીક્ષિત**

કરશે, તેના દોષો તેને બાધારૂપ બનશે નહીં, અને ભગવાન તેનો અંગીકાર કરશે.'

'શું છે તે મંત્ર?'

'તે મંત્ર દ્વારા જીવ ભગવાનને પ્રતિજ્ઞાપૂર્વક નિવેદન કરે છે કે- **''ભગવાન કૃષ્ણથી વિખુટો થયાને હજારો વર્ષનો સમય વિતી ગયો હોવાના કારણે, તેમના વિયોગના તાપઃ ક્લેશનો આનંદ જેને તિરોહીત થયો છે તેવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રી ગોપીજનવલ્લભને) મારો દેહ, ઈંદ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક-પરલોક, આત્મા સહિત સમર્પણ કરૂં છું, હું દાસ છું, હે કૃષ્ણ હું તમારો છું.''**

'શું આ મંત્ર ભગવાન પાસે સ્વયં બોલવાનો હોય છે ?'

'ના, આ એક પ્રકારની દીક્ષા છે, જે આપણા ગુરુ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા લેવાની હોય છે, કારણ કે તે દીક્ષા આપવાનો અધિકાર ભગવાને શ્રી વલ્લભાચાર્યજીને જ આપેલો છે. તેથી તેઓ જ પોતાના શિષ્યોને આ દીક્ષા આપી શકે.'

'પરંતુ વર્તમાનમાં જ્યારે શ્રી વલ્લભાચાંર્યજી પ્રત્યક્ષ બિરાજતા નથી, તો આ દીક્ષા કેવી રીતે પ્રાપ્ત થાય ?'

'શ્રી વલ્લભાચાર્યજી સાક્ષાત ભગવાનના મુખારવિંદના અવતાર છે, તેથી તેઓ કાલાતીત છે. વર્તમાનમાં પણ તેઓ જ પોતાના વંશજો દ્વારા બ્રહ્મસંબંધ કરાવે છે.'

'એટલે કે શ્રી વલ્લભાચાર્યજી જ બ્રહ્મસંબંધની દીક્ષા લેનાર સૌના ગુરુ છે ?'

'બિલકુલ. તેથી જ બ્રહ્મસંબંધ કરાવનાર વલ્લભવંશજ આચાર્યને **''ગુરુદ્વાર''** કહેવાય છે. માટે તેમનામાં શ્રી વલ્લભાચાર્યજી જેવો **ગુરુ ભાવ** રાખવો જોઈએ.'

'સમજાયું. પરંતુ આને "**સમર્પણની દીક્ષા**" શાથી કહેવાય છે?'

'કારણ કે આ દીક્ષા આપતી વખતે દીક્ષાદાતા દીક્ષાર્થીને હાથમાં તુલસીદલ આપીને સંકલ્પપૂર્વક ભગવાન સમક્ષ મંત્ર બોલાવે છે, જેમાં દીક્ષાર્થી, જેને પોતાનું માનતો હોય છે, તે સર્વસ્વ પદાર્થોનું પોતાના આત્મા સહિત ભગવાન શ્રીકૃષ્ણને સમર્પણ કરવાનું **નિવેદન** કરી પોતે **તેમના દાસ હોવાની** કબુલાત કરે છે.'

'અને **પોતે કૃષ્ણનો છે** તેમ સ્વીકારે છે, અર્થાત કૃષ્ણને તે પોતાનો **સ્વામી** હોવાનું કબુલે છે.'

'બરાબર સમજ્યા. તેથી જ બ્રહ્મસંબંધ દીક્ષા દ્વારા આપણે શ્રીકૃષ્ણ સાથે પતિ-પત્નીવત્ સંબંધથી જોડાઈએ છીએ. તેથી શ્રીકૃષ્ણની સેવા કરવી તે આપણું સહજ કર્તવ્ય બને છે.'

'પરંતુ જીવ તો દોષ યુક્ત છે!'

'હા સાચું છે, જીવ પાંચ પ્રકારના દોષોથી ગ્રસિત છે- **સહજ**, તેમજ **દેશ**, **કાલ**, **સંયોગ** અને **સ્પર્શ** દ્વારા ઉત્પન્ન થનારા દોષો જીવને લાગેલા હોય છે. પરંતુ શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે બ્રહ્મસંબંધ કરવાથી આ દોષો જીવોને પ્રભુની સેવા કરવામાં બાધારૂપ બનતા નથી.'

'તો શું પુન: આવા દોષો લાગી ન શકે?'

'તેને માટે જ શ્રી વલ્લભાચાર્યજીએ જે વસ્તુઓનું આપણે સમર્પણ કર્યું હોય, તે સર્વનો પ્રભુને "**વિનિયોગ**" કરાવવાની અને "**અસમર્પિત**" પદાર્થોનો, એટલે કે જેનો વિનિયોગ પ્રભુને માટે ન થયો હોય તેવી વસ્તુઓનો ત્યાગ કરવાની આજ્ઞા કરી છે.'

"વિનિયોગ"નું શું તાત્પર્ય છે.'

"વિનિયોગ"નો અર્થ છે, પદાર્થોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભુના ઉપયોગમાં લેવા. બ્રહ્મસંબંધ કરતી વખતે આપણે "આપણું સર્વકાંઈ સમર્પણ કરીએ છીએ" તેમ પ્રભુને "નિવેદન" માત્ર જ કરીએ છીએ

અર્થાત્ જણાવીએ છીએ, પરંતુ વાસ્તવમાં તે સર્વે પદાર્થોનો ઉપયોગ પ્રભુ માટે કરીએ ત્યારે જ સમર્પણ સાર્થક થાય. તેને ''વિનિયોગ'' કહેવાય.'

'શું પ્રભુને વિનિયોગ કરેલા પદાર્થોનો આપણે ઉપયોગ કરી શકીએ?'

'હા, આપણે પ્રભુને વિનિયોગ કરાવ્યા પછી પ્રત્યેક પદાર્થનો ઉપયોગ તેમના પ્રસાદ તરીકે આપણા નિર્વાહ માટે કરી શકીએ, પરંતુ આપણે પહેલાં વાપરેલા પદાર્થો **''અર્ધભુક્ત''** કહેવાય, જેનો ઉપયોગ પ્રભુ માટે ન કરી શકાય, તેની સાવધાની રાખવી જોઈએ.'

'સમજાય છે, કારણ કે પ્રભુ આપણા સ્વામી છે!'

૩૪. ''સેવા''

'પુષ્ટિમાર્ગનો ચોથો આધાર સ્તંભ **''સેવા''** બતાવ્યો છે, તેનું તાત્પર્ય શું?'

'બ્રહ્મસંબંધ કરતી વેળા આપણે કૃષ્ણના દાસ હોવાનું સ્વીકારીએ છીએ, તો દાસનું કર્તવ્ય શું હોય?'

'દાસનો ધર્મ પોતાના સ્વામીની સેવા કરવાનો જ હોય!'

'તેથી જ શ્રી વલ્લભાચાર્યજી કહે છે **''કૃષ્ણ સેવા સદા કાર્યા''** એ મારો સિદ્ધાંત છે.'

'એટલે કે કૃષ્ણની સેવા કરવી તે વૈષ્ણવનું સહજ કર્તવ્ય છે, એમજ ને?'

'બિલકુલ. આપણે ભગવાનના **''અંશ''** છીએ, ભગવાન **''અંશી''** છે. અંશીની સેવા કરવી તે અંશનો સહજ ધર્મ હોય. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી **''ધર્મ પુરુષાર્થ''** સમજાવતા કહે છે- **''સર્વદા**

સર્વભાવથી વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની સેવા કરવી એજ માત્ર જીવનો ધર્મ અર્થાત કર્તવ્ય છે.'

''ભક્તિ'' અને ''સેવા''માં ભેદ શું છે ?'

''ભક્તિ'' એટલે ભગવાનનું માહાત્મ્ય જાણીને તેમના પ્રત્યે ''સુદૃઢ સર્વતોધિક સ્નેહ''. જો કોઈના પ્રત્યે પ્રેમ હોય તો તેની અભિવ્યક્તિ કેવી રીતે થાય ?'

'તેની **સેવા-સુશ્રુષા** દ્વારા જ સ્તો !'

'માટે ભગવાનમાં આપણા પ્રેમની અભિવ્યક્તિ પણ નિસ્વાર્થ ભાવથી તેમની સેવા દ્વારા જ થાય.'

'પરંતુ આપણે ભગવાનની સેવા કેવી રીતે કરી શકીએ, તેઓ તો ''**વ્યાપક**'' છે ?'

'તેને માટે આપણે શ્રીકૃષ્ણના શ્રીનાથજી સ્વરૂપના ચિત્રજી અથવા બાલકૃષ્ણ (લાલન)ની મૂર્તિને શ્રી વલ્લભકુલ આચાર્ય પાસે પુષ્ટ કરાવી ''**સેવ્ય સ્વરૂપ**'' તરીકે આપણા ઘરમાં પધરાવવા જોઈએ, જેથી આપણો તેમની સાથે વ્યક્તિગત સંબંધ સ્થાપિત થાય.'

'પુષ્ટ કરાવવાનું તાત્પર્ય શું ?'

'જ્યારે શ્રી વલ્લભકુલ આચાર્ય ચિત્ર કે મૂર્તિને વિધિપૂર્વક વેદ-ભાગવતાદિના નિર્ધારિત શ્લોકો દ્વારા અભિમંત્રિત કરે છે ત્યારે તેમાં ''**પુરુષોત્તમ**''નો આવિર્ભાવ થાય છે. તેથી તેને ''**સ્વરૂપ**'' કહેવાય છે. તેમની ''શ્રીકૃષ્ણ''ના ભાવથી સેવા કરવાથી તેઓ સાક્ષાત પરબ્રહ્મ સ્વરૂપથી આપણી સેવાનો અંગીકાર કરે છે અને ક્યારેક અનુભાવ પણ આપે છે.'

'શ્રી વલ્લભાચાર્યજી ''**કૃષ્ણસેવા**''ને પોતાનો ''**સિદ્ધાન્ત**'' શા માટે કહે છે ?'

'તેમાં ગૂઢ આશય રહેલો છે.'

'જરા વિસ્તારથી સમજાવશો?'

'આપણે બ્રહ્મસંબંધ કરતી વખતે આપણા સર્વસ્વનું ભગવાન શ્રીકૃષ્ણને સમર્પણ કરીએ છીએ, અર્થાત આપણે પોતે, એટલે કે આપણી **''અહંતા''** અને જેને આપણે આપણું માનતા હતા એટલે કે જેમાં આપણી **''મમતા''** રહેલી છે તે સર્વે પદાર્થો પ્રભુના છે, પ્રભુને માટે છે, તેમ આપણે સંકલ્પપૂર્વક નિવેદન કરીએ છીએ. તેથી આપણા **''સમર્પણ''**ને સાર્થક કરવા શ્રી વલ્લભાચાર્યજી **''તનુ-વિત્તજા''** સેવા કરવાની આજ્ઞા કરે છે.'

''તનુ-વિત્તજા'' સેવાથી શું તાત્પર્ય છે?'

''તનુ'' એટલે આપણા તનથી અને ''વિત્ત'' એટલે આપણે જે કાંઈ પોતાનું માનીએ છીએ તે દ્રવ્યાદિ સર્વે પદાર્થોથી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ, અર્થાત બાધારૂપ બનતી આપણી ''અહંતા-મમતા''ને ભગવાન સાથે જોડવાનું પ્રયોજન સેવા દ્વારા છે.'

'ઓહ, એટલે જે **''અહંતા-મમતા''**ના કારણે આપણો **''સંસાર''** ઉત્પન્ન થાય છે, તે નષ્ટ થઈ જાય!'

'બરાબર સમજ્યા. શ્રી વલ્લભાચાર્યજીએ **''અહંતા-મમતા''**ને છોડવાનો નહીં, પરંતુ ભગવાન સાથે જોડવાનો ઉપદેશ આપ્યો છે.'

'સમજાયું. એટલે કે માત્ર આપણા દેહથી જ અથવા ધનથી જ કરીએ તે સેવા ન ગણાય?'

'ના, કારણ કે તેનાથી સેવાનો હેતુ સધાય નહીં. **''કૃષ્ણસેવા સદા કાર્યા''** કહીને શ્રી વલ્લભાચાર્યજી સેવાને પુષ્ટિ-જીવનની એક વિશિષ્ટ પ્રવૃત્તિ બનાવવાનું સમજાવી રહ્યા છે. આપણી પ્રત્યેક પ્રવૃત્તિના કેન્દ્રસ્થાને આપણા સેવ્ય શ્રીકૃષ્ણ હોવા જોઈએ, જેથી આપણું ચિત્ત ધીમે ધીમે પ્રભુ સાથે જોડાઈ જાય.'

'એટલે શું **''તનુ-વિત્તજા સેવા''** કૃષ્ણમાં ચિત્ત જોડવાનું સાધન છે?'

'બિલકુલ, તેથી જ ''તનુ-વિત્તજા'' સેવા **''સાધન રૂપા''** સેવા છે.'

'તો પછી સેવાનું ફલ શું?'

'જ્યારે આપણું ચિત્ત કૃષ્ણમાં પરોવાઈ જાય, તેને **''માનસી સેવા''** કહેવાય. તે અવસ્થા જ પરમ ફલ રૂપ છે. તેથી શ્રી વલ્લભાચાર્યજી કહે છે **''ચેતસ્તત્ પ્રવણં સેવા, માનસી સા પરામતા''**.

'એટલે શું તનુ-વિત્તજા સાધનરૂપ સેવા જ ફલરૂપ માનસી સેવામાં પરિણમે છે?'

'હા, તેથી જ પુષ્ટિમાર્ગમાં **''સાધન''** જ **''ફલ''** બને છે, એટલે કે **''સાધન એ જ ફલ છે''** કૃષ્ણસેવા એ સ્વયં જ **''ફલ''** છે.'

'ઓહ, હવે સમજાયું સેવાનું ગૂઢ રહસ્ય!'

'પરંતુ, શ્રીકૃષ્ણની જ સેવાનું રહસ્ય શું છે?'

'ભાગવત કહે છે- **''કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં''** શ્રીકૃષ્ણ જ ભગવાન છે, બીજા અવતારો ભગવાનની વિભૂતિઓ છે, જેમાં ગણિતાનંદ છે, પરંતુ શ્રીકૃષ્ણ **'પૂર્ણાનંદ છે, પરાત્પર પરબ્રહ્મ છે**. તેથી શ્રી વલ્લભાચાર્યજીએ તે સર્વોત્કૃષ્ટ તત્ત્વની સેવાનો આદેશ આપ્યો છે. શ્રી ગુસાંઈજીએ પણ 'શ્રીકૃષ્ણ'ને **'ફલાત્મા'** કહ્યા છે.

'પરંતુ શ્રીકૃષ્ણના પણ અનેક સ્વરૂપો છે, તો કયા સ્વરૂપની સેવા કરવી જોઈએ?'

'શ્રીકૃષ્ણની વ્રજભક્તો સાથે કરેલી વિવિધ નિર્દોષ લીલાઓનું વર્ણન ભાગવતમાં પ્રાપ્ત છે. તેમાંની કોઈ પણ વ્રજલીલાના સ્વરૂપની સેવા કરી શકાય. તદર્થ, **શ્રીનાથજી**, **શ્રી નવનિતપ્રિયાજી**, **શ્રી મથુરેશજી**, **શ્રી વિઠ્ઠલનાથજી**, **શ્રી દ્વારકાધીશજી**, **શ્રી ગોકુલનાથજી**, **શ્રી ગોકુલચંદ્રમાજી**, **શ્રી બાલકૃષ્ણલાલજી**, **શ્રી મદનમોહનજી** આદિ

વિવિધ લીલાના સ્વરૂપો છે, જેમાંના કોઈ એક સ્વરૂપને પુષ્ટ કરાવી સેવા કરવી જોઈએ.'

'પુષ્ટિમાર્ગમાં "**સેવા**"ની પ્રક્રિયા કેવી હોય છે ?'

'મર્યાદામાર્ગમાં ભગવાનના ઐશ્વર્યનું મહત્ત્વ હોય છે જેથી તેમાં **દાન**, **અર્ચન**, **નૈવેદ્ય** આદિ પૂજાના અંગોની વિશેષતા હોય છે, જ્યારે પુષ્ટિમાર્ગ **સ્નેહ પ્રધાન-ભાવ પ્રધાન** છે. શ્રીકૃષ્ણ આપણા ઘરને નંદાલય માની બિરાજે છે. તેમને આપણા પરિવારના મહત્ત્વપૂર્ણ સદસ્ય તરીકે સ્વીકારી જે રીતે શ્રીયશોદાજી તથા વ્રજભક્તો શ્રીકૃષ્ણનું લાલન-પાલન કરતાં હતાં તેમ કરવું જોઈએ. માટે કહ્યું છે- "**સેવા રીત પ્રીત વૃજજનકી**".

'એટલે કે જે રીતે એક બાળકને લાડ લડાવિએ છીએ, તે પ્રમાણે !'

'હા, માટે કહે છે- "**યથા દેહે તથા દેવે**", જે રીતે મનુષ્યને ભુખ-તરસ, શર્દી-ગરમી આદિ સંવેદનાઓ હોય છે, તેમ આપણા સેવ્ય સ્વરૂપને હોય છે તેમ વિચારી સવારે પ્રભુ જાગે ત્યારથી રાત્રે પોઢે ત્યાં સુધીની પ્રત્યેક ક્રિયા ઋતુ અનુસાર "**સેવ્ય**"ને સુખ થાય તે પ્રમાણે કરવી જોઈએ.'

'ઓહ, તેથી તેને પૂજા ન કહેતા "**ભક્તિપૂર્વકની સેવા**" કહી છે !''

'સાચું સમજ્યા. શરૂઆતની ક્રિયાત્મક પણ "**તનુ-વિત્તજા સેવા**" કરવામાં આવે તો આદત પડી જતાં આપણા સેવ્ય-સ્વરૂપ પ્રત્યે **પ્રેમ** ઉત્પન્ન થાય છે, જે ઉત્તરોત્તર **આસક્તિ** અને **વ્યસન** દશાને પ્રાપ્ત કરે છે. તે અવસ્થામાં આપણે પ્રભુ વિના રહી ન શકીએ તેવી સ્થિતિ ઉત્પન્ન થાય, કારણ કે આપણું ચિત્ત પ્રભુમાં જોડાઈ ગયેલું હોય છે.'

'શું તેને "**પુષ્ટિમાર્ગીય ફલ**" કહે છે ?'

'હા, તેને "**નિરોધ**" અથવા "**સર્વાત્મ ભાવ**" કહે છે.'

૩૫. ''સર્વાત્મભાવ''

''સર્વાત્મભાવ'' કોને કહેવાય?'

''સર્વાત્મભાવ'' એ ભક્તને વ્યસન દશા અથવા માનસી સિદ્ધ થયા પછીની પ્રાપ્ત થનારી સ્નેહાત્મિકા ભક્તિની વિશિષ્ઠ અવસ્થા છે.'

''સર્વાત્મભાવ''નું તાત્પર્ય શું છે ?'

''સર્વાત્મભાવ''માં ત્રણ શબ્દો છે. ''**સર્વ**'' અર્થાત દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંત:કરણ અને તે સર્વની વૃત્તિઓ; ''**આત્મા**'' ભગવાનના અર્થમાં, અને ''**ભાવ**'' એટલે પ્રેમ, સ્નેહ, રતિ અથવા ભક્તિ. એ ત્રણેયને જોડીને અર્થ થાય કે ભગવદ્ સેવા તેમજ કથાથી ઉદ્ભવતી પ્રબળ ભગવદાસક્તિને કારણે તે સર્વની વૃત્તિઓ દ્વારા બહાર તેમજ હૃદયમાં પ્રકટ ભગવાનના સ્વરૂપાનંદનો અનુભવ થવા લાગે છે. તેને ''**સર્વાત્મભાવ**'' કહેવાય છે.'

'શું આ અવસ્થામાં ભક્તને સર્વત્ર ભગવદ્ રૂપનો અનુભવ થાય છે?'

'હા, ભક્તને પોતાની આસપાસ બધું જ કૃષ્ણમય અનુભવાય છે. જગતમાં તિરોહિત થયેલા બ્રહ્મના **ચિત્** અને **આનંદ** ગુણધર્મો ભક્તની સામે પ્રકટ થાય છે, જેથી તેને જગતના પદાર્થો **સચ્ચિદાનંદાત્મક-બ્રહ્માત્મક** દેખાવા લાગે છે.'

'શું જ્ઞાનીને થતો ''**અહં બ્રહ્માસ્મિ**''નો અનુભવ પણ ''**સર્વાત્મ ભાવ**'' કહેવાય?, કારણ કે તેને પણ સર્વત્ર બધું જ બ્રહ્મરૂપ દેખાય છે, તેમ કહેવાય છે !'

'ના, **પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવ** અને **જ્ઞાનમાર્ગીય** અથવા **મર્યાદામાર્ગીય સર્વાત્મભાવમાં** તફાવત છે. મર્યાદામાર્ગીય

સર્વાત્મભાવમાં કેવલ આત્માથી અને તે પણ ‘‘**બ્રહ્માનંદ**’’ની જ અનુભૂતિ થતી હોય છે, જ્યારે પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવમાં બધી ઈન્દ્રિયો, અંત:કરણ તથા આત્માથી પણ ‘‘**ભજનાનંદ**’’ની અનુભૂતિ થાય છે. તેથી તે શ્રેષ્ઠ ગણાય છે.’

‘શું સર્વાત્મભાવ ભક્તના ભાવાનુસાર અનુભવાય છે ?’

‘હા, અલગ અલગ ભક્તોનો ભગવાનમાં ભિન્ન ભિન્ન ભાવ હોય છે. કોઈકનો **દાસ્ય** કે **સખ્ય** અથવા **વાત્સલ્ય** ભાવ હોય છે. કોઈકનો **માધુર્ય** ભાવ પણ હોઈ શકે છે. ભક્તો જેવા ભાવથી ભગવાનમાં આસક્ત હોય તેવા પ્રકારના ‘‘**સર્વાત્મભાવ**’’ની અનુભૂતિ તે ભક્તને થતી હોય છે.’

૩૬. ‘‘નિરોધ’’

‘‘નિરોધ’’ શબ્દનું તાત્પર્ય શું છે ?’

‘‘નિરોધ’’નો અર્થ થાય- ‘‘**સંપૂર્ણપણે રૂકાવટ**’’. જ્યારે ભક્ત જડ-જીવાત્મક જગતને ભૂલી જઈ પૂર્ણપણે ભગવાનમાં તન્મય થઈ જાય, ત્યારે ભક્તનો ભગવાનમાં ‘‘**નિરોધ**’’ થયો તેમ કહેવાય. માટે નિરોધની વ્યાખ્યા છે- ‘‘**પ્રપંચ (જગત)ની વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ**’’.

‘યોગમાર્ગમાં પણ નિરોધ બતાવવામાં આવ્યો છે !’

‘હા, પરંતુ તેમાં કેવલ ચિત્તવૃત્તિના નિરોધની વાત કહેવામાં આવી છે. પુષ્ટિમાર્ગમાં તો **દેહ**, **ઈન્દ્રિય**, **પ્રાણ**, **મન**, **બુદ્ધિ**, **ચિત્ત**, **અહંકાર**, અને **આત્મા સહિત સર્વ આત્મિય વસ્તુઓ**ને પ્રભુમાં જોડવાની વાત છે.’

‘શું ભગવાનનો પણ ભક્તમાં નિરોધ થઈ શકે છે ?’

‘હા, ગીતાજીમાં ભગવાન કહે છે કે **“જે ભક્તો મને અનન્ય ભાવથી ભજે છે, તેઓ મારામાં છે અને હું તેઓમાં છું.”** અર્થાત્ ભગવાન પણ ભક્તમાં નિરુદ્ધ થાય છે.’

‘ભગવાનમાં નિરોધ કેવી રીતે થઈ શકે ?’

‘ભાગવતજીનો દશમ સ્કંધને **“નિરોધ લીલા”** કહી છે. તેમાં વર્ણવેલી ભગવાનની વિભિન્ન લીલાઓનો આશય વ્રજભક્તોનો નિરોધ કરવાનો હતો. **અવતારકાલ**માં ભગવાન પોતાના પ્રકટ સ્વરૂપથી પોતાની લીલાઓ દ્વારા ભક્તને પોતાનામાં આસક્ત બનાવી દેતા હોય છે. અનવતારકાલમાં સ્વગૃહમાં બિરાજતા સેવ્યસ્વરૂપની વ્રજભક્તોના ભાવથી ભગવદ્ લીલાના અનુસંધાન પૂર્વક ભગવદ્ સેવા, નિરોધનું કારણ બની શકે છે.’

‘“નિરોધ”નું પ્રયોજન શું છે ?’

‘શ્રી વલ્લભાચાર્યજીએ **“સેવાફલ”** ગ્રંથમાં જે વિભિન્ન ફલની પ્રાપ્તિ બતાવી છે, તે જ નિરોધનું પ્રયોજન માનવામાં આવે છે.’

‘ભક્ત પર નિરોધની શું અસર થાય છે ?’

“ભગવદ્-વ્યસન” એ જ ભક્ત પર થતી નિરોધની અસર છે. જે ભક્ત ભગવાનમાં નિરૂદ્ધ થઈ જાય છે એટલે કે પ્રપંચને ભૂલી જઈને બગવદાસક્ત થઈ જાય છે, તેને ભગવાનના સંયોગ અને વિયોગની અનુભૂતિ તીવ્રતાથી થવા લાગે છે.’

૩૭. “પુષ્ટિ ફલ”

‘પુષ્ટિજીવની કામના શું હોય ?’

“ભગવાનેવ ફલમ્”, શ્રી વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે.’

‘તેનું શું તાત્પર્ય.’

‘પુષ્ટિ ભક્તને ભગવાન સિવાય અન્ય કોઈ પણ વસ્તુની કામના હોઈ શકતી નથી. તે માત્ર ભગવાનને મેળવવા ઈચ્છતો હોય છે.’

‘અર્થાત્ શું પુષ્ટિમાર્ગમાં ભગવાન સ્વયં જ “**ફલ**” છે?’

‘હા.’

‘તે કામનાની પૂર્તિ કઈ રીતે થાય?’

‘ભક્તોની મનોકામના પૂર્ણ કરવા ભગવાન બે પ્રકારે પ્રકટ થતાં હોય છે- ૧. **સ્વરૂપથી**, જેને “**બાહ્ય સંયોગ**” કહે છે, અને ૨. **ગુણથી**, જેને “**આંતર સંયોગ**” કહેવાય છે.’

‘જરા વિસ્તારથી સમજાવો.’

‘જ્યારે **દર્શન, સંવાદ, સ્પર્શ, ક્રીડા** આદિ થઈ શકે તેવી રીતે ભગવાન ભક્તના વચ્ચે પ્રકટ થાય ત્યારે તેને ભગવાનનું “**સ્વરૂપથી પ્રાકટ્ય**” કહેવાય, અને જ્યારે ભગવાનના ગુણગાન દ્વારા તેઓ ભક્તના હૃદયમાં પધારે ત્યારે ભગવાનનું “**ગુણથી પ્રાકટ્ય**” થયું કહેવાય.’

‘ભગવાનની ભક્તિ કરવાથી ભક્તને આ ફલ કઈ રીતે પ્રાપ્ત થાય છે?’

‘ભક્તિ શબ્દ “**સેવા**”ના અર્થમાં છે, શ્રી વલ્લભાચાર્યજીએ “**સેવાફલ**” ગ્રંથમાં સેવાના ત્રણ ફલોનું નિરૂપણ કર્યું છે. ૧. **અલૌકિક સામર્થ્ય**, ૨. **સાયુજ્ય** અને ૩. **સેવાપયોગી દેહ**.’

“અલૌકિક સામર્થ્ય” એટલે શું?’

‘આ ફલ પુષ્ટિજીવને આ લોકમાં જ પ્રાપ્ત થાય છે અર્થાત્ તેનામાં ભગવાનના કોઈ વિશિષ્ટ ગુણ પ્રકટ થાય છે. આને પુષ્ટિભક્તની “**જીવન્મુક્તિ**” કહી શકાય.’

‘અને “**સાયુજ્ય**” એટલે?’

‘ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં વિલય પામવો તેને “**સાયુજ્ય**”

કહેવાય. આ પુષ્ટિજીવની ‘‘**વિદેહ મુક્તિ**’’ છે, કારણ કે આમાં જીવાત્માનો પરમાત્મામાં વિલય થતાં પૂર્વે તેના દેહ-ઈન્દ્રિયાદિનો પણ વિલય પંચમહાભૂતમાં થઈ જાય છે.’

‘મર્યાદાભક્તિનું એક ફલ પણ ‘‘**સાયુજ્ય**’’ બતાવ્યુ હતું. શું આ તેવું જ ફલ છે ?’

‘ના, તેમાં જીવાત્મા ‘‘**અક્ષરબ્રહ્મ**’’માં લીન થઈ જ્યારે આ સાયુજ્યમાં જીવાત્મા ‘‘**પુરુષોત્તમ**’’માં વિલય પામતો હોવાથી ભગવાન ઈચ્છે ત્યારે પુન: તેને બહાર પ્રકટ કરી પોતાની લીલાનો અનુભવ કરાવે છે.’

‘‘સેવોપયોગી દેહની પ્રાપ્તિ’’થી તાત્પર્ય શું છે ?’

‘પુષ્ટિજીવના દેહાવસાન પછી તેને ભગવાનના વૈકુંઠ આદિ દિવ્ય લોકોમાં પ્રભુસેવા કરવા યોગ્ય નૂતન શરીરની પ્રાપ્તિ થાય છે, તે આ સેવાનું ત્રીજું ફલ છે.’

૩૮. ‘‘અનન્યતા-અન્યાશ્રય’’

‘પુષ્ટિમાર્ગમાં ‘‘**અનન્યતા**’’નું મહત્ત્વ શાથી છે ?’

‘બ્રહ્મસંબંધ કરતી વખતે આપણે ભગવાન શ્રીકૃષ્ણને બે વચન આપીએ છીએ- ‘‘**હું તમારો દાસ છું**’’ અને ‘‘**હું તમારો છું**’’. પ્રથમ વચનથી આપણે શ્રીકૃષ્ણની ‘‘**શરણાગતિ**’’ સ્વીકારીએ છીએ અને બીજા વચનથી તેમને **સમર્પિત** હોવાની કબુલાત કરીએ છીએ. તે બન્ને પ્રક્રિયા કોઈ એક પ્રત્યે જ નિષ્ઠાપૂર્વક હોવી જરૂરી છે.’

‘અર્થાત્ કેવલ શ્રીકૃષ્ણ પ્રત્યે જ આપણી નિષ્ઠા હોવી જોઈએ !’

‘હા, શ્રી વલ્લભાચાર્યજી માત્ર શ્રીકૃષ્ણમાં જ ‘‘**અનન્ય ભાવ**’’ રાખવાની આજ્ઞા કરે છે.’

''અનન્ય ભાવ''થી શું તાત્પર્ય છે ?'

'આપણા અંત:કરણમાં ધારણ કરેલી રૂચિને ''**ભાવ**'' કહેવાય. જો એવો ભાવ માત્ર ભગવાન શ્રીકૃષ્ણમાં જ હોય તેને ''**અનન્ય ભાવ**'' કહેવાય. તેવો ભાવ અન્ય દેવતાઓ પ્રત્યે કે કોઈ લૌકિક વસ્તુ કે વિષય પ્રત્યે ન હોવો જોઈએ, અને કૃષ્ણ સિવાય અન્ય કશાની કામના ન હોવી જોઈએ.'

'શું શાસ્ત્રમાં આનું પ્રમાણ છે ?'

'હા, ગીતામાં ભગવાન સ્વયં કહે છે- ''**જેઓ અનન્યભાવે મારૂં ચિંતન કરતાં મારી ઉપાસના કરે છે, તેના યોગ-ક્ષેમનો ભાર હું વહન કરૂં છું.**'' ગીતાના અંતમાં પણ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે- ''**મામેકં શરણં વ્રજ**'', અર્થાત્ એક માત્ર તેમની જ શરણાગતિ સ્વીકારવાની આજ્ઞા કરી છે.'

'એટલે કે ભક્તિની દૃઢતા માટે અનન્યતા આવશ્યક છે !'

'તેથી જ પુષ્ટિમાર્ગમાં ''**અન્યાશ્રય**''ને બાધક માનવામાં આવ્યો છે.'

''અન્યાશ્રય'' કોને કહેવાય ?'

'ભગવાન શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવની ઉપાસના કરવી, સ્વયં ચાલીને તેમના દર્શને જવું, તેમનો પ્રસાદ ગ્રહણ કરવો, કે તેમનો આશ્રય કરવો, તેને ''**અન્યાશ્રય**'' કહેવાય. લોકમાં પણ કોઈના દ્વારા લાભ થયો તેમ માનવું એ અન્યાશ્રય કહેવાય.'

'વૈદિક કાર્યોમાં તો વિભિન્ન દેવોનું પૂજન ક્રિયા આદિ કરવામાં આવે છે ! તો શું તે અન્યાશ્રય કહેવાય ?'

'ના, જો તે શાસ્ત્રના વિધાન મુજબ ''**નૈમિત્તિક કર્મ**'' કરવા માટે માત્ર ઔપચારિક ક્રિયા રૂપે કરવામાં આવે તો તેને અન્યાશ્રય કહેવાય નહીં. અન્યાશ્રયનો અર્થ અનાદર નથી. શુભ પ્રસંગે કોઈ દેવતાનું આહ્‌વાન કરી, તેમનું યથોચિત સન્માન કરવું, તે અન્યાશ્રય નથી.'

'અર્થાત્ જે તે દેવનું ફલ-પ્રાપ્તિની અપેક્ષાથી પૂજનાદિ કરવામાં આવે કે તેમનો આશ્રય કરવામાં આવે તો તે પુષ્ટિમાર્ગમાં બાધક ગણાય.'

'બરાબર સમજ્યા.'

૩૯. ''પુષ્ટિ - સત્સંગ''

''સત્સંગ''નું શું મહત્ત્વ છે?'

'સત્સંગ મનુષ્યને **દુ :સંગ**થી બચાવે છે.'

''દુ :સંગ'' કોને કહેવાય?'

''દુ :સંગ એટલે દુષ્ટ લોકોનો અથવા દૂષિત વાતાવરણનો સંગ.'' આપણું મન ક્યારેય વિચારોથી મુક્ત હોતું નથી. દુ :સંગના કારણે આપણા મનમાં કામ, ક્રોધ, લોભ, મોહ આદિ અનેક વિકારો ઉત્પન્ન થાય છે. તેથી તેવા સંગનો ત્યાગ કરવાની સલાહ આપવામાં આવી છે.'

'દુ :સંગનો ત્યાગ કેવી રીતે થઈ શકે?'

'શ્રી વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કે કોઈનાએ **''સંગ''**નો ત્યાગ કરવો જોઈએ. જો સંગ છોડી જ ન શકાય અને તેના વિના ન ચાલે તો માત્ર **સત્પુરુષ**નો - **ભગવદિય**નો સંગ કરવો જોઈએ.'

'દુ :સંગની વિપરીત અસરથી કેવી રીતે બચી શકાય?'

'શ્રી હરિરાયજીએ શિક્ષાપત્રમાં સમજાવ્યું છે કે જેમ અગ્નિ ઉપર જલ પડે તો તે ઓલવાઈ જાય છે, તેમ દુ :સંગના કારણે આપણો ભગવદ્ ભાવ નષ્ટ પામી શકે છે. પરંતુ જો અગ્નિ ઉપર પાત્ર રાખવામાં આવેલું હોય તો જળ અગ્નિને બુઝાવી શકતું નથી, તેમ સત્સંગરૂપી આચ્છાદાનથી આપણા ભગવદ્ ભાવને દુ :સંગથી હાની થશે નહીં.'

'કોનો સત્સંગ કરવો જોઈએ?'

'શ્રી મહાપ્રભુજીએ પોતાના જલભેદ ગ્રંથમાં વક્તાના વિવિધ પ્રકારના વક્તાના લક્ષણો બતાવ્યા છે. તદનુસાર વિવેક રાખીને સાચા ભગવદીયનો સંગ કરવો જોઈએ.'

'એવા ભગવદીય ન મળે તો કોનો સંગ કરવો જોઈએ?'

'એવી સ્થિતિમાં શ્રી મહાપ્રભુજી તથા પૂર્વાચાર્યોના ગ્રંથોનો સંગ કરવો જોઈએ, અર્થાત્ મનનપૂર્વક વાંચવા જોઈએ. કારણ કે તે તેમનું **વાંગ્મય સ્વરૂપ** છે. તેથી તેમની વાણી દ્વારા આપણને બોધ થાય છે. તદ્દુપરાંત ૮૪-૨૫૨ ભગવદિયોની વાર્તાનું અવગાહન કરવાથી શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોની જીવનમાં ઉપયોગિતા સમજાય છે. ભગવાનને કરેલા સમર્પણનું સ્મરણ રહે તે માટે **તાદશીજનો** સાથે **''નિવેદન (બ્રહ્મસંબંધ) મંત્ર''**નું સ્મરણ કરવાની આજ્ઞા આચાર્યશ્રીએ કરી છે.'

'આથી સમજાય છે કે પુષ્ટિમાર્ગમાં **''સત્સંગ''** એક અનિવાર્ય અંગ છે.'

'બિલકુલ. ''સત્સંગ'' એ આત્માનું પોષણ કરે છે. પરંતુ સત્સંગનું તાત્પર્ય માત્ર કોઈ વક્તા દ્વારા શ્રવણ કરવું જ નથી, પણ તેમાં **''ભગવદ્-ચર્ચા''**નો આશય છે, કારણ જીજ્ઞાસાપૂર્વક ચર્ચા કરવાથી જ સિદ્ધાંતો આત્મસાત થઈ શકે છે, અને તેના દ્વારા જ આપણો ભાવ સુદૃઢ થઈ શકે છે.'

'બરાબર સમજાયું.'

૪૦. ''પુષ્ટિ જીવન''

'પુષ્ટિમાર્ગની વિશેષતા શું છે?'

''પુષ્ટિમાર્ગ''ને કોઈ માર્ગ, સંપ્રદાય અથવા ધર્મ ન કહેતાં એક

વિશિષ્ટ પ્રકારની ‘‘જીવન-શૈલી’’ કહેવું યથાર્થ ગણાય.

‘તેનું શું કારણ?’

‘કારણ કે જે પ્રકારની જીવન શૈલી ગોપીજનોએ અપનાવીને પુષ્ટિમાર્ગનું પરમ ફલ **‘‘શ્રીકૃષ્ણ’’**ની પ્રાપ્તિ કરી હતી, તે પ્રકારે સંપૂર્ણ **શરણાગતિ** અને **સમર્પિત** જીવન જીવતાં ભગવદ્-કૃપા દ્વારા ભગવાનને પ્રાપ્ત કરવાનો આ માર્ગ છે.’

‘કયા પ્રકારની જીવન શૈલી ગોપીજનોએ અપનાવી હતી?’

‘ગોપીજનોની પ્રત્યેક દૈનિક ક્રિયા માત્ર કૃષ્ણ પરત્વે હતી. તેમના હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે નિષ્કામ પ્રેમ હતો. સંયોગમાં તેઓ પ્રભુને સુખ થાય તેવી પ્રવૃત્તિ કરતાં હતાં, અને વિપ્રયોગ સમયે તેમના ગુણગાન ગાતાં. તેઓ એક ક્ષણ પણ કૃષ્ણને ભૂલી શકતા નહીં.

‘તો શું એમ કહી શકાય કે પુષ્ટિમાર્ગની **‘‘આચાર પ્રણાલી’’** ગોપીજનોએ ઘડેલી છે?’

‘હા, તેથી જ શ્રી વલ્લભાચાર્યજીએ ગોપીજનોને **‘‘પુષ્ટિમાર્ગના ગુરુ’’** કહ્યા છે.’

‘શું છે તે આચાર પ્રણાલી?’

‘ભક્તકવિએ ગાયું છે- **‘‘સેવા રીત પ્રીત વ્રજજનકી’’** અર્થાત્ જેવો નિષ્કામ સ્નેહ ગોપીજનોનો શ્રીકૃષ્ણમાં હતો, તેવો નિશ્છલ પ્રેમ આપણા સેવ્ય સ્વરૂપમાં રાખી તેને સુખ થાય તેમ સર્વભાવપૂર્વક તેમની ભક્ત્યાત્મિકા સેવા કરવી, તેમાં જ જીવનની કૃતાર્થતા માનવી જોઈએ.’

‘પુષ્ટિ-જીવનના મુખ્ય પહેલુ કયા છે?’

‘પુષ્ટિપ્રભુની **‘‘સંપૂર્ણ શરણાગતિ’’** પુષ્ટિમાર્ગનું વિશિષ્ટ પાસું છે. તેનો ઉપદેશ શ્રી વલ્લભાચાર્યજીએ **‘‘વિવેકધૈર્યાશ્રય’’** ગ્રંથમાં આપ્યો છે. **પ્રભુ સર્વ કાંઈ પોતાની ઈચ્છાથી** જ કરે છે તેમ સમજવું તે **‘‘વિવેક’’** કહેવાય. તેથી જે પરિસ્થિતિમાં પ્રભુ આપણને રાખે તેમાં

પ્રભુની ઈચ્છા માની મનમાં ક્લેશ ઉત્પન્ન ન કરતાં, **ત્રિવિધ દુ:ખોને સહન કરવા જોઈએ**, તેને જ ભગવદ્ શરણાગતિ કહેવાય.'

'અને **''સમર્પણ''**થી શું તાત્પર્ય છે ?'

'આપણે બ્રહ્મસંબંધ કરતી વખતે આપણું દેહાદિ સર્વસ્વનું પ્રભુને **સમર્પણ** કર્યાનું **નિવેદન** કરીએ છીએ. તેથી આપણી પ્રત્યેક વસ્તુનો પ્રભુને પ્રત્યક્ષ **વિનીયોગ** કરવો આવશ્યક ગણાય. આપણા જીવનની પ્રત્યેક પ્રવૃત્તિના કેન્દ્રસ્થાને **''કૃષ્ણ''** હોવા જરૂરી છે. આપણા જીવનોપયોગી દરેક વસ્તુ/બાબતો પ્રથમ પ્રભુના પ્રત્યક્ષ/પરોક્ષ રીતે ભગવદ્ કાર્ય માટે ઉપયોગમાં લઈએ ત્યારે આપણું **''સમર્પિત જીવન''** કહેવાય.'

'પુષ્ટિ-જીવનના મહત્ત્વપૂર્ણ અંગ કયા છે ?'

'તેના આવશ્યક અંગો છે- ૧. **''અન્યાશ્રય ત્યાગ''** અર્થાત્ શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ દેવ કે મનુષ્યનો આશ્રય ક્યારેય ન કરવો; ૨. **''અસમર્પિત ત્યાગ''** એટલે પ્રભુને અંગિકાર કર્યા વિના કોઈ પણ પદાર્થનો ઉપભોગ ન કરવો; ૩. **''અસદાલાપ ત્યાગ''** - અર્થાત્ અનાવશ્યક વાર્તાલાપ નહીં કરવો. અને ૪. **''દુ:સંગનો ત્યાગ''**- એટલે દુષ્ટ લોકોના સંગથી અથવા દૂષિત વાણીથી અલિપ્ત રહેવું. આ ચાર બાબતો મનુષ્યને બહિર્મુખ બનાવે છે, જે પુષ્ટિજીવનમાં બાધક છે. તેથી તેનો ત્યાગ કરવો જરૂરી છે.'

'આથી શ્રીમદાચાર્યચરણના સિદ્ધાંતો/આજ્ઞાઓનું નિષ્ઠાપૂર્વક અનુસરણ કરી જીવન વ્યતિત કરવાથી પુષ્ટિફલરૂપ **''શ્રીકૃષ્ણ''**ની પ્રાપ્તિ જીવન દરમ્યાન જ થઈ શકે છે અને આપણું જીવન સાર્થક બને છે.'

◆

લેખક પરિચય

* **વ્યવસાય :** એન્જિનિયર-આર્કિટેક્ટ
* **એમ.એ. :** ફીલોસોફી
* **એડ. ડીપ્લોમા :** વલ્લભ વેદાંત
* **પી.એચ.ડી.-૧ :** ઈન્ટ.યુનિ.-પુષ્ટિમાર્ગ-તત્ત્વજ્ઞાન અને સાધના પ્રણાલી
* **પી.એચ.ડી.-૨ :** શ્રી વલ્લભાચાર્યજી અને મહર્ષિ અરવિંદના તાત્ત્વિક વિચારોની સમાલોચના
* પુષ્ટિમાર્ગ અને શુદ્ધાદ્વૈત વેદાંત પર અનેક પુસ્તકોનું આલેખન

પ્રકાશન હેતુ

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ શ્રી વલ્લભાચાર્યજીની તત્ત્વદર્શિય વિચારધારા છે, જે તેમણે વેદ, ગીતા, બ્રહ્મ સૂત્રો અને ભાગવતના પ્રમાણોની એક વાક્યતાના આધારે પ્રતિપાદિત કરી છે. તંદતર્ગત તેમણે પુષ્ટિ ભક્તિમાર્ગ અથવા પુષ્ટિમાર્ગના નામે ભગવદ્ પ્રાપ્તિ માટે સાધના પ્રણાલિ પ્રવર્તિત કરી છે. તેમના તદ્વિષયક સિદ્ધાંતો તેમના ષોડશગ્રંથ, તત્ત્વાર્થ દીપ નિબંધ આદિ ગ્રંથોમાં આલેખિત છે. પુષ્ટિમાર્ગને અનુસરવા માટે આ ગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે.

પુષ્ટિ સ્વાદ્યાયની આ પુસ્તિકામાં સરળ ભાષામાં સંવાદ રૂપે શુદ્ધાદ્વૈત વેદાંત તેમજ પુષ્ટિમાર્ગનું જ્ઞાન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. જેના દ્વારા જિજ્ઞાસુ સુગમતાથી તેના મુખ્ય મુદ્દાઓને સમજવા પ્રયત્ન કરી શકે છે. આ મુળભૂત મુદ્દાઓને સમજવાથી પુષ્ટિમાર્ગના અન્ય ગ્રંથો સમજવામાં સરળતા રહે તે આ આલેખન-પ્રકાશનનો હેતુ છે.

-ડૉ. જયેન્દ્ર સોની

Khushi Multi Prints : 09227504555